# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર


**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦


---

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ૫૪ પુસ્તકોના સેટ નં.-૧ ની ડી.વી.ડી. **(DVD)** બનાવી તેની યાદી ----- ઈ. સ. ૨૦૦૯ (સં. ૨૦૬૫)

*આ પુસ્તકો www.jainelibrary.org / www.jainelibrary.com વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्त्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |

| | | | |
|---|---|---|---|
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय३ (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર – ૧૬

## વાસ્તુશાસ્ત્ર ગ્રંથ

# વાસ્તુસાર

**: દ્રવ્ય સહાયક :**

અધ્યાત્મયોગી આચાર્ય મહારાજા શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ને જ્ઞાનનો એટલો રસ, વિહાર ગમે તેટલો કરીને આવ્યા હોય છતાં મહાત્માઓને વાચના આપે જ, તેઓશ્રીના હાથમાં પુસ્તક હોય જ, ક્યારે પણ પુસ્તક વીના બેઠેલા જોયા નથી... જેઓશ્રીએ જ્ઞાન માટે અથાગ મહેનત કરી હતી એવા અધ્યાત્મયોગી પ.પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક ગચ્છનાયક પ.પૂ. કલાપ્રભસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તીની સરલ સ્વભાવી પ.પૂ. ન્યાયશ્રીજીના શિષ્યા માતૃહૃદયા પ.પૂ. વિદ્યુતપ્રભાશ્રીજીના શિષ્યા વિક્રમઇન્દ્રાશ્રીજીના શિષ્યા શ્રીઈન્દ્રયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવબાગ કોલોનીના બહેનોની જ્ઞાનખાતાની ઉપજમાંથી

**: સંયોજક :**

**શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા**

**શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર**

**શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન**

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

**સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯**

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

॥ श्रीविश्वकर्मणे नमः ॥

સૂત્રધાર મંડન વિરચિત

# वास्तुसार

સટીક

# VASTUSAR

By :

**SUTRADHAR-MANDAN**

સંપાદક :

પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા

શિલ્પવિશારદ

Edited By :

**Padmashri Prabhashanker O. Sompura**

**Arehitect Shilpvisharad.**

પ્રકાશક :

શ્રી બલવંતરાય પ્ર. સોમપુરા અને બંધુઓ

૩ પથીક સોસાયટી, અમદાવાદ-૧૩.

પ્રથમાવૃત્તિ પ્રત. ૭૦૦ સને ૧૯૭૬

વિ. સં. ૨૦૩૨

"Aho Shrutgyanam"

# શિલ્પસ્થાપત્યના ગ્રંથપ્રાપ્તિસ્થાન

Shilpa Book Will be, Available At
Padmashry PRABHASHANKER O. SOMPURA
ARCHITECT SHILP-VISHARD
3 Pathik Society. Behind S. P. Colony
AHMEDAAAD-13.

૧. બળવંતરાય પી. સોમપુરા
   ૩ પથીક સોસાયટી, અમદાવાદ-૧૩.

૨. એન. એમ. ત્રિપાઠી
   બુકસેલર
   પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

(1) B. P. Sompura
3, Pathik Society, AHMEDABAD-

(2) N. M. TRIPATHI & CO.
Princes Stret. BOMBAY-2.

મૂલ્ય : રૂ. 50 - - પોસ્ટેજ અલગ
P[illegible] -5


મુદ્રક :
શ્રી મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા, અમદાવાદ.


"Aho Shrutgyanam"

# સૂત્રધાર મંડન વિરચિત "વાસ્તુસાર"

## પ્રસ્તાવના

જગતમાં જીવ પ્રાણી માત્રને આશ્રયની જરૂર રહે છે, પ્રાગૈતિહ કાળમાં મનુષ્યો ગુફા કે વિશાળ વૃક્ષોના આશ્રય લેતા. પછી મનુષ્યો ઘાસ અને કાષ્ટની કુટિર કરીને રહેવા લાગ્યા, પક્ષીઓ વૃક્ષ પર માળા બાંધી આશ્રય મેળવતા. સમય જતાં કુટુંબ પરિવાર વિસ્તાર થતા ગ્રામ વસાવી સમુહમાં રહેવા લાગ્યા.

પુરાણો અને વાસ્તુશાસ્ત્રના ગ્રંથોમાં જણાવેલ છે કે બ્રહ્માએ વિશ્વની ઉત્પત્તિ કરી પૃથ્વીનું રાજ્ય રાજા પૃથુને સોંપી પ્રજાના વસવાટ માટે ગ્રામ નગરો વિશ્વકર્મા દ્વારા વસાવા કહ્યું ઉંચાનીચા પહાડોનો વિચ્છેદ કરી ભૂમિ સમતલ કરવા માંડી. આથી પૃથ્વી ધા નાખતી બ્રહ્મા પાસે ગઈ કે મારા અંગોનું વિચ્છેદ થઇ રહ્યું છે. પીડા કરી રહ્યા છે માટે રક્ષણ માગ્યું. રાજાપૃથુ અને વિશ્વકર્માની સાનિધ્યમાં પૃથ્વીને સમજાવી કે, લોકોના હીતમાં જે કરી રહ્યા છે તે યોગ્ય છે એમ કરી પૃથ્વીને સાંત્વન આપ્યું.

સમયાનુસાર વાસ્તુશાસ્ત્રમાં વિકાસ થતો રહ્યો અને વાસ્તુશાસ્ત્રોના ગ્રંથોની રચનાઓ જુદા જુદા કાળે ઋષિ મુનીઓએ કરી તેમાં સામાન્ય લોકો ગૃહો રાજગૃહો દેવ મંદિરો જળાશય સરોવર કુંડ વાવો નગરો કીલ્લા ઉદ્યાનની રચના આદિના બાંધકામોના નીયમો નક્કી થતા ગયા જો કે કાળક્રમ પ્રમાણે તે ગ્રંથોમાં તેની રચના ઘાટ વગેરેના પરિવર્તનો થતા રહ્યા. પ્રાચિન ઋષિમુનીઓના ગ્રંથો ઉપલબ્ધ થતા નથી પરંતુ પાછલા કાળમાં ઈ. સ. પછીના વિદ્વાનોના ગ્રંથોમાં તેના અવતરણો ઉલ્લેખ નોંધો મળે છે

દશામી સમાબ્દી પછીના ગ્રંથોની રચનાઓ જે થઈ તે વર્તમાનમાં પ્રવર્ત્તતી શિલ્પ સ્થાપત્યની શૈલીને અનુરૂપ તેના માન પ્રમાણ ઘાટ રચના થઈ રહ્યાં જો કે ભારતના પ્રાદેશિક પ્રાસાદાદિ શૈલીઓ ઓછાવત્તા અંગોમાં ભિન્નતા છે. ઉત્તર ભારત કરતા દ્રવિડ અને દ્રવિડ પથ પ્રદેશમાં ભિન્નતા વિશેષ જોવામાં આવે છે પ્રત્યેક શૈલીના શાસ્ત્રોક્ત ગ્રંથો છે.

સમયનો પ્રવાહ હંમેશા બદલાતો રહ્યો છે. વાસ્તુશાસ્ત્રના પ્રાચીન શૈલીના ગૃહો એક શાલ. દ્વિ. ત્રિ. ચતુઃ શાલ ગૃહો ક્રમે ક્રમે વૃદ્ધિ પામતા ગયા તેની રચના ચોકસ સ્વરૂપમાં આપેલ છે પરંતુ વર્તમાનના સમાજ પોતના અનુકુળ સ્વરૂપ (પ્લાનો) ભવનોના નિર્માણ કરી રહ્યા છે પરંતુ ભવનમાં બે વસ્તુઓ પૂર્ણ ખ્યાલ રાખવો જોઇએ કે ૧ આપણા ઋષિમુનીઓએ કહેલા વેધદોષ રહીત રચના કરવી ૨ બીજુ આપણા દેશની હવાને અનુકુળ અને ભારતીય શૈલીના મુખ દર્શન યુક્ત ભવનની રચના હોવાં જોઈએ

વર્તમાનમાં ચાલીશેક વર્ષથી મોર્ડન સ્ટાઈલના નામે ભવનોમાં મુખ દર્શનની બેઢુલી એટલી આવી ગઇ છે કે કળાવાનોને ઘૃણા ઉપજે તેવાં વિકૃત થઈ રહી છે ભવ-

"Aho Shrutgyanam"

નનો છજાં, જાળીયા, જરૂખા, સ્તંભો, મદળો (બ્રેકેટો), આદિથી સુંદર સુશોભિત કરવું જોઇએ. પરદેશોનુ અનુકરણુ કરી આપણી ભારતીય કળાનો ધ્વંસ રહ્યો છે આ પ્રવાહ કયારે અટકશે ?

સમયના પ્રવાહ પ્રમાણે ભવનની અંદરની સુખ સગવડો જરૂર કરવી જોઇએ પરંતુ બાહ્ય મુખ દર્શનની વિકૃતિ કળાવાનોને આંખના કણાની જેમ ખુંચે જગતના વિકાસ સાથે આપણે ચાલવું જોઇએ યોગ્ય રીતે વિકાસ જરૂર સ્વિકારાય પરંતુ દેશની કળાની વિકૃતિ તો ન જ થવી જોઇએ.

આમ સ્થાપત્યની જેમ શિલ્પ અને ચિત્રોમાં પણ એવીજ વિકૃતિ પેઠી છે

પ્રાચિન કાળમાં થયેલા અદ્ભુત અમુલ્ય સ્થાપત્યો પર સ્થપતિઓના નામોથી અનભિજ્ઞ છે જો કે મધ્ય કાળમાં કયાંક શિલ્પીઓના નામોનો ઉલ્લેખ જોવામાં આવે છે મધ્યકાળની કોઇક મૂર્તિઓ પર શિલ્પીઓના નામો ઉત્કર્ણ થયેલા છે ગુજરાતની પ્રાચિન રાજધારી રાજસ્થાન તરફ વચ્ચે પુરાતન ભિન્નમાળમાં વિ. સં. ૭૪૧ અને ૬૮૬ માં ભિન્નમાળના ઉત્કૃષ્ઠ શિલ્પકાર કલા વિશારદ સૂત્રધાર ગૃહ–રું ના પુત્રો સૂર્યવર્મા અને ગૃહવર્મા કુશલ રૂપ કર્મ નિપુણ હતા. वास्तुविद्यापारंगतै ताम्र्पाति पतिभिः सूत्रविद्घृस्वतेरेवेधकारित

બીજો એક લેખ વિ. સં. ૭૪૪ સને ૬૮૨ની બે ધાતુ મૂર્તિ પરના લેખમા શિવ નાગ નામના શિલ્પિને સાક્ષાત બ્રહ્મા કહેલ છે. રાજસ્થાન પીંડવાડા પાસે બે ધાતુ મૂર્તિ પર

साक्षात पितामहे ने य विश्वरूप विद्यांत्यिना शिल्पिना शिवनागेन कृतमेव ज्जिनद्वयम्

આ શિલ્પીઓ એ એક પ્રાસાદ નિર્માણ કર્યાનો લેખ મળે છે. ચૌદમી સદી પછીના શિલ્પીઓના નામો ટુંકા ફક્ત બે અક્ષરોના વિશેષ મળે છે.

અહી મેવાડના શિલ્પીઓનો ચૌદમીથી સત્તરમી સદી સુધીના કાળમાં થયેલા શિલ્પી. ઓનો ઉલ્લેખ આપેલ છે

આ ગ્રંથના કર્તા સૂત્રધાર મંડનનું કુંટુબ મૂળ ગુજરાત અણહીલપુર પાટણના ભાર દ્વાજ ગૌત્રના સોમપુરાને મેવાડના કુંભા રાણાએ સોલંકી કાળના અદ્ભુત સ્થાપત્યોથી આકર્ષાઈ ને સૂ. મંડનના પીતા ખેતાના કુટુંબને મેવાડ નિમંત્રી ગયેલા અને ત્યાં તેઓની પાસે ઘણા મંદિરો મહેલો કીલ્લા કીર્તિસ્તંભ આદિના નિર્માણ કરાવેલ

સૂ. મંડનના ભારદ્વાજ ગોત્રના સોમપુરા હતા તેઓનું કુટુંબનો મેવાડમાં લાંબા કાળના વસવાટ દરમીયાન ત્યાંની અન્ય શિલ્પી જ્ઞાતિ સાથે ભળી ગયા

સૂ. મંડન કુશળ સ્થપતિ અને સંસ્કૃતનો પંડિત હતો. જુના કાળના શિલ્પના અસ્તવ્યસ્થ ગ્રંથોનું સંકલન કર્યું. અને તેણે પોતે નવા ગ્રંથોની રચન કરી. પ્રસાદમંડન રૂપમંડન વાસ્તુમંડન રાજવલ્લભ–વાસ્તુસારની રચના કરી. દેવતામૂર્તિ પ્રકરણ ગ્રંથ જુના

"Aho Shrutgyanam"

કાળનો વિશ્વકર્માના જ્યેષ્ઠ પુત્ર શિલ્પી જયે રચેલો હોય તેમ લાગે છે પરંતુ તેનું સંશોધન કરીને તે ગ્રંથ પોતાના નામ પર ચડાવી દીધો હોય તેમ જણાય છે.

સૂ. મંડનના લઘુ બંધુ નાથજીએ પણ વિદ્વાન હતો તેણે વાસ્તુમંજરી નામે ગ્રંથ ત્રણ સ્તબક (અધ્યાયો) નો લખેલો મંડનના બે પુત્રો ગોવિંદ અને ઇશ્વર હતા. ઈશ્વરના પુત્ર છીત છીતા વિ. સં. ૧૫૫૫ માં હતો

સૂ. મંડનના પુત્ર ગોવિંદે કલાનીધિ, ઉદ્ધારધોરણી. દ્વારદીપીકા અને રેખાર્ણવ નામે ચાર ગ્રંથો વિ સં ૧૬૮૧ માં રચેલા ગોવિંદે. કુભા રાણાના પુત્ર રાણા રાયમલના રાજ્ય કાળમાં કલાનિધિ વિ સં ૧૬૮૧ માં પુરો કરેલો સૂ. નાથજીએ વાસ્તુ મંજરી ગ્રથ પણ રાણા રાયમલજીના સમયમાં રચેલો

મહારાણા કુંભાના પિતા મોકલજીના સમયમાં સૂ. મંડનને કુટુબને મેવાડમાં નીમંત્રેલ. મોકલજી, સં ૧૪૭૮ થી ૧૪૮૫ની એક લીંગજીની પાસેની પ્રશસ્તિના લેખમાં સૂત્રધાર હાદા. સૂત. કરણઃ સૂત. વિજલ. સૂતમના. વીરામનાના પુત્રો વીશ અને વિસલ. ઉપરોક્ત પ્રશસ્તિમાં કરણને શિલ્પ વિશારદ અને સૂત્રધારનો ગુરૂ જણાવેલ છે. તેમ સાહિત્યવેતા પણ કહેલ છે

મોકલજીના વિ સં ૧૪૮૫ની ચીતોડની પ્રશસ્તિના લેખમાં સૂત્રધાર બીજલ, સૂત. મના, સૂત. વીસલના નામો આપેલા છે બીજલને સકલ ગુણવાન કહ્યો છે તેમના સમયના વિ સં ૧૪૮૭ ના એક લેખમાં જલ્હ નામે પ્રમુખ શીલ્પિના ઉલ્લેખમાં તેને સૂત્રધારનો પ્રમુખ કહ્યો છે

કુંભારાણાના સમયમાં સૂત્ર૦ મંડને કુભલમેરનો વિશાળ દુર્ગ અને તેમાંના મંદિરો અને એકલીંગજીના દુર્ગની અંદરના મંદિરોના નિર્માણ કરેલા છે

વિ સં ૧૪૮૨ ના એક તામપત્રમાં વર્ણન છે કે મહારાણા મોકલજીના દરબારમાં એવો કુશળ શિલ્પી સૂત્રધાર ન હતા તેથી રાણાના પ્રયત્નથી ગુજરાતમાંથી સૂત્રધાર ખેતા અને તેના પુત્ર પરિવારને નિમંત્રી મેવાડમાં વસાવ્યા કાળાંન્તરે તેમને દાનાદિ વ્યવસ્થા પણ કરી મહારાણા કુંભાએ ચિતોડ પર કીર્તિસ્તંભ વિ. સં. ૧૪૮૮મા બંધાવ્યો તે પરના લેખમાં સૂત્રધાર લક્ષ (લાખા)ના પુત્રો કર્મઠ શિલ્પિ જઇતાએ તેના પુત્ર નાથ–પોમા અને પૂંજાએ કીર્તિસ્તંભ બાંધેલ તે ઉપલા માળે એક આસન પર શિલ્પી જેઇતાની મૂર્તિ બેસારી છે તેના પાસે તેના ત્રણ પુત્રોની આકૃતિ છે વિ. સં. ૧૪૯૫ ના એક લેખમાં સૂત્ર નારદના પીતા લક્ષ. તેજ જઇતાના પીતા લક્ષ (લાખા) હોવો જોઇએ

એકલિંગજી પાસે નાગદાના જૈન શાંન્તીનાથજીની પ્રતિમાની પાટલી પર વિ. સં. ૧૪૯૪ કુંભારાણાના કાળમાં સૂત્ર મદન પુત્ર ધરણા કોતરેલ છે.

"Aho Shrutgyanam"

જોધપુર રાજ્યના ગોલવાડનું રાણકપુર આગળના વખતમાં મેવાર રાજ્ય પુત્રીના દાયજામાં જોધપુરમાં આપેલ રાણકપુરના ... ૭૮ સુશોભિત કરે ... ૧૪૯૬માં. સૂત્રધાર દેપાક સોમપુરાના નેતૃત્વમા બંધાયુ.

વિ. સં. ૧૪૩૦ થી ૭૮–માહારાણા મોલકજીના રાજ્યકાળમાં પીછોલા ત ઝારા એ બંધાવેલ

ઉદયપુરના વિખ્યાત જગદીશ મંદિર વિ સં ૧૭૦૮માં ભંગોરા જ્ઞાતિન ભાણુના બે પુત્રો મુકુટ અને ભૂદરે બાંધેલુ તેના કાર્યથી પ્રસન્ન થઈ મહારાણા પ્રપૌત્ર જગતસિંહે તેઓને દેવદહ નામનુ ગામ આપેલુ ઉપરાત મુકુટને સુવર્ણનો ભુદરને ચાંદીનો ગજ અર્પણ કરેલો

શિલ્પિઓમાં સુવર્ણ ગજની પ્રાપ્તિએ ઘણું માન ગણાય અને તે તેના કુળનું માન છે મહારાણા અમરસિંહજી વિ. સં. ૧૬૫૧ થી ૭૬ના રાજ્ય કાળમાં ઉપરોક્ત ભુધર હયાત હતા

મહારાણા જગતસિંહના કુંવર રાજસિંહ (વિ સં ૧૭૦૯ થી ૩૭)ના સમય રોલીનુ. રાજસમુદ્ર નામનુ વિશાળ સરોવર બંધાવેલ તેના કાંઠા પરના નવ ચોકીના નિ અનેક સોમપુરી શિલ્પીઓ સૂત્રધારોએ કાર્ય કરેલ તેમાં કુશળ સૂત્રધારની શ્રેણીમાં ઃ જ્ઞાતિના "કલ્યાણ" નામે પ્રમુખશિલ્પિ હતો તેમા વંશજોના નામો અને અન્ય સૂત્ર નામો પણ આપેલા છે

**સોમપુરા- કલ્યાણ**

- જગન્નાથ
  - મેઘો
  - મેના
- ઉજરણ
  - લાલા
- રંગનાધ
  - લખા
  - જ

આ કાળમાં સૂત્રધારને બદલે ગજધર ઉપમા અપાતી તેમ તેના શિલાલેખ જણાય છે.

વિ સં ૧૭૩૩ વર્ષે માઘ માસે શુકલપક્ષે ૧૫ તિથૌ રાજસમુદ્ર પ્રતિષ્ઠા સમયે ગજદાર મુકુદ, ગજધર કલ્યાણ : ગજધર સુખદેવ : ગજધર કેશો : સુંદર. ગજધર મોહ આદિ સર્વ સોમપુરા શિલ્પીઓ ઉદયપુર નિવાસી જણાવ્યા છે

રાજ પ્રશસ્તિ મહાકાવ્યમાં સૂત્રધાર વાઘનો ઉલ્લેશ કરેલ છે તે જગદીશ મંદિ પ્રશસ્તિમાં વાઘના પિતાનું નામ મુકુંદ આપેલ છે તે સમયે સૂત્ર, વાઘને ગામ, ગાયો મોટા પ્રમાણમાં રોકડ દ્રવ્ય પણ આપેલ તેનો પ્રશસ્તિમાં ઉલ્લેખ કરેલ છે રાજ સમુ

"Aho Shrutgyanam"

જામાં વિન્ધ્યાચળ ... સોમપરાઓ વસેલા હતા અહી સંગેમરર (આરસ) ની પણ ... હોલ પણ છે ... પર ચડાવા

મહારાણા રાજસિંહના કુંવર જયસિંહે વિ સં ૧૭૩૭ થી ૫૫ ના રાજ્યકાળમાં તળાવ સમુદ્ર નામનુ વિશાળ સરોવર બંધાવેલ

શિલ્પિ-સ્થપતિને સુવર્ણ ગજ યજમાન રાજા અર્પણ કરે તે શિલ્પીનું ઘણું મોટુ માન ના ...નમાં ગણાય અમારા પ્રપિતામહ રામજી ભાને સુવર્ણ ગજ વિ. સં. ૧૮૯૩માં શેઠ મોતિ- ...ા તરફથી અર્પણ થયેલ. સોમનાથના સુપ્રસિદ્ધ સાધાર મહાપ્રાસાદમાં પ્રતિષ્ઠા વિ. સં. ...૦ ભારત સરકાર તરફથી રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીએ મારૂં બહુમાન કરી સુવર્ણ ગજ ...ણ કરેલ શ્રી બીરલાજીએ ઉત્તર પ્રદેશના રેણુકુટના મંદિરની પ્રતિષ્ઠા વિ સં ૨૦૨૮ માં ન ગા તે સમયે શ્રી બળવંતરાયના નામે ચંદ્રકાન્તને સુવર્ણ ગજ શ્રી બીરલાજી તરફથી અર્પણ ... મધ્ય કાળમાં રાજાઓ શિલ્પિઓનું ઘણુ માન સન્માન કરી તેઓને ગામ ગરાગ ...ન તેના વંશ પરંપરાને તામ્રપત્ર અર્પણ કરતા

...માં પંદરમી શતાબ્દીમાં મેવાડમાં શિલ્પી વર્ગની ત્રણ જાતિ હતી તેમા શિલાલેખો ...માંણી જાણી શકાય છે. સોમપુરા ભંગોરા અને ગૌડ શીલ્પીઓમા સોમપુરા શિલ્પી વિશેષ ...સોમ મળતુ સૂ. મંડન ભારદ્વાજ ગોત્રનો પરિવાર મેવાડમાં વસીને તેઓ ભંગોરા જ્ઞાતિમાં ...ધાર્ન થઇ ગયા હોય તેમ તેઓના ગ્રંથોની પ્રશસ્તિ પરથી જણાય છે તે આશ્ચર્ય છે! ...માનમાં ઉદયપુર રાજ્યના શિલ્પી તરીકે ભવરલાલ કરીને છે તે પોતાને મંડનમા પરિ- ...ના હોવાનો ગર્વ લે છે. ભંગોરા જ્ઞાતિ એ કાષ્ટ કાર વર્ગના હશે? ગૌડ શિલ્પીઓ વર્તમાનમાં જયપુરમાં પ્રતિમા મૂર્તિનું શિલ્પ કર્મ વિશેષ કરે છે તેઓ બ્રાહ્મણકુળના છે.

સૂત્રધાર મંડને રચેલા રાજવલ્લભ સુંદર સવિસ્તર ગ્રંથ સંસ્કૃતના જુદા જુદા છંદમાં ...ા છે તેનો સંક્ષિપ્ત સાર રૂપ **"વાસ્તુસાર"** ની રચના મંડને પાછળથી કરેલ જણાય ... વાસ્તુસાર ગ્રંથની હસ્ત લખીત પ્રતો અમારા ગ્રંથ સંગ્રહમાં છ સાત છે તેમાં નીચેની ...સોનો આધાર લેવામી આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| પદ | ૧ ચાપાનેરમાં વડીલે લખેલ પત્ર વિ. સં. ૧૮૧૮ ની પ્રત અશાડ શુદ ૨ સોમવારની પ્રત | શ્લોક સંખ્યા | ૧૬૧ |
| તે | ૨ રાજસ્થાનમાંથી પ્રાપ્ત થયેલી પ્રત વિ સં ૧૯૫૦ની | ,, | ૧૪૯ |
| નઈ | ૩ ત્રીજી પ્રત પાના ૧ થી ૩૦ સં. ૧૮૮૫ ફાગણ કૃષ્ણપક્ષત્રતીયા | | ૧૬૧ |
| | ૪ ચોથી પ્રત પાના ૧ થી ૧૮ વિ. સં. ૧૯૦૪ ચૈત્રવદ ૫ | ,, | ૧૪૭ |
| ર્ન | ૬ ગુ. પાટણથી પ્રાપ્ત થયેલ પત્ર સં ૧૯૪૨ ભાડપદ ૧૫ શની | ,, | ૧૪૬ |

આ સિવાયની પ્રતો તેમાં ઓળીયા (ટીપણા રૂપે) અમારા ગ્રંથ સંગ્રહમાં છે. ગ્રંથમાં આયાદિ ગણીત જ્યોતિષ ગૃહો જળાશ્રયે ગવાક્ષો નગર વગેરે છે.

"Aho Shrutgyanam"

માપ-દંડ-ગજના માપ પ્રમાણુ વિશે યવ સૂત્ર રીતે જોતાં સ્થૂળમાન લાગે છે તફાવત રહે છે જુના સમયના ગજો સાડી બાવીશ આંગળથી ત્રેવીશ આંગુલની અંદરની લંબાઈના મળે છે અમારા વડીલોના બસોક વર્ષના જુદા સમયના જુના ગજોના સંગ્રહમાં કાષ્ટ અને લોહ પટ્ટીના ગજો સાડા બાવીશથી ત્રેવીશ આંગુલના મધ્ય માપના છે તેના ચોવીશ ભાગ આંગુલના કરેલા છે ચિતોડના કીર્તિસ્તંભ પર એક ગજની આકૃતી ચોવીશ આંગુલ સાથે કોતરેલી તે સાડા બાવીશ આગુલની (વર્તમાન ગજ માપે) છે ગજને સંસ્કૃતમા કંમ્બા કહેલ છે. ગજ અને હસ્ત એક અર્થમાં છે

દોઢસોક વર્ષના અંગ્રેજી રાજકાળમાં તેઓએ. બાર ઇંચના ફૂટનું ચોકસ માપ નક્કી કરેલું છે તે આપણા જુના ગજથી બે ફૂટનું માપ દોઢેક ઈંચ વધુ છે પરંતુ શિલ્પી વર્ગમાં અંગ્રેજી ગજનો જ પ્રયોગ વર્તમાનમા થઇ રહ્યો છે, જુના મંદિરોગૃહો આજ નક્ષત્રાદિનુ ગણીત વર્તમાન ગજે માપતા તફાવત રહે છે તે સ્વાભાવિક છે. તેથી ચતુર બુદ્ધીમાન શીલ્પીઓ જુના મંદિરોના ગણીતનો દોષ કાઢે નહિ. અલ્પમતિના અણ સમજુ શીલ્પીઓ દોઢસો વર્ષના જુના માપના ગણીતનો દોષ કાઢી યજમાનને વહેમમાં નાખે તે અયોગ્ય છે. યવના માપના ગજ ઉપરાંત બીજી રીતે પણ ગજનું માપ કહ્યું છે યજમાનના માપથી કે તેમાં જયેષ્ઠ પુત્રના કે શીલ્પીના શરીર પ્રમાણથી ગજનુ પ્રમાણ અંકીત કરવાનુ કહ્યું છે. તેમાં ઓછા વતુ થવાનો સંભવ રહે જુના થયેલ કામના જીર્ણોદ્ધારમાં કે દિશા સાધન ધ્રુવમાં આયાદિ ગણીતનો દોષ ન માનવાનું શાસ્ત્રોએ કહ્યું છે

ભવન કે પ્રાસાદોના શુદ્ધ દિશા સાધન કરીને બાંધવાનુ શાસ્ત્રકારો કહે છે. ભૂમિની વિશાળતા પર વધુ સાધનનો આગૃહ રાખવો જોઈએ પરંતુ શહેર-વિશેના માર્યાદિત ચોકસ પ્રમાણની ભૂમિ જયાં હોય ત્યા ધ્રુ દીશા સાધનને ગૌણ માનવાની ફરજ પડે છે એવા સંજોગોમા વિવેક બુદ્ધિનો શિલ્પીઓ પ્રયોગ કરવો. વળી તે સારૂ શાસ્રોમાં કેટલાક અપવાદ પણ કહ્યા છે

અમારો કુળ પરંપરા ગત શિલ્પ વ્યવસાયે વડીલોએ અનેક સ્થાપાત્યોના નિર્માણ કરેલા છે. હસ્ત લખીત ગ્રંથોનો મોટો સંગ્રહ વારસમાં જળવાયો છે અમારા પ્રપિતામહ રામજીભાએ અનેક સ્થળોએ મંદિરોના નિર્માણ કરેલા શત્રુંજય પર્વત પર કેટલીક ટુંકો મંદિરો નિર્માણ તેમણે કરેલા તેના દુર્ગના એક દ્વારનું નામ "રામપોળ" તેમની સ્મૃતિમાં શેઠ મોતીશાંહે રાખેલ.

મધ્યકાળ પછી શિલ્પીઓમાં કીયાત્મક જ્ઞાન રહ્યું પરંતુ ગ્રંથસ્થ જ્ઞાન તરફ તેઓ દુર્લભ રહ્યા તેથી ગ્રંથોમાં અશુદ્ધી વધી ગ્રંથો મિલકત તકીકે કુંટુબમાં વહેચણી કરતા રહ્યા તેથી પ્રાચિન ગ્રંથો છિન્નભિન્ન થઈ ગયા સંસ્કૃતમાં લખાયેલા ગ્રંથો ભાષાની અજ્ઞાનતાના કારણે શિલ્પીઓમાં અજ્ઞાનતા વધતી ચાલી.

"Aho Shrutgyanam"

વિદ્યા અને કળાના ભેદો અને તેના મર્મ હોય છે તેનુ જ્ઞાન ગુરૂ મર્મથી પ્રાપ્ત થાય છે તેવુ શાસ્ત્રકારોનુ કથન છે જીજ્ઞાસુ સુ શિલ્પીને ગુરૂ જ્ઞાન અર્પે પરંતુ કુપાત્રને વિદ્યા કળાના અધિકારને પાત્ર નથી એવું શાસ્ર કહે છે મેં દશ બારેક ગ્રંથોના અનુવાદ તેમા ભેદો અને મર્મ સાથે સ્પષ્ટ રીતે સંકોચ વગર ઉદાર હૃદયે આપેલા છે. જો કે આથી મને કુપાત્રનો અનુભવ પણ પ્રાપ્ત થયેલ છે તો પણ ઉદાર હૃદયે હુ બધુ સહન કરતો રહ્યો છું જો કે ભારતમાં આવા કુપાત્રના ભ. ગુરૂગમની ગુપ્તતા રાખી એથી દેશની કેટલીક પ્રાચિન વિદ્યા કળા લુપ્ત થઈ.

પ્રાચિન શિલ્પ ગ્રંથોના અનુવાદનું છેલ્લા પંચાવન વર્ષથી મંથન કરતો રહ્યો છું પચ્ચીશેક વર્ષથી તેના પ્રકાશન શરૂ કરી શકયો

| | | |
|---|---|---|
| ૧ દીપોર્ણવ. | ૫ વેધવાસ્તુ પ્રભાકર | ૯ વાસ્તુ કલાનીધી |
| ૨ ક્ષીરાર્ણવ | ૬ જીનદર્શન શીલ્પ | ૧૦ પ્રતિમા કલાનીધી |
| ૩ પ્રાસાદમંજરી | ૭ પ્રાસાદ તિલક | ૧૧ વાસ્તુ નિઘંટુ |
| ૪ દીપાર્ણવ ઉત્તરાર્ધ | ૮ વાસ્તુસાર | ૧૨ વાસ્તુ તિલક |

૧૩ ભારતીય દુર્ગવિધાન
૧૪ ભારતીય શિલ્પસંહિત } સેમે઼ા પબ્લિકેશન દ્વારા પ્રકાશીત કરેલ મુંબઇ.

નીચેના સંશોધન કરી તૈયાર કરેલ ગ્રંથો

૧૫ વૃક્ષાર્ણવ ૧૬ જય પૃચ્છા વાસ્તુશાસ્ત્ર ૧૭ વાસ્તુ વિદ્યા

વિદ્વાન સૂ૦ મંડને પંદરમી સદીમાં છીન્ન ભીન્ન ગ્રંથોના સંશોધન કરી પાંચ છ ગ્રંથોની રચના કરી જ્યારે પાંચસો વર્ષ પછી મારા શિલ્પના અલ્પ જ્ઞાને હું જે કાંઈ કરી રહ્યો છું તેમાં ઈશ્વરી સંકેત હશે પ્રાચિન વિદ્યાને સજીવ રાખવાનો મારો અલ્પ પ્રયાસ છે

મારા. ૬૦ વર્ષના લાંબા કાળ વ્યવસાય દરમ્યાન જુદા જુદા પ્રદેશોમાં પ્રાસાદ નિર્માણ કરેલ છે સૌરાષ્ટ્ર ગુજરાત મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ રાજસ્થાન ઉત્તરપ્રદેશ આંધ્ર કર્ણાટક કેરાલા બંગાળ બિહાર વગેરે પ્રદેશોમાં પ્રાસાદ નિર્માણો કરેલ છે.

મારા જ્યેષ્ઠ પુત્ર સ્વ. બળવંતરાય શિલ્પસ્થાપત્યનું ઘણું સારૂ જ્ઞાન ધરાવતાં ભવિષ્યમાં અમારા કુળપરંપરાનો શિલ્પવ્યવસાય તે જાળવી રાખશે તેવી આશા હતી. હિમાલયમાં બદ્રીનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે શ્રી બીરલાજીએ મોકલેલા વળતાં તા. ૧૭–૯–૬૯ના ભાદરવા શુદ ૫ ના રોજ અલકનંદાના પ્રવાહમાં એકાવન વર્ષની ઉંમરે દેહવિલય થયો તેનું મને ઘણું દુ:ખ છે.

મારા બીજા પુત્રોમાં ચી. વિનોદરાય સહકુટુબ અમેરીકા વસે છે. ત્રીજા પુત્ર ચી હર્ષદરાય હાયકોર્ટ એડવોકેટ છે કનિસ્ઠ પુત્ર ધનવરાય બેંક વ્યવસાયમાં છે અમારા કુળ પરંપરાની વિદ્યાને કળાનો વારસો મારા પ્રપૌત્ર ચી. ચંદ્રકાન્તે સંભાળી લીધો છે તેથી મને સંતોષ છે.

"Aho Shrutgyanam"

શિલ્પ સ્થાપત્યના સાહિત્યના પ્રકાશનમાં શ્રીમાન શ્રી શેઠજી જયપ્રકાશ ડાલમીયાજીએ મને આર્થિક પ્રોત્સાહન આપવા બદલ શ્રીમાનનો આભાર માનુ છુ શિલ્પ સ્થાપત્યના પ્રાચિન ગ્રંથોમાં સંસ્કૃત અશુદ્ધિઓ કારણુ ત્રુટીઓ સહેજે હોય, તે વસ્તુ લક્ષમાં લઈ સુજ્ઞ વિદ્વાન વાંચકોએ ઉપેક્ષા બતાવીને ગ્રંથના મૂળ અર્થ અને ભાવ ગ્રહણુ કરવો એવી વિદ્વાનોને મારી વિનંતી છે. કેટલાક વિદ્વાનો કહે છે

ज्योतिषे तंत्र शास्त्र च विवादे वैद्य शिल्पके
अर्थमात्रं तु गृहोणीयतज्ञत शब्दविचारयेम् ।

જ્યોતિષ તંત્રશાસ્ત્ર વિવાદ ગ્રંથો આયુર્વેદ અને શિલ્પ ગ્રંથોમાં તેની ભાષા શબ્દોનો બહુ વિચાર ન કરતાં તેના અર્થને ભાવને જ ગૃહણુ કરવો સુજ્ઞવાચક વિદ્વાનોને હંસવૃત્તિથી શિલ્પ ગ્રંથો વાંચવા વિનંતી છે

અમદાવાદના વિદ્વાન સિદ્ધાંત જ્યોતિષાચાર્ય વ્યાકરણુ શાસ્ત્રી અને કાવ્યતીર્થ શાસ્ત્રી શ્રી હીમતરામ મહાશંકર જાનીએ આ ગ્રંથની શુદ્ધી કરી મને મદદ કરી તેમનો આભાર માનુ છું

નવપ્રભાત મુદ્રણાલયમાં શ્રી–મણીલાલ છગનલાલે પોતાના પ્રેસમાં સુંદર રીતે છાપી આપેલ છે.

सर्वेषु सुखि नः सन्तु सर्वे सन्तु निरामय
सर्वे भद्राणि पश्यतुं मा कश्च दुःखमाप्नुयात्

વિ સં ૨૦૩૨ માઘ શુદ ૫ ગુરૂ
વસંત પંચમી
અમદાવાદ, તા. ૫–૨–૭૬

પદ્મશ્રી પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરા
શિલ્પ વિશારદ

शुभं भवतु श्री कल्याण मस्तु श्री दस्तु

"Aho Shrutgyanam"

# સૂત્રધાર મંડન વિરચિત વાસ્તુસાર ગ્રંથની
## વિષયાનુક્રમણિકા


| નં. | વિષય | શ્લોક સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્તુઅિ–મંગલાચરણુ | ૧ |
| ૨ | માસફળ | ૨–૨ |
| ૩ | કઇ દીશામાં કયા મુખનું ઘર કરવું. | ૪–૬ |
| ૪ | વત્સનુમુખ કઈ રાશીમાં કઇ દીશાએ | ૭ |
| ૫ | પ્લવ–જમીનના ઢાળ | ૮ |
| ૬ | કયા વર્ણને કયા વર્ણની ભૂમિ શ્રેષ્ઠ | ૯ |
| ૭ | ગૃહારંભે કે વાસ્તુના નક્ષેત્ર | ૧૦ |
| ૮ | છાયા દોષ | ૧૧ |
| ૯ | આગુલ અને ગજનુ પ્રમાણુ ઉત્તમ મધ્યમને કનિષ્ઠ ગજ કયાં માપમાં લેવા | ૧૩ |
| ૧૦ | અષ્ટ આયાદિ ગણિત આયના સ્થાન | ૧૬ |
| ૧૧ | નક્ષત્રની મૂલ રાશિ, અને વ્યય | ૨૦ |
| ૧૨ | નક્ષત્રના ગણુ. | ૨૧ |
| ૧૩ | તારા ચંદ્ર, અંશક, | ૨૫-૨૭ |
| ૧૪ | રાશિ મૈત્રી | ૨૮ |
| ૧૫ | નક્ષત્રની રાશિ | ૩૧ |
| ૧૬ | રાશિના સ્વામી | ૩૨ |
| ૧૭ | રાશિના સ્વામીના પરસ્પર ભાવ | ૩૩ |
| ૧૮ | અલ્પદોષને ગુણાધિકય વાસ્તુ નિર્દોષ જાણુવા | ૩૬ |
| ૧૯ | કઇ રાશીવાળા કે કયા મુખનું ઘર કરવું | ૩૭ |
| ૨૦ | કઇ રાશિ કે કયા માસમાં નાગચક જોઇ ખાત કરવું. | ૩૯ |
| ૨૧ | વર્ણાદિ ગૃહ પ્રમાણુ | ૪૦ |
| ૨૨ | ઘર કેવડુ કે કેટલા ગજલાનું કરવું. | ૪૧ |
| ૨૩ | દ્વાર માન | ૪૩ |
| ૨૪ | એક્કાશી કે ચોસઠ પદના વાસ્તુમાં કયા દેવના સ્થળે દ્વાર મુકવા | ૪૫ |
| ૨૫ | ઘરનું ઉદયમાન | ૪૮ |
| ૨૬ | ઘરના કુંભ સ્થંભ સરા પાટનું પ્રમાણુ | ૫૦ |
| ૨૭ | ઘરના ઉદય માનમા સભેદ | ૫૨ |
| ૨૮ | દ્વારોદયનુ બીજુ માન | ૫૩ |
| ૨૯ | જાળીયા ગવાક્ષનું ઉદય પ્રમાણુ | ૫૪ |
| ૩૦ | અર્ગલા–આગળીઓ | ૫૬ |
| ૩૧ | શાલ=ઘર ચોષટદારૂનું પ્રમાણુ | ૫૮ |
| ૩૨ | ઘરમાં વાપરવાના કાષ્ટના ગુણુદોષ | ૬૦ |
| ૩૩ | સોપાન–દાદર–આરોહણુ | ૬૪ |
| ૩૪ | ભીંતની જાડાઈનું માન | ૬૫ |
| ૩૫ | દીગ્સાધન–ધ્રુવસાધન | ૬૬ |
| ૩૬ | વાસ્તુ ૬૪–૮૧ પદના વાસ્તુના ૪૫ દેવોના સ્થાન | ૬૭ |
| ૩૭ | પીસ્તાલીશ દેવોના પદ વિભાગ | ૭૩ |
| ૩૮ | મર્મ વાસ્તુ | ૭૭ |
| ૩૯ | ઘરના કાર્યમાં પાંચ વખત વાસ્તુ યજ્ઞ કરવો | ૮૦ |
| ૪૦ | નગર, પુર ખેર, ખર્વટ કૂટાદિનુ પ્રમાણુ | ૮૧ |
| ૪૧ | શહેરમાં કયા વર્ણને કયાં કયાં વસાવવા | ૮૬ |
| ૪૨ | દુર્ગ કીલ્લાના ઉદય અને વિસ્તાર માન | ૮૮ |
| ૪૩ | ધ્રુવાદિ ૧૬ ગૃહો લઘુગુરૂ પ્રસ્તાટ–ઉચ્દિષ્ટ નષ્ટછંદ | ૯૧ |
| ૪૪ | સુંદરાદિ ૧૬ ગ્રહો ષટદારૂ સહીત | ૯૮ |
| ૪૫ | હસ્તાદિ ૧૬ ગૃહો | ૧૦૦ |
| ૪૬ | અલંકારાદિ ૧૬ ગ્રહો | ૧૦૨ |
| ૪૭ | દ્વીશાલ ગ્રહો | ૧૦૩ |
| ૪૮ | ત્રિશાલ ગ્રહો | ૧૦૯ |
| ૪૯ | ચતુશાલ ગૃહો | ૧૧૪ |
| ૫૦ | રાજભવનમાં હસ્તીશાળા આદિ | ૧૧૬ |


"Aho Shrutgyanam"

| નં. | વિષય | શ્લોક સંખ્યા |
|---|---|---|
| ૫૧ | રાજગૃહોના નામ અને તેના પ્રમાણ પ્રતાપવર્ધક લક્ષ્મીવિલાસ શ્રીવિલાસ કમલોદ્ભવ | ૧૧૯ |
| ૫૨ | રાજસિંહાસન છત્ર શૈય્યા ઉદ્યાનનું પ્રમાણ | ૧૨૭ |
| ૫૩ | રાજભવનમાં કયા કયા સ્થાનો કયાં રાખવા | ૧૨૯ |
| ૫૪ | ચાર પ્રકારના પ્રવેશ શ્રેષ્ઠ નેષ્ઠ | ૧૩૨ |
| ૫૫ | વેધદોષો | ૧૩૩ |
| ૫૬ | ઘર ધણીના હાથથી હસ્ત પ્રમાણ | ૧૩ |
| ૫૭ | કયા કયા દેવોની પડખે ઘર ન કરવું | ૧૩ |
| ૫૮ | ,, ,, તેનો પર્યાય | ૧૪ |
| ૫૯ | રાજભવનના પંદર ગવાક્ષોના સ્વરૂપ અને નામ | ૧૪૧ |
| ૬૦ | ગૃહના પ્રવેશ અને પ્રતિષ્ઠ મુહુર્ત | ૧૪ |
| ૬૧ | શકુન પક્ષીશબ્દ | ૧૪૮ |
| ૬૨ | પ્રવેશ–વાસ્તુ–નક્ષત્રાદિ | ૧૫૩ |
| ૬૩ | ગ્રંથકારની પ્રશસ્તિ | ૧૫૪ |


ગ્રંથ પૂર્તિ=પરિશિષ્ટમા. ખનન વિધિ; વાસ્તુ દ્રવ્ય, શિલા પ્રમાણ.

ગૃહોપયોગી વસ્તુસ્થાન, મહાભવનના ઉદય પ્રમાણ; વિધિઃ શલ્ય વિજ્ઞાન; શલ્ય સંશોધન, કીર્તિસ્તંભ, ભૂમિશુદ્ધિ; રાષ્ટ્ર પ્રમાણ; રાજાઓના ગ્રામધિકારઃ પુર–શહેરના રાજમાર્ગોના પ્રમાણઃ જળાશ્રયો; કૂપો; વાપિકાઓ; સરોવરો, જળાશ્રયો કુંડો

श्रीगणेशाय नमः । श्रीसरस्वत्यै नमः ।

श्रीविश्वकर्मणे नमः ॥

सूत्रधार–मंडन–विरचितो

# ॥ वास्तुसारः ॥

## सटीक

गणेशं गिरिजां देवीं गोविंदं गोपतिं गुरुम् ।
गिरीशं भक्तितो नत्वा सारं वक्ष्यामि वास्तुनः ॥ १ ॥

શ્રીગણેશજી, ગિરિજાદેવી, ગોવિંદ, ગોપતિ એટલે વાણીના અધિપતિ ગુરુ અને શ્રીમહાદેવજીને ભક્તિથી નમસ્કાર કરીને (હું સૂત્રધાર મંડન) વાસ્તુશાસ્ત્રનો સાર કહું છું. ૧.

गृहारम्भे मासफलम् ।

वैशाखे फाल्गुने मार्गे पोषे च श्रावणे तथा ।
दिने शुद्धे सिते पक्षे गृहारंभः सुखाप्तये ॥ २ ॥

વૈશાખ, ફાગણ, માગશર, પોષ અને શ્રાવણ એ પાંચ માસમાં, શુકલપક્ષમાં શુભ દિવસે કરેલો વાસ્તુ–ઘરનો પ્રારંભ સુખની પ્રાપ્તિ માટે થાય છે. ૨.

चैत्रे शोकं मृत्युर्जेष्ठे शून्यं भाद्रेऽश्विने कलिः ।
मावे ह्यग्निः पशोर्नाशः शुचौ भृत्यं च कार्तिके ॥ ३ ॥

ચૈત્રમાં ઘરનો પ્રારંભ કરે તો શોક ઉપજાવે. જેષ્ઠમાં મૃત્યુ થાય. ભાદ્રપદમાં ઘર શૂન્ય રહે. આસો માસમાં કલહ થાય. માઘ માસમાં અગ્નિનો ભય રહે, આષાઢ માસમાં પશુનો નાશ થાય અને કાર્તિક માસમાં પ્રારંભ કરે તો નોકરનો (વૈભવનો) નાશ થાય. ૩.

इति द्वादशमासफलम् ।

द्वारं पूर्वापरं कर्कसिंहनक्रघटे रवौ ।
याम्योत्तरास्यं कर्तव्यं वृषमेषतुलादिषु ॥ ४ ॥

न गृहं कारयेत्सूर्ये धनुर्मीनस्थिते बुधः ।
कन्यामिथुनयोर्यस्मात्स्वामिनाशो धनक्षयः ॥ ५ ॥

"Aho Shrutgyanam"

કર્ક, સિંહ, મકર અને કુંભ સંક્રાંતિમાં પૂર્વ-પશ્ચિમ મુખનું ઘર કરવું. વૃષભ, મેષ અને તુલા સંક્રાંતિમાં ઉત્તર-દક્ષિણ મુખનું ઘર કરવું. ધન, મીન, કન્યા અને મિથુન સંક્રાંતિમાં કોઈપણ દિશાના મુખવાળું ઘર ન કરવું. જો કરે તો ઘરના સ્વામીનો નાશ થાય અને ધનનો પણ નાશ થાય. ૪-૫

पूर्वादिषु त्यजेद्द्वारं कन्यादित्रित्रिगे रवौ ।
वृषालिसिंहकुंभेषु कुर्याच्चातुर्दिशं मुखम् ॥६॥

કન્યા, તુલા અને વૃશ્ચિક સંક્રાંતિમાં પૂર્વાદિશાના દ્વાર-મુખનું ઘર ન કરવું. ધન, મકર ને કુંભ સંક્રાંતિમાં દક્ષિણ મુખનું ઘર ન કરવું. મીન, મેષ, અને વૃષભ સંક્રાંતિમાં પશ્ચિમાભિમુખદ્વારનું ઘર ન કરવું. મિથુન, કર્ક અને સિંહ સંક્રાંતિમાં ઉત્તરાભિમુખ દ્વારનું ઘર ન કરવું. વૃષભ, સિંહ, વૃશ્ચિક, અને કુંભ રાશિનો સૂર્ય હોય ત્યારે ચારે દિશામાંના ચતુર્મુખ ઘરનો પ્રારંભ કરી શકાય. ૬

वृषालिघटगे सिंहे क्रमाद्ब्राह्मादिकोणतः ।
तदा गेहं चतुर्दिक्षुः कुर्यादित्यपरेऽप्युचुः ॥७॥

વૃષભ, વૃશ્ચિક, કુંભ અને સિંહ સંક્રાંતિમાં વત્સનો ચાર કોણમાં વાસ હોય છે, ત્યારે ચારે દિશાના દ્વારવાળું ઘર કરવું એમ બીજા પણ કહે છે. (પ્રાચીન ઋષિયોએ કહ્યું છે કે ભારદ્વાજગોત્ર અને વશિષ્ઠ ગોત્રના વંશજોને વિશેષ કરીને વત્સદોષ લાગતો નથી.) તેમજ ચતુર્મુખને પણ દોષ લાગતો નથી.) ૭

प्लवः प्रागुत्तरेशाने श्रेष्ठो वेश्मप्रदक्षिणः ।
किलकाः कोणतो वह्नेः शिलास्तंभाश्च वेश्मनः ॥८॥

ઘરની ભૂમિનો ઢાળ પૂર્વ, ઈશાન કે ઉત્તરે હોય તો શ્રેષ્ઠ જાણવું. ઘરમાં પ્રવેશ સૃષ્ટિ માર્ગે થાય તેમ કરવું. ઘરના પાયાની ખુંટીઓ ખોડવાનું તથા શિલારોપણ અને સ્તંભ ઉભા કરવાનો પ્રારંભ અગ્નિકોણથી સૃષ્ટિ માર્ગે કરવો.[1] ૮

उषरा स्फूटिता नीचा भूमिर्वाल्मीकिनी त्यजेत् ।
विप्रादीनां शुभा श्वेता रक्ता पीता च श्यामिका ॥९॥

ઘર કરવાની જમીન ખારવાળી હોય, ફાટેલી હોય, ઉંચા નીચી હોય, રાફડાવાળી હોય તો તેવી જમીનમાં ઘર ન કરવું, પણ તેને તજી દેવી. બ્રાહ્મણને સફેદ વર્ણની, ક્ષત્રિયને રકત વર્ણની, વૈશ્યને પીળા વર્ણની અને શૂદ્રને શ્યામ વર્ણની ભૂમિ શ્રેષ્ઠ જાણવી.[2] ૯

૧ સૃષ્ટિ માર્ગ-પ્રદક્ષિણા માર્ગ એટલે પ્રથમ પૂર્વ પછી દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર એમ ક્રમથી ફરવું તે. સૃષ્ટિમાર્ગથી ઉલટું ફરે તો તે. સંહારમાર્ગ-અપસવ્ય કહેવાય. તે નેષ્ટ જાણવો.

"Aho Shrutgyanam"

हस्तात्रिरोहिणीयुग्मं ज्येष्ठा मूलोत्तराश्विनी ।
रेवतिपुष्यमैत्रं च शंसन्ति वास्तुकर्मणि ॥१०॥

હસ્તથી ત્રણ ( હ. ચિ, સ્વા ) રોહિણી અને મૃગશીર્ષ, જ્યેષ્ઠા, મૂળ, ત્રણે ઉત્તરા ( ઉ.ફા, ઉ.ષા. ઉ.ભા. ) અશ્વિની, રેવતી અને પુષ્ય એ ચૌદ નક્ષત્રો ગૃહારંભે કે વાસ્તુ કર્મમાં લેવાં એમ વિદ્વાનો કહે છે. ૧૦

यामोर्ध्वे वेश्मनः छायां वृक्षप्रासादजां त्यजेत् ।
सौम्यादिषु शुभः प्लक्षो वटोदुंबरपिप्पलाः ॥११॥

એક પ્રહર દિન ચઢયા પછી ઘર પર વૃક્ષ કે પ્રાસાદ ( દેવળ )ના ધ્વજની છાયા પડે તો નેષ્ટ જાણવું. છાયા તજવી. બીજા ને ત્રીજા પ્રહરની છાયાનો દોષ જાણવો. પહેલા કે ચોથા પ્રહરની છાયાનો દોષ નથી.

ઉત્તરે પીંપળી, પૂર્વે વડ, દક્ષિણે ઉંબરો ( ગુલર ) અને પશ્ચિમે પીંપળો એ વૃક્ષો રોપવાં. ૧૧

सुवर्णस्यापि द्रव्यस्य धारयेन्न गृहाश्रये ।
आश्रयंति च भूताद्याः कलिं कुर्वन्ति दारुणम् ॥१२॥

સોનાનું બનેલું હોય તો પણ ઘર આગળ વૃક્ષ ન રાખવું, કારણ ભૂત-પ્રેત તેમાં રહે છે અને તેવા વૃક્ષથી મોટો ક્લેશ થાય છે.[3]

---

૨ ઘરની જમીનના ગુણદોષ અન્યગ્રંથોમાં સવિસ્તર દર્શાવ્યા છે. ભૂમિપરીક્ષામાં (૧)ગંધ (૨)વર્ણ (૩)સ્વાદ અને પ્લવ ઢાળથી પરીક્ષા પ્રથમ કહી છે. જ્યાં પૂર્વે સ્મશાન હોય. જ્યાં પૂર્વે યુદ્ધો થયાં હોય. પાણીના પ્રવાહ કે ધોધ વાળી, ભેજવાળી, મ્લેચ્છ, ચાંડાળ પૂર્વે વસેલા હોય તેવી અને તેની પડોશની જમીન. કુગ્રામ એટલે જ્યાં સજ્જનોનો વાસ ન હોય, જ્યાં દુર્જનો વસતા હોય, પૂર્વ કાળે દેવ મંદિર હોય કે કોઈ મલીન દેવનું સ્થાનક હોય, તેવી ભૂમિ પર ઘર ન કરવું. જે જમીન ઠંડીના કાળમાં ગરમ હુંફવાળી હોય અને ગરમી ઉનાળાના સમયમાં ઠંડક આપે તેવી હોય તે ભૂમિ સર્વોત્તમ જાણવી.

**शीतकाले उष्णदा च उष्णकाले शीतप्रदा । प्रशस्ता सर्वोत्तमा भूमिर्भाषिता विश्वकर्मणा ॥**

ઘર કરવાની ભૂમિની શુદ્ધિ કરવી. ઘરની ભૂમિમાં હાડકાં, કોલસા, વાળ, રાખ, લાકડું આદિ શલ્ય કહેવાય. તે ભૂમિમાંથી કાઢી ઘર કરવાની ભૂમિની શુદ્ધિ કરવી, શલ્ય શોધનની વિધિ અન્ય ગ્રંથોએ કહી છે. મનુષ્યના ઘરોમાં મનુષ્યના માથોડાથી નીચે શલ્ય હોય તો દોષ કહ્યો નથી. શલ્યશોધનનો મંત્ર. ॐ **ह्रीं कुष्मांडि कौमारि मम हृदये कथय कथय ह्रीं स्वाहा** એમ આ મંત્રનો એકવીશ વાર જપ કરવો.

૩ ઘર સમીપે દૂધવાળાં, કાંટાવાળાં કે ઘણા ફળવાળાં વૃક્ષો વાવવાં નહિ, પણ ચંપો, કેળ, જાઇ વાવવાં. દુષ્ટવૃક્ષ કે જે કાપતાં લાલ રસનીકળે તે અને ભૂતપ્રેતાદિનો જેમાં વાસ હોય તે વૃક્ષો બળ વડે પણ કાપવાં નહિ. આસોપાલવ કે બોરસલી જેવાં વૃક્ષ વાવવાં. ઘર સમીપે દ્રાક્ષનો કે પુષ્પ વેલીનો મંડપ, ચંદન અને દાડમ વાવવાં. (વૃક્ષ વિષયમાં ઘણા મતમતાન્તર છે.)

"Aho Shrutgyanam"


षट्सप्ताष्टयवैर्मात्रा चतुर्विंशतिस्तत्करः ।
खादिरो वंशधात्वोत्थोऽष्टपर्वा पुष्पसंयुतः ॥१३॥

છ, સાત અને આઠ આડા જવનો અંગુલ–માત્રા જાણવો. તેવા ચોવીશ અંગુલ પ્રમાણને હસ્ત=ગજ કનિષ્ઠ, મધ્યમ અને શ્રેષ્ઠ જાણવો. તે ગજ ખેરના કાષ્ટનો વાંસનો કે ધાતુનો બનાવવો. તે ચોવીશ અંગુલના ગજમાં ત્રણ ત્રણ અંગુલે પર્વ કરી ત્યાં ફૂદડી કે પુષ્પથી અલંકૃત કરવો.[4] ૧૩

ज्येष्ठोऽष्टाभिर्यवोदरैस्तु मुनिभिर्मध्यस्तु षड्भिर्लघु-
र्मौप्यं चोत्तमकेन ग्रामनगरं क्रोशादिकं योजनम् ।
प्रासादं प्रतिमा नृपस्य भवनं मध्येन हर्म्यादिकं
यानं षट्यवसंभवेन शयनं छत्राशनास्त्रादिकम् ॥१५॥
रुद्रो वायु विश्वकर्मा वह्निर्ब्रह्मा यमस्तथा ।
वरुणो धनदो विष्णुः पुष्पेषु नवदेवताः ॥१४॥

ગજના આદ્ય છેડાના દેવતા ૧ રૂદ્ર, ૨ વાયુ, ૩ વિશ્વકર્મા (વિશ્વરૂપ) ૪ અગ્નિ, ૫ બ્રહ્મ, ૬ યમ (કાલ) ૭ વરુણ, ૮ કુબેર (ધનદ, સોમ) અને ૯ વિષ્ણુ ગજના દેવ છે. રુદ્ર અને વિષ્ણુ છેડા પરના બે દેવો છે અને ૩–૬–૯–૧૨–૧૫–૧૮–૨૧ આંગળના સાત ફૂલના વાયુ આદિ દેવો છે. ૧૪

આઠ આડા જવના પ્રમાણ અંગુલનો ગજ જ્યેષ્ઠ, સાત આડા યવ પ્રમાણના અંગુલનો ગજ મધ્યમ અને છ યવ પ્રમાણના અંગુલનો ગજ કનિષ્ઠ જાણવો.[5]



૪ ગજ-હસ્તનું પ્રમાણ ૨૪ આંગળનું વર્તમાન કાળમાં અંગ્રેજોના રાજ્યકાળમાં ચોક્કસ થએલું છે. પરંતુ શિલ્પીઓના ઘરના જુના ગજનાં માપ તપાસતાં તે ઓછાવત્તાં થાય છે. મારા પૂજ્ય વડિલોના કાષ્ટના અને લોખંડના ગજ પણ ૨૩ાા -૨૪-૨૩ એમ અંગુલના માપના છે. તે દોઢસો બસો વર્ષના જુના છે. ગજ હસ્તને કમ્બા કહે છે. ગજ, હસ્ત કે કંબા એ ગજનાં નામો છે.

| | | |
|---|---|---|
| ૧ આંગળ=માત્રા | ૧૨ માત્રા=તાલ અથવા વિતસ્તિ | બે હજાર ચાપ=કોશ–ગાઉ |
| બે માત્રા=કલા | બે તાલનો ૧ કર=હસ્ત.ગજ | બે કોશ=૧ ગવ્યુતિ |
| ૩ માત્રા=પર્વ | પોણાબે કર=ગજ એક કિષ્કુ | ૨. ગવ્યુતિ=યોજન |
| ૪ માત્રા=મુષ્ઠિ | ૪ હાથ=ચાંપ (ધનુષ્ય=દંડ) | ૧૦૦ કરોડ યોજન=પૃથ્વી |

૫ ગજ પૂજનાદિ કર્યા પછી શિલ્પીએ ગજ કેમ ઉપાડવો તે બુદ્ધિથી જાણવું જોઈએ, ગજ ઉપા ફૂલના દેવો વચ્ચેના ભાગથી ગજ પકડવો. ગજના ફૂલના દેવતા હાથથી દબાવા ન જોઈએ. દબે તો દોષ લાગે.

"Aho Shrutgyanam"

નગર, ગ્રામ (ખેટ), કોશ, યોજનાદિ જ્યેષ્ઠ ગજે માપવાં. પ્રાસાદ, પ્રતિમા, રાજ્યગૃહ અને સામાન્ય લોકનાં ઘરો મધ્યમ ગજે માપવાં. વાહન, પાલખી, ગાડાં, પલંગ, છત્ર, સિંહાસન અને શસ્ત્રો કનિષ્ઠ ગજે માપવાં.[६] ૧૫

इति मिश्रकाध्यायाः ।

आयादिगणितम्

आयामे विस्तारगुणेऽष्टाभिर्भक्ते ध्वजादयः ।
शेषास्ते तु करैः कल्प्या अंगुलैर्वा यवांशकैः ॥१६॥

ઘરના અંદરની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર કરી આઠે ભાગવાથી શેષ રહે તે ધ્વજાદિ આઠ આય જાણવી. લંબાઈ પહોળાઈ ગજથી, અંગુલોથી અથવા યવથી ગણવી. ૧૬

ध्वजो धूमस्तथा सिंहः श्वानो वृषः खरो गजः ।
ध्वांक्षश्चेति क्रमेणैव वर्णानां विषमाः क्रमात् ॥१७॥

૧ ધ્વજ ૨ ધૂમ, ૩ સિંહ, ૪ શ્વાન, ૫ વૃષ, ૬ ખર, ૭ ગજ, ૮ ધ્વાંક્ષ એ આઠ આય અનુક્રમે જાણવા. તેમાંથી વિષમ આય ક્રમે કરીને ચાર વર્ણને શ્રેષ્ઠ જાણવા.[७] ૧૭

देवे छत्रे जले वस्त्रे ध्वजो वेद्युच्छ्रये शुभः ।
धान्यभोजनशालायां तुरङ्गाणां गृहे वृषः ॥१८॥
शस्त्रे राज्यालये सिंहः श्रेष्ठो हस्त्यंगनागृहे ।
पर्यङ्के वाहने याने तथा हस्तिगृहे गजः ॥१९॥

---

६ ગજપૂજનાદિ કર્યા પછી પ્રથમ ગજ ઉપાડતાં જો હાથમાંથી પડી જાય તો અપશુકન જાણવા. અશુભ ફળ થાય.

७ ध्वजः सिंहो वृषो गजः शस्यते शुभवेश्मसु । अधमानां खरं ध्वाक्षं धूमं श्वानं यथाथलम् ॥
આઠ આયોમાં ધ્વજ, સિંહ, વૃષ અને ગજ એ ચાર આય શુભ ઘરોમાં દેવા. ખર ધ્વાંક્ષ ધૂમ અને શ્વાન એ ચાર આય, હલકા લોકોના ઘરમાં લેવા.

ॐ तत्पुरुषाय विद्महे महादेवाय धीमहि ।
तन्नो रुद्रः प्रचोदयात् । एते अंगुलाक्षराणि क्रमतश्चैव संस्थितानि ॥
રુદ્રગાયત્રીના આ ચોવીશ અક્ષરો ચોવીશ અંગુલના અક્ષરો જાણવા.

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११
ईश्वरोर्वायु विश्वे च वह्निर्ब्रह्मा दिवाकरः रुद्रो । यमो विरूपाख्यो वसुरिंद्रो जलाधिपः ।
१३ १४ १५ १६ १७ १८
स्कंद इच्छा क्रिया ज्ञानं धनदो निशापतिर्जयः । वासुदेवो बलभद्रः कामेशो विष्णुदेवताः ।

ઈશ, વાયુ, વિશ્વદેવ, અગ્નિ, બ્રહ્મા, સૂર્ય, રુદ્ર, કાલ (યમ), વિશ્વકર્મા, વસુ, ઈંદ્ર, વરૂણ, કાર્તિકસ્વામી ઈચ્છાદેવી, ક્રિયાદેવી જ્ઞાનદેવી, કુબેર, ચંદ્રમા, જય, વાસુદેવ, બલરામ, કામદેવ અને વિષ્ણુ એ ચોવીસ અંગુલના ચોવિસ દેવતાઓ છે.

"Aho Shrutgyanam"

**अग्निजीवगृहे कुंडे धूमो ध्वांक्षो मठादिषु ।**
**धूमः श्वानोऽन्त्यजातीनां वाद्यांतजीविनां खरः ॥२०॥**

દેવમંદિરે, છત્રે; જળાશયે, (વાવ, કુવા, તળાવે) વસ્ત્રોએ, અને વેદીએ ધ્વજ આય દેવો. અનાજના કોઠારે, ભોજનશાળાએ અને અશ્વશાળાએ વૃષ આય દેવો. રાજગૃહે, આયુધ શાલાએ, સિંહ આય દેવો. રાણીના આવાસમાં ગજ. આય દેવો. પલંગ, વાહન, પાલખી, રથ અને તેની શાલાએ ગજ આય દેવો. અગ્નિકુંડો અને અગ્નિ કર્મથી જીવનાર (લુહાર કે ભાડભુંજાને ત્યાં ધૂમ આય દેવો. સાધુના મઠમાં (અને શિલ્પીને ત્યાં) ધ્વાંક્ષ આય દેવો. શ્વાન પર જેની આજીવિકા હોય તેવા મ્લેચ્છ, અંત્યજને ઘરે શ્વાન આય દેવો, વાદ્યશાળાએ ગવૈયાને ત્યાં અને કુંભારને ત્યાં ખર આય દેવો. ૧૮–૨૦

नक्षत्रमूलराशिः ।

**पूर्ववद्गुणितेऽष्टघ्ने सप्तविंशतिभाजिते ।**
**व्ययोऽष्टाहते धिष्ण्यै रायाधिक्ये सुशोभनः ॥२१॥**

પૂર્વની જેમ ઘરની લંબાઈ પહોળાઈને ગુણીને તેને આઠથી ગુણી સત્તાવીશે ભાગવા. જે શેષ રહે તે નક્ષત્રની સંખ્યા ૯(મૂળરાશિ) જાણવી. તે મૂળરાશિના અંકને આઠે ગુણી સત્તાવીશે ભાગતાં શેષ રહે તે અંક વ્યય જાણવો. વ્યય કરતાં આયનો અંક અધિક હોય તો શુભ જાણવું. ૨૧

વ્યયનાં નામો—૧ શાન્તા, ૨ પ્રૌઢા, ૩ પ્રદ્યોત, ૪ શ્રિયાનંદ, ૫ મનોહર, ૬ શ્રીવત્સ, ૭ વિભવ અને ૮ ચિદાત્મક એ આઠ વ્યયોનાં નામ જાણવાં.

---

૮ ઘર કે ક્ષેત્રની મૂલ રાશિ—**आयामं यदि क्षेत्रं तु विस्तारेण च गुणयेत् ।**
**सप्तविंशतिहृद्भागं क्षेत्रे स्यान्मूलधिष्ण्यकम् ॥**

૯ પ્રાસાદ કે ઘરના ક્ષેત્રની લંબાઈ પહોળાઈને ગુણીને જે અંક આવે તેને સત્તાવિશે ભાગ દેતાં શેષ રહે તે ક્ષેત્રની મૂળ રાશિનો અંક જાણવો.

**फले चाष्टगुणे तस्मिन् सप्तविंशति भाजिते । यच्छेषं लभते तत्र नक्षत्रं तद् गृहस्थ च**

ક્ષેત્રફળને આઠથી ગુણી ૨૭ થી ભાગતાં શેષ રહે તે ઘરના અશ્વિન્યાદિ નક્ષત્રનો અંક જાણવો.

| अंक | नक्षत्र | मूलराशिः |
|---|---|---|
| ૧ | અશ્વિની | ૧૭ |
| ૨ | ભરણી | ૭ |
| ૩ | કૃતિકા | ૨૪ |
| ૪ | રોહિણી | ૧૪ |
| ૫ | મૃગશીર્ષ | ૪ |
| ૬ | આર્દ્રા | ૨૧ |
| ૭ | પુનર્વસુ | ૧૧ |
| ૮ | પુષ્ય | ૧ |
| ૯ | આશ્લેષા | ૧૮ |
| ૧૦ | મઘા | ૮ |
| ૧૧ | પૂ.ફા. | ૨૫ |
| ૧૨ | ઉ.ફા. | ૧૫ |
| ૧૩ | હસ્ત | ૫ |
| ૧૪ | ચિત્રા | ૨૨ |
| ૧૫ | સ્વાતિ | ૧૨ |
| ૧૬ | વિશાખા | ૨ |
| ૧૭ | અનુરાધા | ૧૯ |
| ૧૮ | જેષ્ઠા | ૯ |
| ૧૯ | મૂળ | ૨૬ |
| ૨૦ | પૂ.પાઢા | ૧૬ |
| ૨૧ | ઉ.પાઢા. | ૬ |
| ૨૨ | શ્રવણ | ૨૩ |
| ૨૩ | ધનિષ્ઠા | ૧૩ |
| ૨૪ | શતભિષા | ૩ |
| ૨૫ | પૂ.ભાદ્રા | ૨૦ |
| ૨૬ | ઉ.ભાદ્ર | ૧૦ |
| ૨૭ | રેવતી | ૨૭ |

"Aho Shrutgyanam"

ધારેલ દેવ ગણ અને મનુષ્ય ગણ નક્ષત્રો લાવવા નું કોષ્ટક, ક્ષેત્રફળના બન્ને બાજુના આંગળના આંકડા કોષ્ટકમાં મૂકેલા છે.

| ગણ | | | | દેવ ગણના નક્ષત્રો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચંદ્રમા | દિશા પૂર્વ | | | દક્ષિણ | | પશ્ચિમ | | ઉત્તર | |
| નક્ષત્ર | મૃગશીર્ષ | પુનર્વસુ | પુષ્ય | હસ્ત | સ્વાતિ | અનુરાધા | શ્રવણ | અશ્વિની | રેવતી |
| ૧ | ૪ | ૧૧ | ૧ | ૫ | ૧૨ | ૧૯ | ૨૩ | ૧૭ | ૨૭ |
| ૨ | ૨ | ૧૯ | ૧૪ | ૧૬ | ૬ | ૨૩ | ૨૫ | ૨૨ | ૨૭ |
| ૩ | — | — | — | — | ૪–૨૨–૧૩ | — | — | — | ૨૭–૯–૧૮ |
| ૪ | ૧ | ૨૩ | ૭ | ૮ | ૩ | ૨૫ | ૨૨ | ૧૧ | ૨૭ |
| ૫ | ૧૭ | ૧૩ | ૧૧ | ૧ | ૨૪ | ૨૦ | ૧૦ | ૨૫ | ૨૭ |
| ૬ | — | — | — | — | ૨–૨૦–૧૧ | — | — | — | ૨૭–૧૮–૯ |
| ૭ | ૧૬ | ૧૭ | ૪ | ૨૦ | ૨૧ | ૨૨ | ૧૧ | ૧૪ | ૨૭ |
| ૮ | ૧૪ | ૨૫ | ૧૭ | ૪ | ૧૫ | ૨૬ | ૧૩ | ૧૯ | ૨૭ |
| ૯ | — | — | — | — | — | — | — | — | ૩–૬–૧૨–૧૮ ૨૧–૨૭ |
| ૧૦ | ૨૨ | ૨૦ | ૧૯ | ૧૪ | ૧૨ | ૧૦ | ૫ | ૨૬ | ૨૭ |
| ૧૧ | ૨૦ | ૧ | ૫ | ૨૫ | ૬ | ૧૪ | ૭ | ૪ | ૨૭ |
| ૧૨ | — | — | — | — | ૧–૧૦–૧૯ | — | — | — | ૨૭–૯–૧૮ |
| ૧૩ | ૧૯ | ૫ | ૨૫ | ૧૭ | ૩ | ૧૬ | ૮ | ૨૦ | ૨૭ |
| ૧૪ | ૮ | ૨૨ | ૨ | ૧૦ | ૨૪ | ૧૧ | ૧૯ | ૭ | ૨૭ |
| ૧૫ | — | — | — | — | ૮–૧૭–૨૬ | — | — | — | ૨૭–૯–૧૮ |
| ૧૬ | ૭ | ૨૬ | ૨૨ | ૨ | ૨૧ | ૧૩ | ૨૦ | ૨૩ | ૨૭ |
| ૧૭ | ૫ | ૭ | ૮ | ૧૩ | ૧૫ | ૧૭ | ૨૨ | ૧ | ૨૭ |
| ૧૮ | — | — | — | — | — | — | — | — | ૨૭–૩–૬–૯ ૧૫–૧૮–૨૧–૨૪ |
| ૧૯ | ૧૩ | ૨ | ૧૦ | ૨૩ | ૧૨ | ૧ | ૧૪ | ૮ | ૨૭ |
| ૨૦ | ૧૧ | ૧૦ | ૨૩ | ૭ | ૬ | ૫ | ૧૬ | ૧૩ | ૨૭ |
| ૨૧ | — | — | — | — | ૨૫–૭–૧૬ | — | — | — | ૨૭–૯–૧૮ |
| ૨૨ | ૧૦ | ૧૪ | ૧૬ | ૨૬ | ૩ | ૭ | ૧૭ | ૨ | ૨૭ |
| ૨૩ | ૨૬ | ૪ | ૨૦ | ૧૯ | ૨૪ | ૨ | ૧ | ૧૬ | ૨૭ |
| ૨૪ | — | — | — | — | ૫–૧૪–૨૩ | — | — | — | ૨૭–૧૮–૯ |
| ૨૫ | ૨૫ | ૮ | ૧૩ | ૧૧ | ૨૧ | ૪ | ૨ | ૫ | ૨૭ |
| ૨૬ | ૨૩ | ૧૬ | ૨૬ | ૨૨ | ૧૫ | ૮ | ૪ | ૧૦ | ૨૭ |
| ૨૭ | એકથી | ૨૭ | સુધીના | અંકો | | | | | |

ઉપરની પહેલી પંક્તિના ૧ થી ૨૭ના અંક સામે ઉપરના છૂટાછૂટા આંકડા છે.

"Aho Shrutgyanam"

દેવગણા નક્ષત્રો અને શુભ આય મેળવેલા સમચોરસ અને ૭ આંગળ સુધીના વધઘટના માપના અંકો

કોષ્ટય ૨

| અંકે ગજ આ ગજ આ | નક્ષત્ર | ગજ આ ગજ આ | નક્ષત્રો | ગજ આ ગજ આ | નક્ષત્રો |
|---|---|---|---|---|---|
| ૧ ૧ | મૃગશીર્ષ | ૧–૧૩×૧–૩ | અનુરાધા | ૨–૧૫×૨–૧૫ | રેવતી |
| ૧ ૫ | શ્રવણ | ૧–૧૫×૧–૨૧ | રેવતી | ૨–૧૫×૨–૨૧ | રેવતી |
| ૧ ૧ ૧ ૭ | અનુરાધા | ૧–૧૯×૨–૧ | પુષ્ય | ૨–૧૭×૨–૧૧ | પુષ્ય |
| ૦ ૨૧ | સ્વાતી | ૧–૧૯×૧–૨૩ | શ્રવણ | ૨–૧૯×૩–૧ | મૃગશીર્ષ |
| ૧ ૧ | | ૧–૨૧×૧–૨૧ | રેવતી | ૨–૧૯×૨–૨૩ | હસ્ત |
| ૧ ૩ | | ૧–૨૧×૨૩ | રેવતી | ૨–૨૧×૨–૨૩ | સ્વાતી |
| ૧ ૩ ૧ ૫ | રેવતી | ૨–૧×૨×૫ | હસ્ત | | |
| ૧ ૭ | | ૧–૨૩×૧–૧ | શ્રવણુ | | |
| ૧ ૯ | | | | | |
| ૧–૫×૧–૫ | મૃગશીર્ષ | | | ૨–૨૩×૨–૨૩ | અનુરાધા |
| ૧–૫×૧–૯ | સ્વાતી | ૨–૫×૨–૫ | પુષ્ય | ૩–૧×૩–૫ | હસ્ત |
| ૧–૭×૧–૧૧ | હસ્ત | ૨–૭×૨–૭ | પુષ્ય | ૩–૧×૩–૯ | રેવતી |
| ૧–૧૧×૧–૧૭ | મૃગશીર્ષ | ૨–૭×૨–૧૧ | હસ્ત | ૩–૩×૩–૭ | સ્વાતી |
| ૧–૧૩×૧–૧૫ | સ્વાતી | ૨–૧૩×૨–૧૭ | શ્રવણ | ૩–૩×૩–૯ | રેવતી |
| ૧–૧૩×૧–૧૭ | હસ્ત | ૨–૧૫×૨–૯ | રેવતી | ૩–૫×૩–૯ | રેવતી |

ઉપર પ્રમાણે **સમચોરસ** અને ૭ આંગળ સુધીના વધઘટના માપના દેવગણા નક્ષત્રો મળે
ગ.આ. ગ.આ. ગ.આ.
છે. આનાથી વધુ મોટા માપના ગર્ભગૃહ કે મંડપ કરવાના હોય તો ૨–૬, ૪–૧૨, ૬–૧૮, **અગર** ૯ ગજ ઉપર આપેલા કોષ્ટકના આંકડા ઉમેરી ઉપર લખ્યા તેજ દેવ ગણા નક્ષત્રો જ મળી આવે છે. આ સહેલી રીત છે.

ગૃહસ્વામીના નામ પરથી અને ગૃહના નક્ષત્ર પરથી રાશિ જાણવાનું કોષ્ટક ૩

| ગૃહસ્વામીના નામાક્ષર | ડ હ | દ ચ ઝ થ | ન ય | અ લ ઈ | મ ટ | ભ ધ ફ ઢ | બ વ ઉ | પ ઠ ણ | ખ જ | ક છ ઘ | ર ત | ગ સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાશિ | કર્ક ૪ | મીન ૧૨ | વૃશ્ચિક ૮ | મેષ ૧ | સિંહ ૫ | ધન ૯ | વૃષ ૨ | કન્યા ૬ | મકર ૧૦ | મિથુ ૩ | તુલા ૭ | કુંભ ૧૨ |
| નક્ષત્ર | — આ-શ્લેષા ૯ પુષ્ય ૮ | — રેવતી ૨૭ ઉ.ભા. ૨૬ | — જ્યેષ્ઠા ૧૮ અનુ. ૧૭ | કૃતિકા ૩ ભરણી ૨ અશ્વિની ૧ | ઉ.ફા ૧૨ પૂ.ફા. ૧૧ મઘા ૧૦ | ઉષાઢા ૨૧ પૂ.ષાઢા ૨૦ મૂલ ૧૮ | — મૃગ. ૫ રોહિ. ૪ | — ચિત્રા ૧૪ હસ્ત ૧૩ | — ધનિ ૨૩ શ્રવણ ૨૨ | — પુ.વંસુ ૭ આર્દ્રા ૬ | — વિશાખા ૧૬ સ્વાતિ ૧૫ | — પૂ.ભાદ્રપ ૨૫ શતભિષા ૨૪ |

"Aho Shrutgyanam"

नक्षत्रगणः

देवमश्विमृगस्वातिश्रुतिपुष्यपुनर्वसुः ।
रेवतीहस्तमैत्रं च नृणां पूर्वोत्तरा तथा ॥ २२ ॥

અશ્વિની, મૃગશીર્ષ, સ્વાતિ, શ્રવણ, પુષ્ય, પુનર્વસુ, હસ્ત, અનુરાધા અને શ્રવણ એ નવ નક્ષત્રોનો દેવગણ જાણવો. (આ શ્લોકમાંના नृणां पूर्वोत्तरा तथा નો સંબંધ આગળના શ્લોક સાથે છે. છતાં તેમાં तिस्रः पूर्वोत्तराश्चैव એ પુનરુક્તિ કરી છે. ૨૨

तिस्रः पूर्वोत्तराश्चैव तिस्रोऽप्यार्द्रा च रोहिणी ।
भरणी वै मनुष्याणां गणोऽसौ कथितो बुधैः ॥ २३ ॥

ત્રણે પૂર્વા, ત્રણે ઉત્તરા અને આર્દ્રા, રોહિણી તથા ભરણી એ નવ નક્ષત્રોનો મનુષ્યગણ છે. ૨૩

कृत्तिका च मूलाऽऽश्लेषे मघा चित्राविशाखयोः ।
धनिष्ठा शतभिषा ज्येष्ठा नवैते रक्षसां गणः ॥ २४ ॥

કૃત્તિકા, મૂલ, આશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, ધનિષ્ઠા, શતભિષા અને જ્યેષ્ઠા આ નવ નક્ષત્રોનો રાક્ષસ ગણ છે. ૨૪

स्वगणे चोत्तमा प्रीतिर्मध्यमा देवमानुषैः ।
कलहो देवदैत्यानां मृत्युर्मानवरक्षसाम् ॥ २५ ॥

ઘર અને ઘરધણીનો એકજ ગણ હોય તો પરસ્પર ઉત્તમ પ્રીતિ ગણાય છે. અર્થાત્ તે શ્રેષ્ઠ ગણવું. એકનો દેવગણ અને બીજાનો મનુષ્યગણ હોય તો તે મધ્યમ જાણવું. જો એકનો દેવગણ અને બીજાનો દૈત્ય (રાક્ષસ) ગણ હોય તો હંમેશાં કલેશ રહે. જો એકનો મનુષ્યગણ અને બીજાનો રાક્ષસગણ હોય તો મૃત્યુકારક જાણવું. ૨૫

तारा

स्वामिभाद्गेहभं यावत् शेषं तारांकभाजिते ।
त्याज्यास्त्रिपंचसप्ताख्याश्चन्द्रमा अग्रपृष्ठतः ॥ २६ ॥

ઘરધણીના જન્મનક્ષત્રથી ઘરના નક્ષત્ર સુધી ગણતાં જે અંક સંખ્યા આવે તેને નવથી ભાગતાં શેષ રહે તે તારા જાણવી. તેમાં ત્રીજી, પાંચમી અને સાતમી તારા વર્જ્ય ગણવી. તારાઓનાં નામ (૧) શાન્તા (૨) મનોહરા (૩) ક્રૂરા (૪) વિજયા (૫) કલહોદ્ભવા (૬) પદ્મિની (૭) રાક્ષસી (૮) વીરા અને (૯) આનંદા એમ અનુક્રમે છે. ત્રીજી, પાંચમી અને સાતમી તારા ક્રૂરનામવાળી હોવાથી તે તજવી. ઘરના સંમુખ કે પાછળ ચંદ્રમાનું ઘર આવતું હોય તો ન લેવું. ૨૬



"Aho Shrutgyanam"

## ગૃહસ્વામીના નામ ઉપરની અને ગૃહ નક્ષત્ર ઉપરની રાશિ જાણવાનું કોષ્ટક.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૃહસ્વામીના નામાક્ષર | ડ હ | દ ચ ઝ થ | ન ય | અ લ ઈ | મ ટ | ભ ધ ફ ઢ | બ વ ઉ | પ ઠ ણ | ખ જ | ક છ ઘ | ર ત | ગ શ |
| બાર રાશિ | કર્ક ૪ | મીન ૧૨ | વૃશ્ચિક ૮ | મેષ ૧ | સિંહ ૫ | ધન ૯ | વૃષ ૨ | કન્યા ૬ | મકર ૧૦ | મિથુન ૩ | તુલા ૭ | કુંભ ૧૧ |
| નક્ષત્ર | — | — | — | કૃત્તિકા ૩ | ઉ. ફાલ્ગુન ૧૨ | ઉ. ષાઢા ૨૧ | — | — | — | — | — | — |
| | અશ્લેષા ૯ | રેવતી ૨૭ | જ્યેષ્ઠા ૧૮ | ભરણી ૨ | પૂ. ફાલ્ગુન ૧૧ | પૂ. ષાઢા ૨૦ | મૃગશીર્ષ ૫ | ચિત્રા ૧૪ | ધનિષ્ઠા ૨૩ | પુનર્વસુ ૭ | વિશાખા ૧૬ | પૂ. ભાદ્રપદ ૨૫ |
| | પુષ્ય ૮ | ઉ ભાદ્ર ૨૬ | અનુરાધા ૧૭ | અશ્વિની ૧ | મઘા ૧૦ | મૂલ ૧૯ | રોહિણી ૪ | હસ્ત ૧૩ | શ્રવણ ૨૨ | આર્દ્રા ૬ | સ્વાતિ ૧૫ | શતભિષા ૨૪ |
| જાતિ | બ્રાહ્મણ જાતિ | | | ક્ષત્રિય જાતિ | | | વૈશ્ય જાતિ | | | શૂદ્ર જાતિ | | |

"Aho Shrutgyanam"

चंद्रवासः

**सप्तके सप्तके वह्नौ धिष्ण्ये पूर्वादिसृष्टितः ।**
**गृहर्क्षे चन्द्रमा ज्ञेयः प्रासादे चाग्रतः शुभः ॥ २७ ॥**

કૃત્તિકાદિ સાત સાત નક્ષત્રો પૂર્વાદિ ચારે દિશાએ મૂકવાં.[૧૦] ચંદ્રનું નક્ષત્ર જે દિશામાં હોય ત્યાં તેનો વાસ (ગૃહ–ઘર) જાણવો. ઘર બનાવતાં જો ચંદ્રમાનું ઘર સન્મુખ કે પાછળ હોય તો નેષ્ટ જાણવું. ડાબી જમણી તરફ ચંદ્રમા લેવો. પ્રાસાદને, રાજમહેલોને વિષે સન્મુખ ચંદ્રમા લેવો. બાજુમાં પણ લેવો. પ્રાસાદ(દેવગૃહ, દેવમંદિર)માં સંમુખ-ચંદ્રનો દોષ લાગતો નથી. ૨૭

अंशकः

**व्ययवेश्माक्षरैर्युक्तो मूलराशिस्त्रिभाजितः ।**
**इंद्रो यमो नृपः प्रीतिर्न शुभाधिनवाष्टकाः ॥ २८ ॥**

ઘરનો જેટલામો વ્યયનો અંક હોય તે તથા મૂળ રાશિનો અંક અને ઘરના નામના અક્ષરોનો અંક એ સર્વનો સરવાળો કરી તેને ત્રણે ભાગતાં શેષ રહે તે અશંક જાણવો એક વધે તો ઇન્દ્રાંશક, બે વધે તો યમાશક અને ત્રણ વધે તો રાજાંશક જાણવો.

૧. દેવાલય, મૂર્તિ, લિંગ, મંડપ, વેદી, અને કુંડમાં ઇન્દ્રાંશક આપવો.
૨. ક્ષેત્રપાળ, ભૈરવ, નાગેંદ્ર અને માતૃદેવીની મૂર્તિને યમાંશક દેવો.
૩. પુર, કિલ્લા, શિખર, હવેલી, રાજમહેલ અને સિંહાસનને રાજાંશક દેવો. ૨૮

राशिमैत्रिः

**सप्तमे चोत्तमा प्रीतिः षडाष्टे मरणं ध्रुवम् ।**
**नवपंचे ह्यतिक्लेशः पुष्टिर्दशचतुर्थके ॥ २९ ॥**
**तृतीयैकादशे मैत्री द्वितीये द्वादशे रिपुः ।**
**एवं तु षडविधं प्रोक्तं राशीनां च परस्परम् ॥ ३० ॥**

ઘરની રાશિથી ઘરના સ્વામિની રાશિ સુધી ગણતાં સાતમી આવે તો ઉત્તમપ્રીતિ, છઠ્ઠી કે આઠમી આવે તો મૃત્યુ થાય. નવમી ને પાંચમી રાશિ આવે તો ક્લેશ થાય. દશમી અને ચોથી આવે તો તે પુષ્ટિકારક જાણવી. ત્રીજી અને અગ્યારમી રાશિ આવે તો મિત્રતા

---

૧૦ (૧) પૂર્વદિશાનાં નક્ષત્રોઃ–કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અને આશ્લેષા.
(૨) દક્ષિણદિશાનાં નક્ષત્રોઃ–મઘા, પૂ. ફાલ્ગુની, ઉત્તરફાલ્ગુની, હસ્ત, ચિત્રા સ્વાતિ ને વિશાખા.
(૩) પશ્ચિમમુખ નક્ષત્રોઃ–અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂ.ષાઢા, ઉ. ષાઢા, શ્રવણ એ ૭ નક્ષત્રો.
(૪) ઉત્તરદિશાનાં નક્ષત્રો–ધનિષ્ઠા, શતભિષા, પૂ. ભા., ઉ. ભા. રેવતી, અશ્વિની અને ભરણી.

"Aho Shrutgyanam"

## નક્ષત્રના નંબર, મૂળ સંજ્ઞા, ગણ, ચંદ્ર. રાશિના સ્વામિ, જાતિ, વ્યય

| | નક્ષત્રોનો ક્રમાંક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નક્ષત્ર મૂળ રાશિ | અશ્વિની ૧૭ | ભરણી ૭ | કૃતિકા ૨૪ | રોહિણી ૧૪ | મૃગશીર્ષ ૪ | આર્દ્રા ૨૧ | પુનર્વસુ ૧૧ | પુષ્ય ૧ | આશ્લેષા ૧૮ | મઘા ૮ | પૂ. ફા. ૨૫ | ઉ. ફા. ૧૫ | હસ્ત ૫ |
| ૨ | ગણ | દેવગણ | મનુષ્ય | રાક્ષસ | મનુષ્ય | દેવ | મનુષ્ય | દેવ | દેવ | રાક્ષસ | રાક્ષસ | મનુષ્ય | મનુષ્ય | દેવ |
| ૩ | ચંદ્ર | ઉત્તર | ઉત્તર | પૂર્વ | પૂર્વ | પૂર્વ | પૂર્વ | પૂર્વ | પૂર્વ | પૂર્વ | દક્ષિણ | દક્ષિણ | દક્ષિણ | દક્ષિણ |
| ૪ | રાશિ | મેષ | મેષ | મેષ | વૃષભ | વૃષભ | મિથુન | મિથુન | કર્ક | કર્ક | સિંહ | સિંહ | સિંહ | કન્યા |
| ૫ | જાતિ | ક્ષત્રિ | ક્ષત્રિ | ક્ષત્રિય | વૈશ્ય | વૈશ્ય | શૂદ્ર | શૂદ્ર | બ્રાહ્મણ | બ્રાહ્મણ | ક્ષત્રિ | ક્ષત્રિય | ક્ષત્રિય | વૈશ્ય |
| ૬ | રાશિકા સ્વામિ | મંગલ | મંગલ | મંગલ | શુક્ર | શુક્ર | બુધ | બુધ | સોમ | સોમ | સૂર્ય | સૂર્ય | સૂર્ય | બુધ |
| ૭ | વ્યય | શાંત ૧ | પૌર ૨ | પ્રદ્યોત ૩ | શ્રેયાનંદ ૪ | મનોહર ૫ | શ્રીવત્સ ૬ | વિભવ ૭ | ચિદાત્મક ૮ | શાંન્ત ૧ | પૌર ૨ | પ્રદ્યોત ૩ | શ્રેયાનંદ ૪ | મનોહર ૫ |
| ૮ | નાડી | આદ્ય | મધ્ય | અન્ત્ય | અન્ત્ય | મધ્ય | આદ્ય | આદ્ય | મધ્ય | અન્ત્ય | અન્ત્ય | મધ્ય | આદ્ય | આદ્ય |
| ૯ | નક્ષત્ર યોનિ | અશ્વ | ગજ | અજ | સર્પ | સર્પ | શ્વાન | બીલાડ | અજ | બીલાડ | મૂષક | મૂષક | ગાય | મહિષ |
| ૧૦ | યોનિ વૈર | મહિષ | સિંહ | મર્કટ | નોળિયો | નોળિયો | વાનર | મૂષક | મર્કટ | મૂષક | બીલાડ | બીલાડ | વ્યાઘ્ર | અશ્વ |
| ૧૧ | નક્ષત્ર વૈર | ઉ. ફા. | સ્વાતિ | ૦ | ઉ. ષા | ૦ | ૦ | શ્રવણ | અશ્લેષા | પુષ્ય | ૦ | ૦ | અશ્વિની | ચિત્રા |
| ૧૨ | નામાક્ષર | | અ લ ઈ | | | બ વ ઉ | | ક છ ઘ | | ડ હ | | મ ટ | પ ઠ ણ | |

# નાડી, નક્ષત્રની યોની, અને યોની વેર વિગેરે દશ અંગનુ કોષ્ટક.

| નક્ષત્ર ક્રમાંક | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નક્ષત્ર મુળરાશિ | ચિત્રા ૨૨ | સ્વાતિ ૧૨ | વિશાખા ૨ | અનુરાધા ૧૯ | જ્યેષ્ઠા ૯ | મૂળ ૫૬ | પૂ. પાઢા ૧૬ | ઉ.ષાઢા ૬ | શ્રવણ ૨૩ | ધનિષ્ટા ૧૩ | શતભિષા ૩ | પુ. ભા. ૨૦ | ઉ. ભા. ૧૦ | રેવતી ૨૭ |
| ૨ ગણ | રાક્ષસ | દેવ | રાક્ષસ | દેવ | રાક્ષસ | રાક્ષસ | મનુષ્ય | મનુષ | દેવગણ | રાક્ષસ | રાક્ષસ | મનુષ | મનુષ્ય | દેવગણ |
| ૩ ચંદ્ર | દક્ષિણ | દક્ષિણ | દક્ષિણ | પશ્ચિમ | પશ્ચિમ | પશ્ચિમ | પશ્ચિમ | પશ્ચિમ | પશ્ચિમ | ઉત્તર | ઉત્તર | ઉત્તર | ઉત્તર | ઉત્તર |
| ૪ રાશિ | કન્યા | તુલા | તુલા | વૃશ્ચિય | વૃશ્ચિય | ધન | ધન | ધન | મકર | મકર | કુંભ | કુંભ | મીન | મીન |
| ૫ જાતિ | વૈસ્ય | શુદ્ર | શુદ્ર | બ્રાહ્મણ | બ્રાહ્મણ | ક્ષત્રિય | ક્ષત્રિય | ક્ષત્રિય | વૈસ્ય | વૈસ્ય | શુદ્ર | શુદ્ર | બ્રાહ્મણ | બ્રાહ્મણ |
| ૬ રાશિકા સ્વામિ | બુધ | શુક્ર | શુક્ર | મંગળ | મંગળ | ગુરુ | ગુરુ | ગુરુ | શનિ | શનિ | શનિ: | શનિ | ગુરુ | ગુરુ |
| ૭ વ્યય | શ્રીવત્સ ૬ | વિભવ ૭ | ચિદાત્મા ૮ | શાંન્ત ૧ | પૌર ૨ | પ્રદ્યોત ૩ | શ્રીયાનંદ ૪ | મનોહર ૫ | શ્રીવત્સ ૬ | વિભવ ૭ | ચિદાત્મક ૮ | શાંન્ત ૧ | પૌર ૨ | પ્રદ્યોત ૩ |
| ૮ નાડી | મધ્ય | અન્ત્ય | અન્ત્ય | મધ્ય | આદ્ય | આદ્ય | મધ્ય | અન્ત્ય | અન્ત્ય | મધ્ય | આદ્ય | આદ્ય | મધ્ય | અન્ત્ય |
| ૯ નક્ષત્ર યો | વ્યાઘ | મહિષ | વ્યાઘ | મૃગ | મૃગ | શ્વાન | કપી | નકુલ | કપી | સિંહ | અશ્વ | સિંહ | ગાય | ગજ |
| ૧૦ યો વૈર | ગાય | અશ્વ | ગાય | સિંહ | સિંહ | વાનર | શ્વાન | સર્પ | શ્વાન | ગાય | મહિષ | ગજ | વ્યાઘ | સિંહ |
| ૧૧ ન. વૈર | હસ્ત | ભરણી | જ્યેષ્ઠા | ૦ | વિશાખા | ૦ | ૦ | રોહિણી | પુનર્વસુ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ નામાક્ષર | | ર ત | | ન ય | | ભ ધ ફ ઢ | | | ખ જ | | ગ સ | | દ ચ ઝ થ | |

થાય. બીજી ને બારમી રાશિ શત્રુતા કરાવે. આ ષડાષ્ટક, રાશિની પરસ્પર મૈત્રી, વર-કન્યાના સંબંધો, શેઠ નોકરના સંબંધો વગેરેમાં પણ જોવી. ૩૦

समराश्यधिकाषड्भिर्दंपत्योर्भुवनेशयोः ।
सौख्यदा स्वामिमित्रत्वात्पंचमी विषमा समात् ॥ ३१ ॥

સમ રાશિ (બેકી રાશિ) માંહે બીયા બારૂં અને ષડાષ્ટક (૬–૮) અને વિષમ રાશિમાં નવપંચ (૯–૫) આ સર્વ દંપતિ પુરૂષ અને ઘરના ઘરધણીના ષડાષ્ટક જોવા નોકરને શેઠ મિત્ર અમિત્રમા જોવુ ઇષ્ટપ્રાપ્તિ રાખવી દુષ્ટ પ્રીતિ તજવી. ૩૧

नक्षत्रोनी राशि

अश्विन्यादित्रयं मेषः सिंहे देयं मघात्रिकम् ।
मूलादित्रितयं चापे शेषाणि नवराशिषु ॥ ३२ ॥

અશ્વિની, ભરણી ને કૃત્તિકાની મેષ રાશિ, મઘા, પૂ. ફાલ્ગુની ને ઉ.ફાલ્ગુનીની સિંહ રાશિ, મૂળ, પૂ.ષાઢા ને ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્રોની ધનરાશિ જાણવી. બાકીની નવ રાશિ બબ્બે નક્ષત્રોની જાણવી. ૩૨

राशिना स्वामि

भौमभृगुज्ञचंद्रार्कबुधभार्गवभूमिजाः ।
गुरुमंदार्कजा जीवो मेषादीनामधीश्वराः ॥ ३३ ॥

મેષ ને વૃશ્ચિકનો સ્વામિ મંગળ. વૃષભ ને તુલાનો શુક્ર. કન્યા અને મિથુનનો બુધ. કર્કનો સ્વામિ ચંદ્રમા અને સિંહનો સ્વામિ સૂર્ય જાણવો. આમ બારે રાશિના આ સાત ગ્રહો ક્ષેત્રના અધિપતિ દેવ જાણવા. આ સર્વ રાશિસ્વામી પોતાના ક્ષેત્રમાં હોય તો પીડા કરતા નથી. વિષમ સ્થાને, શત્રુસ્થાને પીડા કરે અને તેથી શત્રુ મિત્ર સંબંધ ભાવ જોવો. ૩૩

राशिना स्वामिना भाव (मैत्री)

मित्राण्यर्केन्दुभौमेज्या बुधशुक्रशनिश्वराः ।
वैरमन्योऽन्यमेतेषां त्याज्या हर्म्यगृहेशयोः ॥ ३४ ॥
राहुरवौ परं वैरं गुरुभार्गवयोरपि ।
हिमांशुबुधयोर्वैरं विवस्वान्मंदयोरपि ॥ ३५ ॥

આદિત્ય (સૂર્ય), ચંદ્ર, મંગળ અને ગુરૂને મૈત્રી છે. બુધ, શુક્ર અને શનૈશ્વરને મૈત્રી છે. પરંતુ બીજા ગ્રહોને અન્યોન્યવૈર છે. જેમકે રાહુ રવિ ને વેર. શુક્ર ને ગુરૂને વેર. ચંદ્રમા અને બુધને વૈર. સૂર્ય અને શનૈશ્ચરને વૈર. ૩૪–૩૫

"Aho Shrutgyanam"

રાશિના સ્વામિ અને તેના મિત્ર-સમભાવ
કે શત્રુભાવ જોવાનું કોષ્ટક.

| રાશિ | સ્વામિ | મિત્રભાવ | સમભાવ | શત્રુભાવ |
|---|---|---|---|---|
| સિંહ | સૂર્ય | ચંદ્ર-ગુરૂ મંગળ | બુધ | શુક્ર શનિ |
| કર્ક | ચંદ્ર | સૂર્ય-બુધ | ગુરૂ-શુક્ર મં. શની | ० |
| મેષ-વૃશ્ચિ | મંગળ | સૂર્ય-ચંદ્ર ગુરૂ | ગુરૂ શનિ | બુધ |
| મિથુન કન્યા | બુધ | સૂર્ય-શુક્ર | મંગળ ગુરૂ શનિ | ચંદ્ર |
| ધન-મીન | ગુરૂ | સૂર્ય-ચંદ્ર મંગળ | શનિ | બુધ શુક્ર |
| વૃષભ-તુલા | શુક્ર | બુધ-શનિ | ચંદ્ર ગુરૂ | સૂર્ય મંગળ |
| મકર-કુંભ | શનિ | બુધ-શુક્ર | ગુરૂ | સૂર્ય ચંદ્ર મંગળ |

आयस्थान

वृषे गजस्तयोः सिंहः ध्वजस्तेष्वन्यतो न गौ ।
स्वस्थाने दक्षिणे वामेऽप्येकैकस्तु दिशां त्रये ॥ ३६ ॥

વૃષાયને સ્થાને ગજાય દેવો. એ બેઉના સ્થાને સિંહાય દેવો. વૃષ, ગજ અને સિંહાયને સ્થાને ધ્વજાય દેવો. પણ વૃષાય બીજા કોઈના સ્થાને ન લેવો. દરેક આય પોતાના સ્થાને તથા પોતાનાથી ડાબે જમણે સ્થાને એમ ત્રણ જગ્યાએ લઈ શકાય. ૩૬

अल्पदोषं बहुगुणं न भयाय गृहे सदा ।
आयव्ययो प्रयत्नेन विरुद्धं वर्जयेत्सुधीः ॥ ३७ ॥

ઘર કે પ્રાસાદ નિર્માણમાં થોડા દોષ હોય અને ગુણ વધારે હોય તો તે વાસ્તુ નિર્દોષ દોષ વગરનું હમેશાં માનવું. આયવ્યય આદિ ગણિત પ્રયત્ન કરીને દોષ તજીને કરવું. ૩૭

सिंहमीनालिराशीनां नृणां पूर्वमुखं गृहम् ।
कन्यामकरकर्केशनराणां दक्षिणामुखम् ॥ ३८ ॥
तुलामिथुनचापानां पश्चिमाभिमुखं हितम् ।
कुंभमेषवृषाधीशनराणामुत्तरं मुखम् ॥ ३९ ॥

"Aho Shrutgyanam"

સિંહ, મીન અને વૃશ્ચિક રાશિવાળા સ્વામિને પૂર્વ મુખના દ્વારવાળું ઘર કરવું. કન્યા, મકર અને કર્ક રાશિના સ્વામિને દક્ષિણાભિમુખદ્વારવાળું ઘર કરવું. તુલા, મિથુન અને ધન રાશિના સ્વામિને પશ્ચિમાભિમુખના દ્વારવાળું ઘર કરવું. કુંભ, મેષ, અને વૃષભ રાશિના સ્વામિને ઉત્તરાભિમુખ દ્વારવાળું ઘર કરવું. ૩૭–૩૭

नागचूड


भाद्रादित्रित्रिमासेषु सृष्टादिपूर्वतो मुखम् ।
खातं वायुमहेशाग्निनैऋत्येषु शुभं क्रमात् ॥ ४० ॥

[११]ભાદરવો, આસો ને કાર્તિક એ ત્રણ માસમાં નાગનું મુખ પૂર્વે હોય છે, ત્યારે વાયવ્ય ખૂણે ખાત કરવું. માર્ગશીર્ષ, પોષ ને માઘ એ ત્રણ માસમાં નાગનું મુખ દક્ષિણે હોય ત્યારે ઈશાન કોણે ખાત કરવું. ફાગણ, ચૈત્ર ને વૈશાખ એ ત્રણ માસમાં નાગનું મુખ પશ્ચિમે હોય ત્યારે અગ્નિ ખૂણે ખાત કરવું. જેઠ, અશાડ ને શ્રાવણ એ ત્રણ માસમાં નાગનું મુખ ઉત્તરે હોય ત્યારે નૈર્ઋત્ય કોણે ખાત કરવું. ૩૮

वर्णादिने गृहप्रयाण

द्वात्रिंशत्हस्तपर्यन्तं चतुर्हस्तादितो गृहम् ।
ततो राजगृहं कुर्यादष्टोत्तरशतावधि ॥ ४१ ॥

ચાર ગજથી બત્રીશ ગજ સુધીના માપનાં ઘરો બ્રાહ્મણાદિ જાતિને માટે કરવાં. તેમાં બ્રાહ્મણનું ઘર બત્રીસ હાથનું ક્ષત્રિયનું, અઠ્ઠાવીશ હાથનું, વૈશ્યનું ચોવીશ હાથનું, શૂદ્રનું ઘર વીશ હાથનું અને અંત્યજનું સોળ હાથ સુધી એમ ઘરો કરવાં. રાજાને માટે ચોસઠ હાથથી એકસો આઠ હાથ પર્યંતના માપનાં રાજભવન કરવાં, તેથી અધિક ન કરવાં. ૪૦




૧૧ (૧) મીન, મેષ ને વૃષ એ ત્રણ સંક્રાન્તિમાં નાગનું મુખ પશ્ચિમે હોય ત્યારે અગ્નિ કોણે ખાત કરવું.

(૨) મિથુન, કર્ક કે સિંહ એ ત્રણ સંક્રાન્તિમાં નાગનું મુખ ઉત્તરે હોય છે. ત્યારે નૈર્ઋત્ય કોણે ખાત કરવું.

(૩) કન્યા, તુલા, વૃશ્ચિક એ ત્રણ સંક્રાન્તિમાં નાગનું મુખ પૂર્વે હોય ત્યારે વાયવ્ય કોણે ખાત કરવું.

(૪) ધન મકર કે કુંભ એ ત્રણ સંક્રાન્તિમાં નાગનું મુખ દક્ષિણે હોય ત્યારે ઈશાન કોણમાં ખાત કરવું.

"Aho Shrutgyanam"

**विस्तारेण समं दैर्ध्ये द्विगुणावधि चेष्यते ।**
**एकभूरष्ट हस्ते स्याद् दशवृद्ध्या पुनस्ततः ॥ ४१ ॥**

ઘરની કહેલી પહોળાઈથી સમ=સરખું લાંબું ઘર કરવું કે સવાયું કે દોઢું કે બમણું સુધી લાંબું ઘર કરવું. જો આઠ ગજનું ઘર હોય તો એક ભૂમિ (મજલા)નું ઘર કરવું. બીજી ભૂમિ (મજલો) ન કરવો. નવ ગજથી દશ ગજ પર્યંતના ઘરને બે ભૂમિ મજલા કરવા ૧૯ થી ૨૮ ગજ સુધીના ઘરને ત્રણ ભૂમિ (મજલા) કરવી. એ રીતે અનુક્રમે દશ ગજની વૃદ્ધિ ઉપર એક એક ભૂમિ વધારવી. ૪૧


भूमि—मजला—प्रमाण

**एक भूमी द्वि भूमीच त्रि भूमी भवनं नृणाम् ।**
**तत्परं भूपतीनां च नवैकादशभूमिकम् ॥ ४२ ॥**

એક ભૂમિ, બે ભૂમિ કે ત્રણ ભૂમિ (મજલા) સર્વ લોકોને કરવા. તેથી અધિક ભુમિ પાંચ, સાત, નવ, કે અગ્યાર પર્યંતની ભૂમિ નૃપતિ–રાજાઓને કરવી. રાજમહેલો પાંચથી અગીઆર મજલા સુધીના કરવા. ૪૨

## એકાશી પદનો વાસ્તુ

પૂર્વ






"Aho Shrutgyanam"

द्वारमान

**सप्ततिषष्टि पंचाशद् व्यासहस्तमितांङ्गुलः ।**
**मिश्रितः भवनद्वारो देयो व्यासस्तदर्धतः ॥ ४३ ॥**


શીત્તેર આંગળ ઊંચું ઘરનું દ્વાર ઉત્તમ સાઠ આંગળનું મધ્યમ અને પચાસ આંગળનું દ્વાર કનિષ્ઠ જાણવું. તે દ્વારના ઉદયમાં ઘરનો વ્યાસ જેટલા ગજ હોય તેટલા આંગુલ દ્વારના વ્યાસમાં ઉમેરતાં જ્યેષ્ઠ જાણવું. તથા મધ્યને કનિષ્ઠમાં વધારવાથી દોષ નહિ. દ્વારના ઉદયમાનથી અર્ધો દ્વારનો વ્યાસ (પહોળાઈ) ઉપર કહેલ આંગુલથી વધારેલા હોય તો તેના અર્ધા જેટલું પહોળું દ્વાર કરવું. ૪૩

**वामें दक्षे क्रमान्मध्ये नराश्वगृहे शुभम् ।**
**क्षेत्रांकभाजिते द्वारं क्रूरस्थाने विवर्जयेत् ॥ ४४ ॥**

મનુષ્યના ઘરનું દ્વાર ગર્ભથી ડાબી બાજુ મુકવું. અશ્વશાલાને જમણી તરફ અને હસ્તિશાલાને ગર્ભ (મધ્યમાં) દ્વાર મુકવું, તે શુભ જાણવું. ક્રૂર અસ્થાને દ્વાર ન મુકવું.

બીજો ભેદ–ક્ષેત્રફળના નવ ભાગ એટલે ૮×૮ ચોસઠપદના વાસ્તુ દેવતાના

**ચોસઠ પદનો વાસ્તુ**




ચોકડી મૂકી છે તે નવ સ્થાને દ્વાર ન મૂકવું.

"Aho Shrutgyanam"

ભાગને કલ્પી તેમાં બધા દેવોનું સ્થાપન કરવું. તેમાં શુભ દેવતાના સ્થાને દ્વાર મુકવું. ક્રૂર અસ્થાને દ્વાર ન મુકવું. ૪૪

जयंत इंद्रवितथ उपद्वारे गृहक्षते ।
वरुणे पुष्पदंते च सोमे भृल्लाटके तथा ॥ ४५ ॥

એકાશીપદન. વાસ્તુના પદ સ્થાને દ્વાર મુકવાનું કહે છેઃ જયંત, ઇંદ્ર, ઇન્દ્ર વિતથ અને ગૃહસ્થત, વરૂણ, પુષ્પદંત, સોમ અને ભલ્લાટના એ આઠ પદના સ્થાને દ્વાર મુકવું. મુળદ્વારની બાજુના નાના દ્વારને ઉપદ્વાર કહે છે. ૪૫

इंद्रे गृहक्षते पुष्पदंते भल्लाटके तथा ।
द्वारवेधं त्यजेत्कोणे स्तंम्भे कूपे सुरालये ॥
दक्षिणे श्रूयते द्वाराग्रवेधो द्विगुणान्तरे ॥ ४६ ॥

વાસ્તુના પદના ઇંદ્રિ, ગૃહક્ષત, પુષ્પદંત અને ભલ્લાટના પદે દ્વાર વેધ તજવો ખુણો પડતો હોય, સ્તંભ કે કુવો કે દેવસ્થાન આદિ દ્વારા સામે આવે તો તે વેધ તજવો.

સાંભળવા મુજબ (બીજા આચાર્યોના મતમાં) દ્વારની જમણી બાજુ કે દ્વારથી બમણા અંતરે (દ્વારના પ્રમાણથી બમણા અંતરે) વેધ ઉત્પન્ન કરનાર પદાર્થો હોય તો વેધ લાગતો નથી. ૪૬

द्वाराग्रे खटकीद्वारं षोऽशांशमघो ह्यधः ।
सप्तहस्तादितः पंच प्रतोल्या विषमैः करैः ॥ ४७ ॥

મુખ્ય દ્વાર તેટલું ઊંચું હોય તેનાથી પરસાળનું દ્વાર બારશાખના સોળમાં ભાગ જેટલું નીચું માંડવું. પણ ઉત્તરંગ એક સૂત્રમાં રાખવા. પછી તેથી ખડકી દ્વારનું તળગઢ એટલું નીચું મુકવું અને તે ખડકીનું દ્વાર પ્રતોલ્યથી શેરી–પોળથી પાંચ સાત નવ હાથના વિષય હસ્તના અંતરે રાખવી.

ઘરના ઉદયનુમાન

षण्णवत्या युगाऽशीत्या द्विसप्तत्यंगुलैर्युतः ।
व्यासस्य षोडशो भागं स्तदत्रधि मंदिरोदयः ॥४८॥

[14]ઘરના ઉદયના ત્રણ ભેદ : છન્નું આંગુલ, ચોરાશી આંગુલ. અને બહોતેર આંગુલ, એમ ઉત્તમ, મધ્યમને કનિષ્ઠ માન ઉભણી જાણવી. ૪૮

---

૧૪ (૧) દ્વારનો ઉદય. ઘરની પહોળાઇના જેટલા ગજ હોય તેટલા આંગુલમાં આઠ આગુલ મેળવતાં જે થાય થાય તેટલુ ઘરના દ્વારનો ઉદય–માન મધ્યમાન અને ૫૦ આગુલ ઉમેરતા કનિષ્ઠમાન ૭૦ આંગુલ ઉમેરતાં જ્યેષ્ઠ માન.


(૨) મત્સ્યપુરાણમાં દ્વારોદયના દશ પ્રકાર ભેદ કહ્યા છે. ૧૫૦ આંગલથી. ૧૪૦, ૧૩૦, ૧૨૦, ૧૧૦, ૧૮૦, ૧૯૦, ૧૧૬, ૧૦૯ અને ૮૦ આંગુલ એ પ્રકારે દ્વારોદયના દશ ભેદ બુદ્ધીમાન શીલ્પીએ જ્યાં ઘટે તેવા ઉદયનું દ્વાર કરવું.

(૩) ઘરના વ્યાસનો સોળમાં અંશમાં ત્રણ હાથ ઉમેરવાથી મધ્યમાનના દ્વારનો ઉદય જાણવો.

"Aho Shrutgyanam"

पंयाशे भाजिते तस्मिन् वेदिका भागतो भवेत् ।
मत्तवारण मेकांशन् तावेदांशतः श्रुभा ॥४९॥

ઘરની ઉદયના માનમાં પાંચ ભાગ કરીને ઉંચાઈ અથવા ઉભણી અથવા **ઓટવણુ** અને વેદિકા એટલે મદોન્મત હાથી જેની દેખાતી પગથીઓની આજુબાજુ **મુકાતી** ઓટલીઓ તે. મતવારણના ઉદયના ચોથા ભાગે નમણુ કરવી. ૪૯



उदये नवभिर्भक्ते एकांशे पदकुंभिके ।
भागार्धे भरणं शीर्ष मध्यं स्तंभ षडांशके ।५०॥

ઘરના ઉદયના પાટડા મથાળેથી નવ ભાગ કરવા, તેમાં એક ભાગ કુંભ, છ ભાગનો સ્થંભ, ભરણું અટધો ભાગ અને સરૂ અધો ભાગ અને એક ભાગનો પાટ–પાટડો જાણવો. ૫૦

उदम्बरसमाकार्या कुंभिका सर्वतो बुधैः ।
मध्य उच्चगृहं श्रेष्ठं भागोच्चं न शुभावहम् ॥५१॥

ઘરના દ્વારનો ઉંબરોને કુંભી એક સૂત્રમાં બુદ્ધિમાન શિલ્પીશ્રી રાખવાં. ઘરનો મધ્ય ભાગ–જરા ઉંચો હોય તે શ્રેષ્ઠ જાણવું. પરસાળ ઘરથી નીચી ઘરનું તળ ઉંચુ રાખવું આંગણા કરતાં પરસાળ ઊંચી અને પરસાળ કરતાં ઓરડો ઊંચો રાખવો, એવો વૃદ્ધોનો મત છે. ૫૧.

भूमेः पदस्य वेदान्तं पंचाशीत्यांगुलोद्वयः ।
द्विर्द्वयंगुला भवेत् वृद्धि र्यावद्येकोत्तरंशतत् ॥५२॥

ઘરની ભૂમિ થકી પાટના પેટા સુધીની ઉંચાઈના ૮૫ પંચ્યાશી આંગુલ ઉદય રાખવો. તેની વૃદ્ધી બબ્બે આગુલ કરતાં ૧૦૧ એકસોએક આંગુલ સુધીના નવ ભેદ કહ્યા છે. ૮૫" ૮૭" ૮૯" ૯૧" ૯૩" ૯૫" ૯૭" ૯૯" ૧૦૧" આંગુલ એમ નવ ભેદ ઉદયના જાણવા. ૫૨

हारोदयनुं बीजु यान

षट्चतुःपचमांशेन तदाधोद्वारपेटकम् ।
ऊच्छ्रायार्द्धेन कर्तव्यं शोभनं वा कलानिधिम् ॥५३॥

ઘરના ઉદયમાં છ, પાંચ અને ચાર ભાગ કરવા. તેમાં ચાર ભાગમાં એક ભાગ ઉપર રાખી બાકીના ત્રણ ભાગ ઉદયનું દ્વાર કરવું–પાંચમા ભાગમાં એક ભાગ ઉપર રાખી ચાર ભાગનું ઉદયનું દ્વાર કરવું અને છ ભાગમાં એક ભાગ ઉપર રાખી પાંચ ભાગ દ્વારોદય રાખવું. ૫૩

"Aho Shrutgyanam"

**द्वारार्धेनां त्रिभागे न द्वारं जालागवाक्षयो ।**
**दीर्घं हीनं च प्रकर्तव्यं समसूत्रं च मूर्धनि ।।५४।।**

[१५]દ્વાર ઉદયના ત્રણ ભાગ કરી એક ભાગ જાળીયા ગવાક્ષ ગોખલાનું માપ રાખવું. દ્વારથી તેની ઊંચાઇ હીન થાય પરંતુ ઉપર ઉતરંગ બધાં સમસૂત્રમાં રાખવાં. ૫૪

**पंचहस्तादितः शाला यावत हस्त त्रयोदशः ।**
**एक शालादितो गेहं पर्यंतं दश शालकम् ।।५५।।**

પાંચ ગજથી તેર ગજ સુધીની શાલા કરવી (ખંડ કરવા) ઘર એક શાલાથી દશ શાલા ષધીનાં કરવાં. શાલા એટલે ખંડ અથવા ઓરડા. ૫૫

**अर्गला गृहवामांगे कपाटं गृह दक्षिणे ।**
**दीयालयोऽर्गला तुल्यो दक्षिणांगे वरप्रदः ।।५६।।**

ઘરના દ્વારને એક કમાડ હોયતો ધણી જમણી તરફ કમાડ કરવું અર્ગલા (ભોગળ) ધણી ડાબી તરફ કરવી. દીપાલય (દીવાનું ચાડું) અર્ગલાની જેમ ડાબી તરફ (તેવડું ઉંચું) નહિ પરંતુ દક્ષીણમાં રાખવું તે શ્રેષ્ઠ ગણાય. ૫૬

**नागदंतो द्वार समो शालायां वाम दक्षिणे ।**
**एकस्तु द्वादशांशेन तस्माद् सार्द्ध द्वितीयकेः ।।५७।।**

નાગદંત-(નરજુ) દ્વાર શાખાના ઉતરંગ ટોડલાની બરાબર રાખવા. અને તે ઘરન ડાબે પાસે કે જમણે પાસે કરવી. એક દિશામાં બારમાં ભાગે એક ખુંટી મુકી પછી અઢી અઢી ભાગે બીજી મુકવી. નાગદંત એટલે ખુંટીઓ. ૫૭

षटदारु

**पंच सप्त नवांशैस्तु दैर्ध्ये द्वित्रि नवांशकैः ।**
**समानो मध्य पदःस्याच्छालायास्तत्समक्षाः ।।५८।।**

ઘરની લંબાઇના પાંચ ભાગ કરવા, ભાગ બે ભાગ મધ્યમાં (ષટ દારુ) બાજુમાં દોઢ દોઢ ભાગમાં—બીજુમા જો ઘરની સાત ભાગ કરેતો મધ્યમાં ત્રણ ભાગ અને જો નવ ભાગ કરે તો મધ્યમાં ચાર ભાગ કરી બાજુમાં અઢી અઢી ભાગ રાખવા મધ્યપદની સમાન શાલાની ઉચાઈ સરખી રાખવી. ૫૮

शालालिंद प्रमाण

**पंचभागद्वयं कृत्वा सप्तभाग त्रयं तथा ।**
**चत्वारो नव भागश्च शालालिंद प्रमाणतः ।।५९।।**

(૧૫) ઘરના બારી બારણા કબાટ જાળી એ સર્વે. દ્વારના ઉતરંગ વાઢે સમસૂત્ર એક સૂત્રમાં રાખવાં, ઉચાં નીચાં કરેતો દોષ જાણવો.

"Aho Shrutgyanam"

ઘરની જમીનમાં શાલા (ઘર) અને પ્રતિશાળા-(પરસાળ ઓસરી) રાખવાનું પ્રમાણ કહે છે ઘરની જમીનની ઉંડાઇના પાંચ ભાગ કરી ત્રણ ભાગની શાલા (ઘર) અને બે ભાગની પરસાળ કરવી. જો ઘરની જમીનના સાત ભાગ કરે તો શાલા ચાર ભાગનું અને પરસાળ ત્રણ ભાગની. અને જો નવ ભાગ કરેતો પાંચ ભાગની શાલા (ઘર) અને ચાર ભાગની પરસાળ રાખવી. ૫૯

काष्टनागुणदोष

गृहं काष्टं त्यजं चिंचा अक्षं सक्षीर कंटकम् ।
निबं दग्धं स्वयं शुष्कं चैत्य देवालयोद्भवम् ॥६०॥

ઘરમાં વાપરવાના ત્યાજ્ય કાષ્ટ. આંબલી, બહેડા, દુધાળાં, કંટકવાળાં, લીમડો (બકામ લીંબડી) બળેલું વૃક્ષ કે પોતાની મેળે પડી ગયેલું વૃક્ષ, કે પોતાની મેળે સુકાઈ ગયેલું વૃક્ષ. ચૈત્ય (સ્મશાન) પાસેનું કે જે વૃક્ષમાં દેવનું સ્થાનક હોય તેવા વૃક્ષોનાં ઘરમાં વાપરવાં નહિ. (પક્ષીઓના ઝાઝા માળાવાળું વૃક્ષ ન કાપવું). ૬૦

शंसंति शाकं मधुयं सर्जशालं च खादिरम् ।
पनसाशना हारिद्रं देवदारुं शिरीषजम् ॥६१॥

સાગ, મહુડો, સર્જ (અક્ષણુ) શાલ, ખેર, પનસ, અશનલીઓ (અયન લાખો) હળદરવો, દેવદાર શિરીષ (સરસડે) એટલાં વૃક્ષોને ઘરમાં વાપરવા માટે વખાણે છે. ૬૧

श्रीपर्णीं शिंशुपाधन्या तिंडुकी चंदनार्जुनै ।
पतंग रोहिणी लोध्र सारा अन्येऽपि शोभनाः ॥६२॥
काष्टार्थे पंचकं त्याज्यं शाखां पश्चिम याम्यत ।
द्वयैक काष्टजं श्रेष्टं बहुभिर्भयदं गृहम् ॥६३॥

સેવન શ્રીપર્ણી (કાયફળ) શીશમ, ચાસી (?) ટીંમરૂં, ચંદન, સાદડ. અર્જુકવૃક્ષ પન્નાડ, રોહિણી લોધર અને બીજાં સારાં કાષ્ટ ઘરમાં વાપરવાં. કાષ્ટ લેવા જતાં (વન-યાત્રામાં) પંચકમાં ન જવું. તેમજ પાછળની અને ડાબાભાગની ડાળીઓ ન લેવી. કાષ્ટ શરૂમાં ઘડતાં. ઘર પર પાટડો, મોભ કે શાખા ઉભી કરતાં પંચકમાં ન કરવું. ૬૨-૬૩

કાષ્ટની શાખા (ઉપરનો ભાગ) પશ્ચિમે કે ઉતરે રાખવો.

[૧૬]ઘરને વિશે એક જાતિના કે બે જાતિના કાષ્ટ વાપરવા પણ જુદા જુદા કાષ્ટ વાપરવાનો દોષ કહ્યો છે ૬૩

(૧૬) સાગ શાળ મહુડો સર્ગ (અક્ષણ્વ). ખેર બિયો એટલા વૃક્ષોના કાષ્ટો એક ઘરમાં ભેગા હોય અગર તેમાંથી ગમે તે એક વૃક્ષના કાષ્ટ ઘરમાં વાપરવાં તે શ્રેષ્ટ છે. તથા સરલ=દેવદાર. અર્જુન વૃક્ષ=સાદડ. પનસ. શ્રીપર્ણીકા શીશમ હળદરવો ચંદન સુરતરૂ=કાયવૃક્ષ આંબો પદ્માક ટીંબરવો એટલા વૃક્ષના કાષ્ટોં એક ઘરમાં ભેગાં વાપરવાં નહિ. પરંતુ આમાંથી ગમે તે જાતિનાં એક જ એક જ જાતિનાં કાષ્ટ વાપરવાં.

"Aho Shrutgyanam"

सोपान

**आरोहणार्थे सोपानं कर्तव्यं सृष्टिमार्गतः ।**
**द्वादशेन सर्वासु हस्वाऊर्ध्वोर्धभूमयः ॥६४॥**

વરના જમણી તરફ દાદર સીડી સૃષ્ટિમાર્ગે ચડાય તેવી. નીચેની ભૂમિ–મજ-લાથી ઉપરની ભૂમિ–મજલો બારમા ભાગે નીચી ઉભણી કરવી. દાદરને બે બાજુ કરાદાર ( કઠેડા ) કરવો. ૬૫

भितिमान

**तुलाधस्तात्यजे द्वारं पादाधस्ताच्च शोभनम् ।**
**भित्तिर्वेश्म कलांशेन तत्पादैऽर्धे च हीनका ॥६५॥**

[17]દ્વારની મધ્ય ગર્ભે ઉતરંગપર તુલા પીઢીયું કે પાટ ન મુકવા. ( દ્વારના ઉતરંગ પર સીધા પીઢીયા કે પાટ મુકવા નહિ ) પણ કદાચ સીડીનાં પગથીયાં નીચે દ્વાર આવતું હોય તો વાંધો નહિ. ઘરની પહોળાઈના પ્રમાણથી સોળમાં ભાગે દીવાલ ( ભીત )ની જાડાઈ કરવી તે ઉત્તમ તેનાથી ચોથા ભાગેહીન કરે તો તે મધ્યામાન. ૬૫

**दिग्मुढं वर्जयेत्प्राज्ञः पुरप्रासाद मंदिरम् ।**
**दीपे सूत्रं ध्रुवैकेन दिकसाधनमिदं शुभम् ॥६६॥**

[18]નગર, પ્રાસાદ, રાજભવન જળાદિવાસુ ચતુર શિલ્પીએ દીગ્મુઢ ન બાંધવા દિશા સાધન રાત્રીએ કરવું. ધ્રુવનો તારો બરાબર ઉત્તર દિશામાં રહે છે. પાંચ કે સાત દિવા ધ્રુવતારાની સીધી લીટીમાં આવે તેમ ઘડા ગોઠવી તે ઉપર કરવા. પછી ઓળંબો લઈ લઈ ઓળંબાનું સૂત્ર, દિવાઓની જ્યોત અને ધ્રુવ એકસૂત્રમાં દેખાય તેવી રીતે ગોઠવી

(૧૭) રાજવલ્લભમાં ભીત જાડાઇ. પાંચ હાથની શાલાને ચૌદ આગળે જાડી દીવાલ કરવી કહી છે

(૧૮) તા. ૨૧મી માર્ચ અને તા. ૨૩મી સપ્ટેમ્બરનાં દિને સૂર્યોદય શુદ્ધ પૂર્વ દિશામાં ઉગે છે. તે પ્રમાણે દીશામા સાધન જાણવું વર્ષમાં બે જ દિવસે શુદ્ધ દિશાણાં સૂર્યોદય થાય છે ખુલ્લી ભૂમિમાં નગર–જળાશ્રય કે રાજભવન કે દેવપ્રાસાદ બનાવવાનો હોય તો તે ઘણું અનુકુળ રહે. પરંતુ શહેરની સાંકડી નીયુક્ત જમીનમાં દિશા સાધન કરી ધ્રુવમાં સાધવું મુશ્કેલ બને છે. જો કે અપવાદ શિલ્પશાસ્ત્રોમાં આપેલા છે. જેમકે :–

**पूर्वोत्तरे दिशामुढ-मूढं पश्चिमदक्षिणे तत्रमूढं अमूढंवा यत्रतिर्थसमाहीतः**

પૂર્વ અને ઉત્તર દીશા વચ્ચે ત્રાસુ હોય તે પશ્ચીમ અને દક્ષિણ દીશાએ એમ ત્રાંસુ હોય તો દોષ નથી. વળી તીર્થ રૂપ માનવું.

**सिद्धयतनतीर्थेषु नदीना संगमेषु च ।**
**स्वयंभूबाणलितेषु तत्र दोषो न विद्यते ॥**

સિદ્ધ પુરૂષના આશ્રમમાં, તીર્થમાં, નદી કે સમુદ્રના સંગમ સ્થાને સ્વયંભુ બાણના સ્થળે દીગ્મૂઢનો દોષ લાગતો નથી. વળી કહ્યું છે કે **जीर्णे तु स्थापिते वास्तु वेध दोषो न विद्यते ।**

જુનુ ઘર કે મંદિર દીગ્મુખ હોય તો તેજ સ્થિતિમાં તેનો જીર્ણોદ્ધાર કરવો દોષ નથી લાગતો.

"Aho Shrutgyanam"

જમીન ઉપર ઓળંબાથી ટપકું પાડવું. પછી દિવાઓ અને તે ટપકા વચ્ચે લીટી કરવી તો ઉત્તર દક્ષિણ રેખા સિદ્ધ થઇ. પછી કંપાસથી તે રેખાને લીટીને ત્રિજ્યા કલ્પી બંને છેડેથી વૃત્ત કરવાં. આ બે વૃત્ત જ્યાં એક બીજા ને છેદે તે બે બિંદુ વચ્ચે લીટી કરવી. તે પૂર્વપશ્ચિમ રેખા થાય. આ વાસ્તવિક દિક્સાધન છે. ६६

अथ वास्तु

चतुःषष्टिपदे वास्तु मेकाशीत्या शतेन च ।
पुरे राजगृहे हर्म्ये प्रासादे मंडपेऽर्च्चयेत् ॥६७॥

૮×૮ ચોસઠ પદનો ભદ્રક વાસ્તુનું નગર, જળાશ્રયના કાર્યમાં પૂજન કરવું.
૯×૯ એકાશીપદના કામદ વાસ્તુ નગર. રાજગૃહ સમસ્ત ગૃહોમાં પૂજવો.
૧૦×૧૦ સોપદનો ભદ્રક વાસ્તુ પ્રાસાદ અને મંડપના કાર્ય પૂજવો.
હજારપદના સર્વતો ભદ્ર વાસ્તુ મહામેરૂપ્રાસાદ યજ્ઞ અને મોટા લિંગ સ્થાપને પૂજે।
૭×૭ ઓગણી પચાસપદનાં મરીથી વાસ્તુ જીર્ણોદ્ધાર સમયે પુજવા વાસ્તુક્ષેત્ર ૭ પ્રકારે કહ્યા છે. ૧ ચોરસ, ૨ લંબચોરસ ૩ ગોળ ૪ લંબગોળ ૫ અષ્ટભદ્રક ૬ અર્ધચંદ્ર એમ રચના યથા સ્થાને જાણવી. ६७

ईशः पर्जन्योजयेद्ः सूर्यः सत्यो भृशोनभः ।
अग्निः पूषाऽथवितथो गृहक्षतोयम स्तथा ॥६८॥
गांधर्वो भृगराजश्च भृगःपितृगण स्तथा ।
दौवारिकोऽथ सुग्रीवः पुष्पदंतो जलाधिपः ॥६९।
असुरः शेष यक्ष्माणो रोगोऽर्हिमुख एव च ।
भल्लाटः सोम गिरयस्तथा त्राद्येऽदिति दिती ॥७०॥
आयवत्स आयश्च साविप्री सविता भगः ।
इंद्र इंद्रजयोतस्मिन रुद्रो वैरुपरुद्राजकः ॥७१॥
अर्योविवस्थान मित्र विष्णुपूर्वादितुक्रमान्
मध्ये ब्रह्मासुरास्येषां पूजाः सर्वेषु वास्तुषु ॥७२॥


(૮×૮ ૬૪) પદમ વાસ્તુના પદના દેવોનો ક્રમ નીચે પ્રમાણે દિશાવાર જાણવો.

(૧) પૂર્વ ૧ ઇશાન કોણથી ૧ ઇશ, ૨ પર્જન્ય, ૩ જય, ૪ ઇંદ્ર, ૫ સૂર્ય, ૬ સત્ય, ૭ ભૃશ અને ૮ આકાશ

(૨) દક્ષિણે ૧ અગ્નિ, ૨ પૂષા, ૩ વિતથ, ૪ ગૃહક્ષત, ૫ યમ, ૬ ગંધર્વ, ૭ ભૃગરાજ અને ૮ મૃગ.


(૩) પશ્ચિમે ૧ પિતૃ, ૨ નંદી, ૩ સુગ્રીવ, ૪ પુષ્પદંત, ૫ વરૂણ, ૬ અસુર, ૭ શેષ, ૮ પાપયક્ષ્મા

"Aho Shrutgyanam"




(૪) ઉત્તરે ૧ રોગ ૨ નાગ, ૩ મુખ્ય ૪ ભલ્લાટ, ૫ સોમ, ૬ શૈલ, ૭ મિત્રગણ ને ૮ દિતિ એટલા. ૩૨ દેવો બાહ્ય પંક્તના પૂજવા. ઇશાન કોણ આપ-આપવત્સ અગ્નિ કોણ, સવિતા સાવિત્રી. નૈઋત્ય કોણ, ઈંદ્ર ઇંદ્રજય. વાયવ્ય કોણ, રૂદ્રને રૂદ્રદાસ એ આઠ દેવો અંદરના ચારે કોણના. પૂર્વમાં અર્યમા, દક્ષિણે વિવસ્વાન પશ્ચિમે મૈત્રગણ. ઉત્તરે પૃથ્વીધર. અને મધ્યમાં બ્રહ્મા એ રીતે પીસ્તાલીશ દેવો વાસ્તુના પૂજવા. ૬૮-૭૨


બાહ્ય દીશામા ઈશાને ચરકીદેવી, પૂર્વે પિલિપિચ્છા, અગ્નિકોણે વિદારિકા દક્ષિણે જુંભા, નૈરૂત્યે પૂતના, પશ્ચિમે સ્કંધા; વાયવ્ય પાપરાક્ષસી ઉત્તરે અર્યમા દેવી એ સર્વ એક એક પદના ભાગે પૂજવા. બહારના અષ્ટભૈરવો ઈશાને ભીમ ભૈરવ. પૂર્વે હેતુ ભૈરવ અગ્નિ કોણ ત્રિપુર ભૈરવ દક્ષીણે વૈતાલ ભૈરવ, નૈઋત્યે અગ્નિ વૈતાલ ભૈરવ, પશ્ચિમે કાલ-ભૈરવ, વાયવ્યે કરાલભૈરવ, ઉત્તરે અગ્નિ ભૈરવ, એમ અષ્ટભૈરવો પૂજવા. ઇતિ વાસ્તુ દેવના




"Aho Shrutgyanam"

८×८=६४ ભાગ અથ वास्तुदेवता भागनिर्णयः चोसठपद

३ण। अर्यमाद्याश्चतुर्भागा ब्रह्मवेदपदो भवेत् ।
ब्रह्मकर्णैद्वियुग्मांशा । बाह्यकोणेषु सार्द्धगाः ॥७३॥
शेषा एक पदा बाह्ये बष्टाविंशति देवताः ।
मध्ये ब्रह्मा नवांशोऽस्मिन् षट्पदा अर्यमादयः ॥७४॥
द्विपदा मध्ये कोणस्थां बाह्ये सर्थे द्विभागिकाः ।
शते ब्रह्मा कलांशेष वस्वंशा अर्यमादयः ॥७५॥
बाह्य कोणेषु सार्द्धंशाः शेषास्तु पूर्ववास्तुवत् ।
वास्तुपूजा विना वास्तु प्रारंभे न प्रवेशने ॥७६॥



સોપદના ભદ્રાક્ષવાસ્તુ દેવમંદિર મંડપ નિર્માણ કાળે પૂજવો.

૧૪×૧૪=૧૯૬ પદ વાસ્તુ જળાશય નિર્માણકાળે પૂજવો.

૩૨×૩૨ હજાર પદ સર્વતોભદ્ર વાસ્તુ મેરૂપ્રાસાદ નગર કિલ્લા મહાલિંગ પ્રતિષ્ઠા મહોત્સવે મહાયજ્ઞ સમયે પૂજન કરવું.


"Aho Shrutgyanam"

ચોસઠ પદના વાસ્તુમાં મધ્યના બ્રહ્મ ચારપદમાં તેના ચારે ખુણે ચચ્ચારપદના બબ્બે દેવતા. અને ચારે દીશાના ચચ્ચાર પદના અર્યમા, વિવસ્થાન. મૈત્રગણ અને પૃથ્વીધર દેવો સ્થાપવા બાકીના એકેક પદના ૩૨ દેવો સ્થાપવા ઇતિ **ચતુષષ્ટિવાસ્તુ**

એકાશીપદના વાસ્તુમાં મધ્યે નવપદના બ્રહ્મ, તેની ચારે દશાએ છ છ પદના અર્ય-આદિ ચાર દેવો કોણમાં બબ્બે પદના આય આયવત્સ સ્થાપવા તેના બાહ્ય ફરતા એકેક પદના ચારે દીશાના નવ નવ દેવતા સ્થાપવા ઇતિ **એકાશીપદવાસ્તુ**


સોપદના શતપદ વાસ્તુમાં મધ્યે સોળ પદમાં બ્રહ્મા તેમા ચારે બાજુ આઠ આઠ પદના અર્યઆદિ ચાર દેવો સ્થાપવા બ્રહ્માના ચારખુણે દોઢ દોઢ ભાગવા આય–આપત્સાદિ દેવો સ્થાપવા બાકી બાહ્ય ફરતા ચારે તરફ એકેક પદના દશ દશ દેવો સ્થાપવા. ઇતિ **શતંપદવાસ્તુ**

ઘર મંદિર રાજભવન મંડપ કીલ્લા જળાશ્રયા આદિ વાસ્તુ કર્મના પ્રારંભે અને પ્રવેશે વાસ્તુપૂજન અવશ્ય વિધિ પૂર્વક કરવું. ૭૬



स्वामिनाशोभवेद्यस्या तस्मात्यत्र्योहितार्थिभिः ।
चतुषष्टिपद्ये कर्णे रेखा भागा पदे पदे ॥७७॥
मध्ये पूर्वोत्तरे तिस्रतेन्सयातस्तु मर्मयः ।
भिति स्तंभो च रेखा तो, वर्जयेत्कीलिकादिकं ॥७८॥

વાસ્તુ. કર્મ, ઘર, પ્રાસાદ, રાજભવન, જલાશ્રય, કિલ્લા નગર મંડપ આદિ કા ના આરંભે કે પ્રવેશે જો વાસ્તુ પૂજા વિધિ કરવી. નપૂજાય તો સ્વામીનો નાશ થાય. તો હિતાર્થી યજમાને વાસ્તુ પૂજન જરૂર કરવું. ૭૭




(૧૯) (૧) બૃહદસંહિતામાં ૮૧ પદના વાસ્તુ પદમાં વિકર્ણ ત્રણ ત્રણ રેખા દોરવી તેને શીરા કહી છે. તેવી ૭ શીરા રેખા થાય. બ્રહ્માના ૩×૩ પદની રેખાને **વંશ** કહે છે. બ્રહ્મના પદને ચારખૂણે **અતિમર્મ** તેમજ શીરાની બે રેખાનો સંઘાત (સંગમ) થાય તેને પણ અતિમર્મ એ રીતે નવસ્થાન અતિમર્મના જાણવાં મર્મસ્થાન, વંશ સ્થાને ભીંત સ્તંભ કે પાટ **ન મુકવો.**


"Aho Shrutgyanam"

ચોસઠ પદના વાસ્તુમાં પૂર્વ અને ઉત્તર એમ વિકર્ણ રેખા દોરવી. તેઓ જ્યાં સૂત્ર સંપાત થાય તેને મર્મ કહેવા તે મર્મ સ્થાને ખુંટી સ્થંભ કે ભીતના કરાથી [illegible] નહિ તેમ રચના કરવી. જો મર્મ વેધ થાય દબાય તો સ્વામી ધનને નાશ થાય. ઈતિ **મર્મવાસ્તુવિન્યાસ**

**भुवनपुरसुराणां सूत्रेणपूर्वमूक्तं ।**
**कथित ईह पृथिव्यां शोभने च द्विितिये ॥७९॥**

**तदनुमुखं निवेशे स्थंभ शीलारोपणे स्यात् ।**
**भवनप्रवेश काले पंचधा वास्तु यज्ञः ॥८०॥ इति क्षेपकः**

ઘર શહેર કે રાજભવનના સૂત્ર જમીન પર ૧ છોડતાં, ૨ શિલારોપણ સમયે ૩ સ્તંભ હોય ત્યાં ૪ પાટકે મોભ ચડાવતાં ૫ ભવનમાં પ્રવેશ વખતે એમ પાંચ સમયે વાસ્તુ યજ્ઞ કરવા.



(૨) સમરાંગણ સૂત્રધાર ગ્રંથમાં ૯×૯ એકાશીપદના વાસ્તુ પદના ખુણા ખુણાની રેખાને **શીરા** કહી છે. અગ્નિ કે વાયવ્ય કોણની વક વિકર્ણ બે રેખાને **અનુવંશ** રેખાં કહી છે. ઇશાનને **નૈઋત્યની**

"Aho Shrutgyanam"


વક્ર વિકર્ણ રેખાને **વંશ** કહેલ છે. બ્રહ્માનાપદના પદની ચારે આડી ઉભી સળંગ રેખાને **મહાવંશ** **કહેલ છે.** બ્રહ્માના પદના ચાર ખુણે **સંધિવંશ** ફરતા એક એક પદ છોડીને વિકર્ણના ચાર ખૂણે **અનુસંધિ** અનુવંશનો સંપાત (સંગમ) થાય તેને **ઉપમર્મ** કહેલ છે તેવા ચાર ઉપમર્મ મધ્યમાં આવે. ફરતા દેવોના પદ ઉપર વંશ અને અનુવંશના સંપાત સ્થાને (બ્રહ્માના ચાર ગર્ભના દેવતાપદે) આઠ મર્મ ઉપજે (તે ચાર ઉપમર્મની બાજુએ)

**મર્મસ્થાન**—વાસ્તુના મુખ, હૃદય, નાભિ, મુખ બે સ્તન આ ૭ અંગ દબાય તે મર્મ વેધને વાસ્તુ વિદ્યાના ગ્રંથોમાં તેને મહામર્મ કહેલ છે.

સંધી-**वंशाष्टकस्य यः संधिः स संधि रिति कीर्त्यते: ।**
**ये पुनः स्युस्तदनानां प्रोक्तास्ते चानु संधयः ॥**

વંશ અને શીરાની સંધિ સ્થાને ચાર સંધિ સ્થાન.

ઉપમર્મ-**उपमर्माणि तान्याहुः पदमध्यानि यानि हि ।**



(૩) વાસ્તુમર્મોપમર્મ વંશ અને અનુવંશના સંઘાત સ્થાને ઉપમર્મ ઉપજે મહામર્મ-વાસ્તુમર્મ પરિજ્ઞાન એકાશીપદના વાસ્તુમાં મહામર્મ વાસ્તુના શરીરમાં શીરાઓ વંશો અનુવંશો સંધિઓથી મર્મ અને મહાવંશ કયા કયા સ્થાને છે. તેનું જ્ઞાન નીચે મુજબ છે.


"Aho Shrutgyanam"

૧ **શીરા**–વાસ્તુક્ષેત્રના ખુણાખુણો બે વિકર્ણ મુખ્યરેખા (૨) **મહાવંશ** રેખા મધ્યની બે **આડી ઉભી** રેખા તે મહાવંશ તેની ચાર રેખા. (૩) **અનુવંશ** શીરાના સમસૂત્રે તિર્યગ્ (આડી) બે બે રેખા તે **અનુવંશ** તેની કુલ આઠ રેખાઓ. (૪) **મર્મ, શીરા, મહાવંશ, નાડી** વંશ **અને અનુવંશ** એમાંના બે ત્રણ કે ચાર જ્યાં સંપાત થાય તે **સંધિ સંગમ** થાય તે સ્થાનને મર્મ કહેલ છે. તેવા **કુલ ૫૬ છપ્પન મર્મસ્થાન** ૮૧ પદના વાસ્તુમાં ષડસૂત્ર સંધિના ચોવીશ મર્મસ્થાન. એ ચતુસૂત્ર સંધિના બત્રીશ મર્મસ્થાન (૫) **ઉપમર્મ** પદના મધ્ય ભાગમાં બે અનુવંશ રેખાઓનો સંપાત થાય તે ૮૧ પદના વાસ્તુમાં વિસૂત્ર સંપાતના વીશ અને ચતુઃસુત્ર સંપાત સૂત્ર પાંચ **ઉપમર્મ** ઉપજે. ચારે દિશા-શાઓની બાહ્ય ભાગમાં ત્રિક રેખાઓના સંગમને **સંધિ** કહે છે. તે સોળ ઉપમર્મના નામથી પણ **અતિ** ઓળખાય છે. તેવા કુલ ૪૧ ઉપમર્મ ૬ મહામર્મ=અતિમર્મ. વંશ. અનુવંશ મહામર્મ અને શીરા રેખાઓના સંધિ સ્થાનને **મહામર્મ** કે **અતિમર્મ** કહે છે. ૮૧ પદના વાસ્તુમા **મહામર્મ** આઠ સ્થાને ઉપજે છે જ્યાં આઠ સૂત્રો ભેગા થાય છે

સંધી અન્ય ગ્રંથોમાં બે રેખાઓના સંગમને સ્થાને સંધિ અને ત્રણ રેખાની **સંધિને** મર્મ **કહેલ છે.**

વાસ્તુ વિદ્યામાં **લાંગુલના લક્ષણ** વિશે કહ્યું છે કે **બે અનુવંશની સંધિને લાંગુલ**

८१ पदका वास्तु. अपराजित सूत्र



नगरपुर प्रमाण

चत्वार्थेऽष्टाद्विरष्टौ च सहस्राणिकरैपुरः ।
तन्मध्ये दशधा प्रोक्तं वृध्या हस्त सहस्रतः ॥८१॥

નગર પુરનું પ્રમાણ હજારગજ, આઠ હજાર ગજ, સોળ હજાર ગજ જાણવું. તેમાં દશ પ્રકાર કહ્યા છે. તે જ્યેષ્ટ, મધ્યમને કનિષ્ઠ પ્રમાણ મૂળ ભેદ ત્રણ. સહસ્ર ચાર પ્રથમથી વૃદ્ધિ પાંચ સહસ્ર અને સાત સહસ્ર પ્રમાણ કનિષ્ઠ, પછી આઠ સહસથી નવ દશ, અગ્યાર, તેર એ રીતે અર્થાન્તરે કહેલ છે.

નગર સવાયું લાંબુ તથા દોઢ સહસ્ર લાંબુ; અથવા અષ્ટાંશ આઠમે ભાગે સાડા ચાર લાંબું કરવું. એ રીતે આઠ હજારનું મધ્ય પ્રમાણ કરવું. તેમ સોળ હજાર ગજનું પુર એ રીતે વિધિથી જાણવું. ૮૧

अष्टादशपद सार्द्धांशे रायतं बासमांशककै ।
ग्रामः पुरार्धतोऽर्धेऽर्धे खेटं कूटं च खर्बटम् ॥८२॥

[२०]પુરનું અર્ધ ગ્રામઃ ગ્રામનું અર્ધ ખેટઃ ખેટનું અર્ધ કૂટઃ કૂટનું અર્ધ ખર્વટનું પ્રમાણ જાણવું. ૮૨

---

(૪) **अपराजितसूत्र** માં ૮૧ પદના વાસ્તુમા

૧ વંશ વાસ્તુની પૂર્વ પશ્ચિમ મધ્યની ઉભી ત્રણે રેખાઓ

૨ ઉપવંશ—વાસ્તુની ઉત્તર દક્ષીણની મધ્યની ત્રણ રેખાઓ

૩ શીરા- -વાસ્તુપદના તિર્યંગ ખુણાખુણાની બે રેખા અને પુષ્પદંત યમ ઈંદ્ર સૂર્ય ભલ્લાટ વરૂણ ગૃહક્ષતના પદને છેદતી તિર્યગ્ ચારે રેખા તેમ કુલ ૭ શીરા.

૪ મહામર્મ—વાસ્તુપદના છેડાના પર મધ્યગર્ભે ઉપવંશ રેખાના સંપાત સ્થાને તેમજ બ્રહ્મના પદની ચાર ખુણે લાંગુલને મહામર્મ ઉપજે,

લાગુલ=જ્યાં ૭ સુત્રોના સંઘાત સંધિ થાય તે લાંગુલઃ શીરાને લાગતા ૭ સુત્રોના સંપાતને પણ લાંગુલ કહે છે. મહામર્મને લાંગુલ પણ કહે છે. ચોવીશ લાંગુલ જો હોયતો વાસ્તુના કરતાં એકક પદના સંધિ સ્થાને જો હોયતો તે ૨૪ લાંગુલ થાય.

૫ પદ્મક—બ્રહ્મના મધ્યના આઠ સુત્રો ભેગા થાશ તે પદ્મક

૬ શૂલ—ત્રિશૂલ બ્રહ્માના પદ બહારના ચારખુણે ત્રિશૂલ

૭ વજ્રક બ્રહ્માના પદની ત્રાંસી બે રખાઓ એ વજ્રક

(૨૦) **समराङ्गण**સૂત્રધાર અને **ब्रह्मांड**પુરાણમાં નગરાદિના માનપ્રમાણ કહ્યાં છે. તેમજ તે પ્રત્યેક વચ્ચે કેટલું અંતર રાખવું તે પણ કહ્યું છે.

**अमरकोश**માં સાત નામો આપેલા છે. ૧ પુર ૨ પુરી ૩ નગર ૪ પત્તન ૫ પુટભેદન ૬ સ્થાનિય ૭ નિગમ.

**मानसार** ગ્રંથમાં આઠ પ્રકારના નગર કહ્યાં છે. ૧ રાજધાની ૨ નગરી ૩ પુર ૪ નાગરી ૫ ખેટ ૬ ખવટ ૭ કુબ્જ ૮ પત્તન **कायिकागम**માં કોઈ મહાનગરના પરાને **कुब्ज** કહ્યું છે.


"Aho Shrutgyanam"

**शब्दकल्पद्रुम**માં નગર રચનાનું મૂળ આવેલું છે. તેમાં ગેહમાંથી હટ્ટાદિ, તેમાંથી બહુગામી વ્યવહાર સ્થાન, તેમાંથી પુરી, તેમાંથી નગર, તેમાંથી પટ્ટન, તે પછી ભેદો **स्थानीय कर्वटम् पत्तन ग्राम निगम** અને **पुटभेदनम्–एकविप्रवरागारं ततःकुटुम्बसमन्वितम् ।**

**एकयोगं भवेद्ग्रामं तद्भूम्यायतनावृतम् ॥**

**कामिकागम**માં પંદર નગરો પ્રભેદે આપેલાં છે. તેના આકાર, પદ, વિન્યાસ, માર્ગ, દેવાયતન, દ્વાર, ગોપુરમ, પ્રાકાર, વસતી, અને જળાશ્રયના ભેદો કહીને તેના સ્વરૂપોનાં નામો નીચે પ્રમાણે આપેલાં છે.

| | | | | |
|---|---|---|---|---|
| **१ दंडक** | **४ पद्म (पद्मक)** | **७ कार्मुक** | **१० दराग** | **१३ कुंभक** |
| **२ सर्वतोभद्र** | **५ स्वस्तिक** | **८ चतुर्भुज** | **११ श्रीप्रतिष्ठि** | **१४ श्रीवत्स** |
| **३ नंद्यावर्त** | **६ प्रस्तार** | **९ प्रकीर्णक** | **१२ संपत्कर** | **१५ वैदिक** |




**अपराजित**સૂત્રમાં કહેલાં વીશ નગરોનાં નામ અને સ્વરૂપો શુભ જાણવાં. **पुष्पपुर–९**

| ક્રમ | નગરનું નામ | આકાર | ક્રમ | નગરનું નામ | આકાર | ક્રમ | નગરનું નામ | આકાર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માહેંદ્ર | ચોરસ | ૮ | સ્વસ્તિક | અષ્ટાસ્ર | ૧૫ | સૌભાગ્ય | નદીની ઉત્તરે |
| ૨ | સર્વતોભદ્ર | લંબચોરસ | ૯ | પાર્શ્વદંડ | અતિદીર્ઘપાવડીપને | ૧૬ | ધર્મ | નદીની દક્ષિણે |
| ૩ | સિંહાવલોકન | વૃત્ત–ગોળ | ૧૦ | જયંત | યથાકૃતિ | ૧૭ | કમળ | નદીની પશ્ચિમે |
| ૪ | વારુણ | લંબગોળ | ૧૧ | શ્રીપુર | એક કિલ્લાવાળું | ૧૮ | શક્ર | નદીની પૂર્વે |
| ૫ | નંદ્યાવર્ત | સ્વસ્તિકાકાર | ૧૨ | રિપુદમન | બે કિલ્લાવાળું | ૧૯ | પૌરુષ | પુરૂષાકૃતિનગર |
| ૬ | નંદાખ્ય | મુક્તકોણખુણા | ૧૩ | સ્નાહ | પર્વતની કુક્ષે | ૨૦ | સાંપ્રત | જેની બે બાજુ નદી હોય |
| ૭ | પુષ્પક | અષ્ટદલપુષ્પાકાર | ૧૪ | દિવ્ય | પર્વત મસ્તકે | | | |



"Aho Shrutgyanam"

**ब्रह्माण्डपुराण** મુજબ લઘુનગર એટલે સમતલ ભૂમિ પર કે સરિતા તટ પર હોય કે વનપ્રદેશમાં કે નાના પહાડોની પાસે વસેલું હોય અને વિશેષ કરીને શિલ્પીવર્ગ અને અન્ય કારીગર વર્ગનો નિવાસ હોય **कौटिल्य**–તેને ધૂળનો કોટનું કહે છે. **शिल्परत्नम्** માં કહ્યું છે કે કલા કલાપોના કારણે અધિક સમૃદ્ધ થયું હોયતો તેને **शाखा-नगर** કહેવું.

૬ ને **मानसार** માં ગ્રામનું અર્ધ કહ્યું છે તેમજ **खर्वट** ને **नृपभोजन शालामंडप** પણ કહ્યો છે.

૭–**शिविर** છાવણી, સેના સ્થાન. **कौटिल्य** માં બસો ગ્રામના રક્ષણાર્થે દુર્ગ કહે છે.

૮ **स्थानीय**–નામક નગર માટે **चाणक्य अर्थशास्त्र** માં દુર્ગ કહ્યો છે અને ૮૦૦ ગ્રામોના મધ્યમાં સ્થાનીય નામ દુર્ગ કહ્યો છે.

**मयप्रभ** ને **शिल्परत्न** માં સરિતા તટ પર અથવા પર્વતીય તલાટી (તળેટી) પાસે જ્યાં સૈન્યાર્થ સ્થાન અને રાજનું ઉપવ્યવહાર (દફતર) સ્થાન હોય તેને સ્થાનીય કહ્યું છે.

૯ **द्रोणमुख**. સરિતા તટ કે સાગર તટ. બંદર–(પોર્ટ)

૧૦ **कोटयमकिलम्** પર્વતોના મધ્યમાં અરણ્યક નગર. સો દંડથી પાંચસો દંડ સુધીના પ્રમાણનું નગર.

૧૧ **निगम–व्यापार**–મોટા નગરની વચ્ચે શિલ્પિઓની વસ્તીવાળું નગર, કસબો કહેવાય તેવું પ્રમાણ નગર અને ગ્રામ વચ્ચેનું **समरांगण सूत्रधार** માં કહ્યું છે તેમાં

શિલ્પિ વર્ગ પ્રધાન્ય રીતે ઉપરાંત ચારે વર્ણના લોકો પણ રહે. કહ્યું છે. તેમાં **निगमनो** પર્યાય શબ્દ **व्यापार**

૧૨ **नठ–विहार**. વિદ્યા સ્થાન અને સંત ભિક્ષુકનું સ્થાન બ્રહ્મચારી વિદ્યાર્થીઓનુ અધ્યયન અવસ્થા સંસ્થાન. આચાર્યાદિનાં સ્થનો ચિંતન ભજન સર્વ દર્શન અભ્યાસ સ્થાન. ખાદ્યપેય ણણ પ્રબંધ યુક્ત સર્વ વિદ્યાની નગરી. આશ્રમ સ્થાન, મઠ સ્થાન.

દ્રષ્ટાંત તરીકે નાલંદા, તક્ષશિલા સારનાથ વગેરે.


**शिल्परत्नम्** ના કર્તા શ્રી કુમારે તેને પ્રાકાર અને રક્ષા પ્રબંધ સાથેનું વિદ્યા આશ્રમનું નગર (મઠ.) કહ્યું છે. **समराङ्गण सूत्रधार अ. १८ नगरपुर प्रकार**

૧ રાજધાની–નગર
૨ નગરની શાખા–કર્વટ
૩ કર્વટથી ન્યૂન–નિગમ
૪ નિગમથી–ન્યૂન–ગ્રામ
**(कल्पग्रह)**

૫ રાજધાનીનું ઉપનગર **पतन**
૬ જ્યાં સમૃદ્ધ આલયો ભવનો હોય અને વ્યવસાયયુક્ત હોય તે **पुटभेद**


૭ **गोष्ट** પશુ સમુહનું સ્થાન **गोष्टक** જેને નેસડો કહે છે.
૮ **पल्ली** તરૂઘાસને પાષાણદિશી ભરપુરભાગમાં કુટિર, ઝુંપડી વસાવી ભીલ, ચાંડાલ, શિકારી લોકો વસતા હોય તે.
૯ **पल्लका** પલ્લીથી નાની હોય તે.

"Aho Shrutgyanam"




અને દ્રવિડ ગ્રંથોમાં બાર પ્રકારનાં નગરો કહ્યાં છે. ૧ નગર, ૨ રાજધાની, ૩ પત્તન, ૪ દુર્ગ, ૫ ખેટ, ૬ ખર્વટ ૭ શિબિર ૮ સ્થાનીય ૯ દ્રોણમુખ' ૧૦ કોટયુકિલમ, ૧૧ નિગમ, ૧૨ મઠ-વિહાર

૧ નગર–જેમાં પાષાણ કે પાકી ઈંટોમાં ભવનો હોય. દુર્ગના ચારે બાજુના દ્વારો પર ગોપુરમ હોય. વાણિજ્ય વ્યવહારનું કેંદ્ર હોય, અનેક જાતિના લોકો નિવાસ કરતા હોય. અનેક શિલ્પીયજી વસતા હોય. અને સર્વ પ્રકારના શ્રેષ્ઠ દેવાલયોને, ઉદ્યાન જળાશયો હોય તે નગર કહેવાય.




૨ **રાજધની** રાજશાસન (હાઈકોર્ટ) પીઠ હોય તેને રાજધાની કહે છે. રાજા સૈન્ય સાથે રહેતા હોય તેમજ પ્રાકાર કિલ્લાથી રક્ષાયેલું હોય. કિલ્લાના મુખ્ય દ્વારો પર ગોપુરમ હોય. સર્વ દેવ દેવીઓ આયતનો હોય, રાજપ્રાસાદ, ઉદ્યાન, જળાશ્રયો મોટા માર્ગો હોય, સર્વ જાતિના લોકોનો અવર જવર હોય વ્યાપક વ્યાપાર હોય તે રાજધાની કહેવાય.

"Aho Shrutgyanam"

पुरे ग्रामे तथा खेटे कूटं च खर्वटं क्रमात् ।
मार्गाः सप्तदशांकेषु त्रयोदशनवच दिशंप्रति ॥८३॥

પુર, ગ્રામ, ખેટ, કૂટ, ખર્વટને માર્ગ–રસ્તા માટે કહે છે. જે જ્યેષ્ઠ નગરને સત્તર માર્ગ, મધ્યને તેર માર્ગ અને કનિષ્ઠ નગરને નવ માર્ગો (આડા ઉભા કરવા, દશ દીશે પ્રતિમાર્ગે ત્રણ કે બે ગલી કરવી. ૮૩

त्रिधा ब्रह्मपुरं हस्तै द्विसार्धैक सहस्रकैः ।
कलार्क वसुभागैश्च ज्येष्ठं मध्यं कनिष्टकम् ॥८४॥

બ્રહ્મપુરના ત્રણ ભેદ પ્રથમ બે હજાર, બીજો દોઢ હજાર અને ત્રીજો એક હજાર ગજનો જાણવો. વળી તેવા એકના આઠ ભેદ જ્યેષ્ઠ, મધ્યમને કનિષ્ટના જાણવા. ૮૪

ज्येष्ठे सप्तदशप्रोक्ता मार्गा मध्ये त्रयोदशः ।
कनीयसे नव मानंतु षोडशार्के नखैः करै ॥८५॥

જયેષ્ઠ નગરને સત્તર માર્ગ (આડા ઉભા) કરવા. મધ્યમાન નગરને તેર માર્ગ અને કનિષ્ટ નગરને નવ માર્ગો (આડા ઊભા) કરવા. તે માર્ગના વિસ્તારનું માપ કહે છે જ્યેષ્ઠ નગરના માર્ગ વિશ ગજ વિસ્તાર, મધ્યને સોળ ગજ વિસ્તાર, અને કનિષ્ઠ નગરને બાર ગજ વિસ્તારના રાજ માર્ગ કરવા. ૮૫

पूर्वस्या ब्रह्मणा यामे क्षत्रिय मध्यतोविशः ।
शूद्रास्युः धनदिशायां वारुण्यां च जलाशयाः ॥८६॥
शिल्पिरंगकराईशे वह्नौतज्जीविनोऽत्यजनाः ।
नैर्ऋत्ये शौंडिका वेश्या वायव्ये लुब्धकादयः ॥८७॥

---

**કૌટિલ્ય** અને **શુક્ર**ના મત મુજબ રાજધાનીની આકૃતી સુંદર અર્ધચંદ્રાકાર; વૃત્ત કે **સમચોરસ** હોય પ્રાકાર કિલ્લાને ભીંતો અને પરિખા (ખાઈ) થી આવૃત્ત હોય વિભિન્ન પ્રજાઓએ અનુકુળ હોય તે રાજધાની કહેવાય

૩ **પત્તન (पुटभेदन)** રાજાનું ઉપસ્થાન તે પુંટ ભેદન ગ્રીષ્મ કે શીત કાળમાં જ્યાં રાજપીઠ હોય તે પત્તન. રાજ્યવ્યવસાય અને વાણિજ્યનું કેન્દ્ર હોય તે પુટભેદન.

**માનસાર** અને **મનુષ્યાલય ચંદ્રિકા**ના કથન પ્રમાણે સાગર તટે કે સરિતા તટ પરનું બંદર હોય વિશેષ કરીને વાણિજ્ય વિશાળ રૂપે થતો હોય તે પતન કહેવાય.

**કૌટિલ્ય અર્થશાસ્ત્ર**ના પત્તન તથા પટ્ટનનાં બે રૂપો કહ્યાં છે.

૪ **दुर्ग**–શબ્દ કાવ્યક્રમ–પુરનો અર્થ દુર્ગ. અધિસ્થાન, કોટ તથા રાજધાની કરે છે. **અભ્યંતર** વસ્તીના વસવાટના ચારે તરફ દુર્ગ હોય. તેમ નગરના બાર પ્રકારના **મયમત** અને **માનસાર**માં કહ્યું છે.

૫ ખેટક–**खेट** નગરથી અર્ધાપ્રમાણ વિષ્કંભ પ્રમાણનું કે તે નગરથી એક યોજન દુર હોય. નગરના માર્ગો ૩૦ ધનુષ્ય પહોળા હોય ને ખેટકના માર્ગો વીશ ધનુષ્ય વિસ્તારના હોય.

"Aho Shrutgyanam"

શહેરને વિષે પૂર્વે બ્રાહ્મણો વસાવવા. દક્ષિણે ક્ષત્રિયને, શહેરના મધ્ય ભાગમાં વૈશ્ય શુદ્રોને ઉત્તરે, વસાવવા. પશ્ચિમે જળાશયો કરાવવાં. શિલ્પીને રંગાટી કે સંઘાડાનું કામ કરે તે કડિયા. છીપાને, ઇશાન કોણમાં વસાવવા. અગ્નિ સંબંધી કામ કરનારા તથા અત્યંજ જાતિને અગ્નિ કોણે, નૈઋત્યે ધૂતકાર તથા વૈશ્યાઓને વાયવ્ય કોણે શિકારીઓને વસાવવા. ૮૬–૮૭

प्राकारस्योदयं कुर्यादेकत्रिपंचविंशतिः ।
हस्तास्तदर्धे विस्तारो बाणमार्गविराजितेः ॥८८॥

પ્રાકાર=કોટ=કિલ્લાનો ઉદય એકવીશ–તેવીશ ને પચ્ચિશ ગજનો એટલે જ્યેષ્ઠ મધ્યમને કનિષ્ટ માનનો કોટ કરવો. ઉદયનો અર્ધ વિસ્તાર (જાડો–પેહોળો) કરવો તેમાં ઉપરના ભાગમાં બાણ માર્ગ અમુક અમુક અંતરે રાખવા. ૮૮

तदूर्ध्वे कपिशीर्षाणि अष्टमांशतराणि च ।
सकोणा वर्तुला बाह्ये विद्याधर्योऽपि कोष्ठकाः ॥८९॥

કિલ્લાને ઉપર કાંગરા આઠ આઠ આંગળના અંતરે કરવા. કિલ્લાને બહાર ખૂણા ગોળ બુરજ કોઠાવાળા ગોળ તેમાં અંતરે ચોરસ કોઠા કરવા. તેનું વિદ્યાધરી નામ જાણવું (બુરજની અંદરના કોઠાને વિદ્યાધરી કહે છે.) ૮૯

वृत्तं वृत्तायताष्टास्रे अष्टपत्रे यवाकृतिः ।
स्वस्तिकं पुरुषाकारं दुर्गमित्यादि सौख्यदम ॥९०॥

દુર્ગ કિલ્લા, ગોળ, લંબગોળ, અષ્ટાસ, અષ્ટપત્ર, પુષ્પાકૃતિ અને યવના આકારના સ્વસ્તિકાકાર પુરૂષાકાર દુર્ગો હોય તો તે સુખને આપનારા જાણવા. ૯૦

त्रिकोणं रसकोणं च एकाद्विशकठाकृतिः ।
वज्र त्रिशूलं वैकर्णं पुराणि सप्त वर्जयेत् ॥९१॥

જે નગરને કિલ્લો ૧ ત્રિકોણ, ૨ છહાસનો ૩ ષટ્કોણ ૪ એક કે બે જોડીયા ગાડાના આકારવાળો ૫ વજ્રના આકારનો ૬ ત્રિશૂલાકાર કે ૭ વિકર્ણ એ સાત આકૃતિના કોટ વાળાં નગર તજી દેવાં વિકર્ણ એટલે સામસામા ખૂણા જોડનારી રેખા એટલે ચોકડી પાડનારો આકાર હોય તેવો દુર્ગ ૯૧

शोभितं नगरं कार्यं हट्टप्राकारगोपुरैः ।
प्रासादनगरोद्यान कीर्तिस्तंभ जलाश्रयैः ॥९२॥

જે નગર હાટ દુકાનોથી કિલ્લાથી અને તેના દરવાજા ગોપુર, પોળો, દેવમંદિરો, રાજપ્રાસાદો, ઉદ્યાન, બગિચા, કીર્તિસ્તંભ અને જળાસયો વાવ, કુવા, તળાવોથી શોભતું

"Aho Shrutgyanam"

હોય તે શ્રેષ્ઠ જાણવું. એક બે કે ત્રણ માળના કીર્તિસ્તંભ ચતુર્મુખ ગવાક્ષોથી શોભતું નગ શ્રેષ્ઠ જાણવું, ૯૨


ध्रुवादि ग्रहो—अथ प्रस्तार

गुरोरधोलघुर्न्यसे त्पूर्वशेषयथोपरि ।
गुरुभिः पूरयेत्पश्चाद्यावेत्सर्वलघुर्भवेत् ॥९३॥

[૨૧]પ્રથમ ચાર ગુરૂ પછી બીજામાં પહેલા ગુરૂ તળે લઘુ. બાકી આગળ હોય તેમ ગુ મુકવા. જ્યાં સુધી સર્વ લઘુ આવે ત્યાં સુધી. કરતા જવું. ૯૩

---

(૨૧) ૧–ધ્રુવ–ऽ ऽ ऽ ऽ–પ્રથમ રુપમાં ચાર ગુરૂનાં ચિન્હોના મુકવાં
૨–ધાન્ય–। ऽ ऽ ऽ–બીજા રૂપમાં અદ્ય ગુરૂ નીચે લઘુનું ચિહ્ન મૂકી પછી ત્રણ ગુરૂ મૂકવા
૩–જય–ऽ । ऽ ऽ–ત્રીજા રૂપમાં આદ્ય ગુરૂ પછી લઘુ અને છેલ્લા બે ગુરૂ
૪–નંદ–। । ऽ ऽ–ચોથા રૂપમાં પ્રથમ બે લઘુ પછી બે ગુરૂ.
૫–ખટ–ऽ ऽ । ऽ–પાચમા રૂપમાં બે ગુરૂ પછી એક લઘુ પછી ગુરૂ.
૬–કાન્ત–। ऽ । ऽ–છઠ્ઠા રૂપમાં પ્રથમ લઘુ પછી ગુરૂ, પછી લઘુ છેલ્લે ગુરુ.
૭–મનોરમ–ऽ । । ऽ–સાતમા રૂપમાં પ્રથમ ગુરૂ પછી બે લઘુ છેલ્લે ગુરૂ.




"Aho Shrutgyanam"

૮–સુવકય–। । । ऽ–આઠમા રૂપમાં પ્રથમ ત્રણ લઘુ ૩ પછી છેલ્લે ગુરૂ.
૯–દુર્મુખ–ऽ ऽ ऽ ।–નવમા રૂપમાં ત્રણ ગુરૂ પછી છેલ્લે લઘુ.
૧૦–ક્રૂર–। ऽ ऽ ।–દશમા રૂપમાં પ્રથમ લઘુ પછી બે ગુરૂ ને છેલ્લે લઘુ.
૧૧–વિપક્ષ–ऽ । ऽ ।–અગ્યારમા રૂપમાં પ્રથમ ગુરૂ પછી લઘુ પછી ગુરુને છેલ્લે લઘુ
૧૨–ધનદ–। । ऽ ।–બારમા રૂપમાં પ્રથમ બે લઘુ પછી ગુરૂને છેલ્લે લઘુ.
૧૩–ક્ષય–ऽ ऽ । ।–તેરમા રૂપમાં બે ગુરૂ પછી બે લઘુ
૧૪–આક્રંદ–। ऽ । ।–ચૌદમા રૂપમાં પ્રથમ લઘુ પછી ગુરૂ અને છેલ્લા બે લઘુ
૧૫–વિપુલ–ऽ । । ।–પંદરમા રૂપમાં પ્રથમ ગુરૂ પછી ત્રણ લઘુ
૧૬–વિજય–। । । ।–સોળમા રૂપમાં ચારે લઘું **इतिप्रस्तार निरुपण**

૨૧ પ્રસ્તાર ઉત્પન્ન કરવાની રીત–દર પંક્તિનાં આદ્ય ગુરૂ નીચે લઘુ મૂકવો. તો પછી આગળ જેવું રૂપ હોય તેમ કરવું. અને પછી લઘુ નીચે માર્ગ વધે ત્યાં ગુરૂનું ચિહ્ન મૂકવું. એ રીતે જતાં આદ્યગુરૂ નીચે લઘુ આવે અને આગલા લઘુ નીચે ગુરૂ મૂકી ઉપરની પંક્તિનાં બીજા રૂપો હોય તેવાં કરતા જવું. છેલ્લે બધા વઘુ આવે ત્યાં સુધી કરવું. આમ સોળ પ્રસ્તાર થાય છે. ऽ આ ગુરૂંનું ચિહ્ન છે અને । આ લઘુનું ચિહ્ન છે.

**ઉદ્દિષ્ટ**–ચાર ગુરુના પૂરા કહેલા પ્રસ્તારમાં કયું કેટલામું રૂપ થાય તે જાણવાની રીત. ઉદ્દિષ્ટ–ગુરૂ લઘુના ચાર રૂપો પર ૧, ૨, ૪, ૮ એમ એક એકથી બમણા અંકો મૂકવા તેમાં જેટલા લઘુ હોય તેના પરના અંકોનો સરવાળો કરી એક ઉમેરવાથી તેટલા ચું રૂપ જાણવું.

૧ ૨ ૪ ૮
।. ऽ. ।. ।. આમાં ત્રણ લઘુના. ૧–૪ને આઠ મળીને તેરનો અંક આવે તેમાં એક ઉમેરવાથી ચૌદ થાય તે તેટલામું ચૌદમું રૂપ સમજવું.

૧ ૨ ૪ ૮
બીજુ દષ્ટાંત ऽ ऽ ऽ । આમાં ફક્ત એક જ લઘુ છે તે પરનો અંક આઠ છે તેમાં એક ઉમેરતા નવ થાય તેથી તે નવમું રૂપ સમજવું.

ગુરૂ પરના અંકો ન ગણતાં લઘુ પરના અંકો ગણીને તેમાં એક ઉમેરવા.

**નષ્ટરીતિ**–ચાર પ્રસ્તારમાં અમુક સંખ્યાનું રૂપ કેવું હશે ? તે જાણવતી રીતને નષ્ટરીતિ કહી છે પ્રશ્નમાં જણાવેલ એક=સમ અથવા બેકી અને વિષમ=એકી તે જોવું. સમ હોય તો આદ્ય લઘુ મકવો, અને વિષમ હોવાનો આદ્ય ગુરૂનું ચિહ્ન મૂકવું. તે પછી તેનું અરધું કરતાં સમ હોય તો ગુરૂ અને વિષમ હોય તો તેનું અર્ધ–જો સમ એકમાં ન થાય તો એક ઉમેરીને અર્ધ કરવું જેમ કે દશમું રૂપ કેવું હોય ? તો દશ સમ છે. માટે લઘુનું ચિહ્ન કરવું. દશનું અર્ધ પાંચ થાય ને વિષમ છે. તેથી પ્રથમના લઘુ આગળ ગુરૂનું ચિહ્ન ન મુકવું. । ऽ હવે પાંચનું અર્ધ થતું નથી. તેથી એક ઉમેરતા ૬ થાય તેનું અર્ધ ત્રણ થાય તે વિષમ છે તેથી ગુરૂનું ચિહ્ન મુકવું ऽ ऽ તે પછી બાકી રહેલા ત્રણનું અર્ધ થતું નથી તેથી એક ઉમેરતાં ચાર થાય તેનું અર્ધ બે સમ છે તેથી લઘુ મુકવો । ऽ ऽ । એમ દશમું રૂપ થયું.

એ રીતે સમ અંકે અરધું કરવું અને વિષમ અંક આવે તો તેનું અર્ધ કરતાં એક ઉમેરી તેનું અર્ધ કરતા જવું તે જેટલા ગુરૂ હોય તેટલા ચિહ્નો આવે ત્યાં સુધી વિષમનો સમ એક કરી અર્ધ કરતાં જવું જ્યારે ચાર ગુરૂના પ્રસ્તારનું રૂપ કહ્યું હોય તેટલા ચિહ્નો પુરાં કરવાં.

આ રીત પિંગલની છે, તેજ રીતિ ઘરના છંદના રૂપને લાગુ થાય કાવ્ય સંગીત અને શિલ્પમાં ગુરૂ લઘુ આવે.

"Aho Shrutgyanam"

गुरूणामिति वेदानां प्रस्तारे षोडशालयाः ।
भवंति मुखतोऽलिंदे लघुस्थाने प्रदक्षिणे ॥९४॥

પહેલા ચાર પ્રસ્તાર ગુરૂના રૂપથી સોળ રૂપ સુધી ધ્રુવાદિ ઘરનાં રૂપ જાણવાં તે રૂપમાં લઘુ ગુરૂ આવે, જ્યાં લઘુનું ચિહ્ન હોય ત્યાં અલિંદ પરસાળ જાણવી ગુરૂના સ્થાને શાળા ઓરડો (મુખ્ય) ઘર સમજવું. એ રીતે સૃષ્ટિ માર્ગ જાણવું. ૯૪

ध्रुवं धान्यं जयं नंद खरं कान्तं मनोरमम् ।
सुमुखं दुर्मुखं क्रूरं सुपक्षं धनदं-क्षयम् ॥९५॥

ચાર પ્રસ્તારના ગુરૂ લઘુ પરથી સોળ ગૃહો ઉપજે તેમના નામો ૧ ધ્રુવ, ૨ ધાન્ય, ૩ જય, ૪ નંદ, ૫ ખર, ૬ કાન્ત, ૭ મનોરમ, ૮ સુમુખ (સુવક્ત્ર), ૯ દુર્મુખ, ૧૦ ક્રૂર, ૧૧ સુપક્ષ (વિપક્ષ), ૧૨ ધનદ, ૧૩ ક્ષય, ૧૪ આક્રંદ, ૧૫ વિપુલ, ૧૬ વિજય. એમ સોળ ઘરો ઉપજે, તેમાં ૫ ખર. ૯ દુર્મુખ, ૧૦ ક્રૂર, ૧૩ ક્ષય, ૧૪ આક્રંદ, એ પાંચ ગૃહોના નામ પ્રમાણે ગુણ જાણવા. તેથી તે તજી દેવા. ૯૫

आक्रंदं विपुलं विजयं यथानाम स्तथागुणाः ।
धान्यांद्ये कांन्तरेऽष्टौ च मुखालिंदयुतानि च ॥९६॥
तदा रम्यं श्रीधरं च मुदितं वर्धमानकम् ।
करालं च सुनाभं च ध्वांक्षं समृद्धिमित्यपि ॥९७॥

इति रम्यादिगृहलक्षणम्

ધ્રુવાદિમાંથી ધાન્યાદિ એક એકને અંતરે આઠ ઘરો લઈને તે પ્રત્યેકના મુખ આગળ એક એક અલિંદ (પરસાળ) વધારવાથી રમ્યાદિ આઠ ગૃહો ઉપજે છે. રમ્ય, શ્રીધર, મુદિત, વર્ધમાન, કરાલ, સુનાભ, ધ્વાંક્ષ અને સમૃદ્ધ એ રીતે આઠ રમ્યાદિ ઘરોનાં નામ જાણવાં. ૯૬-૯૭

सुंदरादि १६ गृहो

ध्रुवादि मध्ये षट्दारु षोऽशैत्रपुनर्गृहाः ।
सुंदरः वरदं भद्रं प्रमुखं विमुखं शिवम् ॥९८॥
रार्धलाभं विशालं च त्रिलक्षऽमशुभं ध्वजं ।
उद्योतं भीषणं शून्य मजितं कुलनंदनम् ॥९९॥

"Aho Shrutgyanam"

[22]ધ્રુવાદિ સોળ ગૃહોની અંદર ષટ્દારૂ [23](ભીંતડામાં સામસામા [24] બે બે સ્તંભો પર બે પાટડી મુકાય તે છ કાષ્ટ) કરીએ તો ફરી સોળ ગૃહો ઉપજે. ૯૮–૯૯

૧ સુંદર, ૨ વરદ, ૩ ભક, ૪ પ્રમુખ, ૫ વિછુખ, ૬ શિવ ૭ સર્વલાભ ૮ વિશાલ ૯ વિલક્ષ ૧૦ અશુભ ૧૧ ધ્વજ ૧૨ ઉદ્યોત (ઉદિત) ૧૩ ભિષણ ૧૪ શૂન્ય (સૌમ્ય) ૧૫ ખસ્રિત ૧૬ કુલનંદન

हंसादि १६ गृहो

**पूर्वालिंदेषु सर्वेषु कुर्यात् षटदारुकं पुनः ।**
**हंसं सुलक्षणं सौम्यं हयं भावुकमुत्तमम् ॥१००॥**
**तस्मादुत्तमरोचिरे सततं क्षेमं तथा क्षेपके ।**
**चोद्धृतं वृषमुच्छितं च व्ययमानंदं सुनंदं क्रमात् ॥१०१॥**

આગળ ધ્રુવાદિ સોળ ગૃહો કહ્યાં છે તેમાં જ્યાં અલિંદ કહેલ છે ત્યાં બે અલિંદ અને અલિંદોગી શાલામાં બે (પરશાળને મુખ્ય ઓરડાને) પાટડા નાખવાથી તે ધ્રુવાધિના રૂપોના સ્થાને હંસાદિ સોળ ગૃહો થાય. ૧ હંસ, ૨ સુલક્ષા, ૩ સૌમ્ય, ૪ હય, ૫ ભાવુક, ૬ ઉત્તમ, ૭ રૂચિર, ૮ સતત, ૯ ક્ષેત્ર, ૧૦ ક્ષેપક, ૧૧ ઉદ્ધૃત, ૧૨ વૃષભ, ૧૩ ઉચ્છિત, ૧૪ વ્યય, ૧૫ આનંદ, ૧૬ સુનંદન, ૧૦૦

અનુવાદ અર્થ ઉપર આપેલ છે.

अलंकारादि १६ गृहो

**अग्निरक्षोऽनिलेशान नवांशा भुवनस्य च ।**
**कर्णे शाला लघुस्थाने भेदाः पंचदशैवहि ॥१०२॥**

[25]ધ્રુવાદિ ગૃહોમાં અપવર્ક (ઓરડી કોટડી) આવે તે અલંકારકાદિ સોળ ગૃહો થાય લઘુ ગુરૂ પ્રસ્તારમાં જ્યાં જ્યાં અલિંદ લઘુ યોગે ઉપજતા બીજા રૂપોથી અગ્નિ કોણથી

---

૨૨ રાજવલ્લભમાં શૂન્યને સ્થાને સૌમ્ય કહેલ છે.

૨૩ **षट्दारू** એટલે ઘરના બે ફરામાં અરધીયાં બબ્બે સ્તંભ ઉભા કરી તે સ્તંભો પર બે પાટ મુકે તે ષટ્દારૂ એમ છ કાષ્ટ તે ષટ્દારૂ

૨૪ ઘરનું મુખ ગોવાળ જે દિશામાં હોય તે પૂર્વ દિશા. સામાન્ય લોકોના ઘરમાં આથમણો એક કરો દક્ષિણે બીજો ઉત્તરે અને પછી ન પૃષ્ઠ પશ્ચિમ એમ સૃષ્ટિ માર્ગે પ્રસ્તારમાં લઘુ આવે તે રીતે ઘરને અલિંદ પ્રસ્તાર આવે એ રીતે અનુક્રમે સોળ ગૃહોનાં રૂપે જાણવાં.

૨૫ (૧) ધ્રુવાદિને અપવર્ક ઘરની ડાબી તરફ કરવાથી અલંકૃતાદિ સોળ ગૃહો ઉપજે ૧ અલંકૃત ૨ અલંકાર ૩ રમણ ૪ પૂર્ણ ૫ ઇશ્વર ૬ પુણ્ય ૭ સુગર્ભ ૮ કપીશ ૯ દુર્ગત ૧૦ રિક્ત ૧૧ ધ્વસ્ત ૧૨ ભદ્રક ૧૩ વંચિત ૧૪ દીન ૧૫ વિભવ ૧૬ કામદ એ રીતે સોળ ગૃહો થાય.

(૨) ઉપરના સર્વ અપવક વિશે પટદારૂ નાખવાથી સોળ ગૃહો ઉપજે.

૬

"Aho Shrutgyanam"

અનુક્રમે લઘુ ગણીયે, પૂર્વે લઘુ. અગ્નિએ, દક્ષિણે નૈઋત્યે, પશ્ચિમે, વાયવ્યે, ઉત્તરે ઈ જ્યાં લઘુ ત્યાં કર્ણ શાલા ઉપજે તે સોળ માંહિ પૂર્વના રૂપની શાલાનું રૂપના બીજા રૂ લઈ તે વિગતે ઇશ્વરાદિ પંદર ગૃહો ઉપજે

જે ઘરોને અપવર્ક કરવા કહ્યું હોય તે બુદ્ધિમાન શીલ્પીયે ઘરની ઓરડી ડાબી કરવાનું કહ્યું છે

इति अलंकारादि गृहपंचदश

अथ द्विशालगृहाणि

द्विशालं केवलं युग्म मग्रपट्टदारुमध्यतः ।
एकालिंदे न विमलं वीर्यवन्तं द्वयलिंदकम् ॥१०३॥

[२६]દ્વિશાલ ગૃહ કેવળ બે શાલનું કહ્યું છે. તેનું યુગ્મ નામ જાણવું. તેમાં પટ્ટદારૂ એક અલિંદ આગળ કરેતો તેનું નામ વિમલ. અને બે અલિંદ કરેતો **વિર્યવાન** જાણવું. ૧૦૩

भासुरं मुखं युग्ममद्यं प्रदक्षिणकेन संयुतम् ।
समग्रं दक्षिणश्चैकं दुन्दुभिर्गृहमुत्तमम् ॥१०४॥

મુખે અલિંદ બેઉ હોય અને દક્ષિણે ૧ અલિંદ હોય તો તેનું નામ **ભા** જાણવું. જો આગળ અલિંદ ત્રણ હોય અને દક્ષિણે એક અલિંદ હોય તો તેનું **દુંન્દુભિ** જાણવું. ૧૦૪

वामे दक्षिण एकैकं नरदं मुख तो द्वयम् ।
सुतेजोऽलिंद संयुक्तं हयजं मंडपाधिकम् ॥१०५॥

જેને ડાબી અને જમણી દિશાએ એકેક અલિંદ હોય અને મુખે અલિંદ બે

---

૧ પ્રભાવ ૨ ભાવિત ૩ રૂકમ ૪ તિલક ૫ ક્રિડિન ૬ સૌખ્ય ૭ મનોરમ ૮ યશોદ ૯ ૧૦ ભાસુર ૧૧ ભૂપણ ૧૨ વસુધર ૧૩ ધાન્યનાથ ૧૪ કપિત ૧૫ વિતવૃદ્ધિ ૧૬ કુલસમૃદ્ધ.

(૩) અપર્વક સાથે પટદારૂ સહિત જે પ્રભાવાદિ ઘરો કહ્યાં છે તે ઘરોના મુખ આગળ એક અલિંદ વધારવામાં આવે તો તે ચૂડામણિ આદિ ૧૬ ઘરો ઉપજે ૧ ચૂડામણિ ૨ પ્રભદ્ર ૩ ૪ શેખર ૫ ઉચ્છ્રિત ૬ વિશાળ ૭ ભૂતિત ૮ હૃષ્ટ ૯ વિરોધ ૧૦ કાલપાય ૧૧ નિરાચય ૧૨ સુ ૧૩ રૌદ્ર ૧૪ મેઘ ૧૫ મનોમવ ૧૬ સુભદ્ર એ રીતે ધ્રુવાદિ લઈ એક શાલાના ૧૦૪ એકસોને ગૃહો ઉપજે છે.

(૨૬) વિશાલ ગૃહ એટલે બે ઓરડાવાળાં ગૃહોની જુદી જુદી રચના. દ્વિશાલ ગૃહ કરવાની એવી છે કે બે ભૂમિના ૩×૩ એમ આડા ઊભા નવ પદ પાડવાં એ નવ પદના મધ્યેનું પદ મુકી બાક બે પદોની બે શાલા કરવી. તથા બાકીની ભૂમી ખુલ્લી રાખવી. આ પ્રમાણે ચાર દીવાલોમાં પ્રકારની શાળા થાય.

"Aho Shrutgyanam"

तेनुं नाम **नरद** जाणवुं. आगळ त्रण **अलिंद** होय अने डाबी जमणी दिशाए **एक** एक अलिंद होय तो तेनुं नाम **सुतेज** जाणवुं. १०५

**दक्षिणे पश्चिमे चैको मुखे युग्मं च बालकम् ।**
**विलासं वामतोऽलिंदे महंतं पूर्वतोऽधिके ॥१०६॥**

દક્ષિણે અને પશ્ચિમે એકેક અલિંદ કરીયે અને મુખે આગલી દિશાએ અલિંદ બે કરીએ તેનું નામ **બાળક** જાણવું વળી પૂર્વ અને ડાબી દિશાએ એક અલિંદ કરે તો તેનું રૂપ **વિલાસ** જાણવું. વિલાસ ગૃહ આગળ અલિંદ કરેતો **મહત** નામ જાણવુ. ૧૦૬

**दक्षिणे पश्चिमे वामेऽलिंद एके सौमुखे द्वयम् ।**
**द्रव्यमंडपसंयुक्तं द्विशालानि यथाक्रमम् ॥१०७॥**

દક્ષિણે પશ્ચિમે અને ઉત્તરે એકેક અલિંદ હોય અને બે અલિંદ મુખ ભાગે હોય તેમજ તેનાથી આગળ એક મંડપ હોય તો દ્રવ્ય નામ જાણવું. આમ અનુક્રમે દ્વિશાલ ઘરો જાણવાં. ૧૦૭

**पूर्वोत्तरस्यां शालायां लांगुलं सौख्यकारकम् ।**
**लांगुल त्रितयाग्रं च चुल्हि युग्मं भयावहम् ॥१०८॥**

[૨૭]પૂર્વ અને ઉત્તર જેનું મુખનું ગૃહ હોય અને તેના ખુણા નાંસક અગ્ર સલગ્ન (મેળેલાં) હોય તે ઉત્તમ લાંગુલ ગણાય અને તેને સુખ કારક જાણવું. ૧૦૮

ત્રિરૂપ ત્રિકોણ રૂપ લાંગુલ મળે તેમ ન કરવું. અને ચુલ્હી યુગ્મ એટલે પૂર્વાપર **દ્વિ**શાલ ગૃહ પૂર્વાભિમુખે હોય કે પશ્ચિમાભિમુખે હોય તે ચુલ્હીયુગ્મ કહેવાય. તે ભય ઉપજાવે, અશુભ જાણવું.

इति द्विशालगृह द्वादशरूपाणि

(૨૭) **રાજવલ્લભના** છઠ્ઠા અધ્યાયમાં **શાન્તાદિ** દ્વિશાલ એવા અનુક્રમે સોળ ઘર વળી હસ્તિનાદિ **શાલાના** ભેદે કરી તેવાં ગૃહોનાં એકેક રૂપ **માં** ચચ્ચાર નામો થાય તે સર્વેને એકત્ર કરતાં ચોસઠ નામો જાણવાં. દ્વિશાલગૃહની ડાબી જમણી તરફ એકેક અલિંદ હોય અને મુખે આગળ: **ત્રણ** અલિંદ હોય તો તે **સૂર્ય** નામનું ગૃહ જાણવું સૂર્યરૂપ દ્વિશાલગૃહના મુખ આગળ ચાર આલિંદ હોય અને ડાબી જમણી તરફ એકેક આલિંદ હોય તો તે **વાસવ** ગૃહ જાણવું.

દ્વિશાલ ગૃહના મુખ આગળ ત્રણ અલિંદ અને ડાબી જમણી તરફ અને પાછળ એક અલિંદ હોય તો તેનું **પ્રાસાદ**ના નામ જાણવું.

**મુખ** આગળ ચાર અલિંદ હોય તો તેનું **વિમલ** નામ જાણવું.

**વિમલ** ના મુખે આગળ એક મંડપ વધારે હોયતો **વિર્યમાન** નામ જાણવું. દ્વિ શાલના મુખ આગળનો બે અલિંદ હોય તેમ જમણી તરફ એક અલિંદ હોમ અને મધ્યે પરદાર હોય તે **ભાસુર.** દ્વિ શાલગૃહ આગળ એક **અલિંદ** હોય અને તેનાથી નીકળતો મંડપ હોય અને જમણી તરફ એક **આલિંદ** હોયતો તે દુંદુભિ નામનું જાણવું. દ્વિ શાલ ગૃહના મુખ આગળ બે અલિંદ હોય **અને** તેના

अथ त्रिशालगृहाणि

**सौम्यादि द्वारभेदेन त्रिशालं लघुसंयतम् ।**
**निदर्शं त्रिदशोवासं सुरूपं कुमुदं क्रमात् ॥१०९॥**

ત્રિશાળ ગૃહો સૌમ્યાદિ ભેદે કે હસ્તિનાદિ ભેદે કરીને જાણવા. એકેક રૂપના ચાર નામ ઉપજે જેમ શાન્તનાદિક ગૃહ હસ્તિનાદિ ભેદે ચોસઠ નામો ઉપજે છે તેમ ચોસઠ થાય. ત્રિશાલ ગૃહ-શાલા એક લગી માંડીયે ત્રિશાલ કેવળ રૂપ ૧ ત્રિદશ ૨ ત્રિદશાવા સુરૂપ ૪ કુમુદ, એમ અનુક્રમે ઉપજે મધ્યે ષટ્દારૂ એકેક આવે. ૧૦૯

**(स)षट्दारुमुखे शमा वामैको दक्षिणे लघुः ।**
**वरदं–सरदं चैव दंडकं काकपक्षकम् ॥११०॥**

શાલામાં ષટ્દારૂ કરવા અને ડાબી જમણી દિશાએ એકેક અલિંદ હોય ત્યારે તેને ત્રણ આલિંદ કરીયે એટલે તેને ત્રણે દિશામાં પટ્ટશાલા થાય તેનું નામ **વરદ** જાણવું તે રૂપ ઉત્તરાભિમુખ હોય તો તેનું નામ **સારદ** કહેવું દક્ષિણાભિમુખ હોય તો **દંડક** જા અને તેજ રૂપ પશ્ચિમાભિમુખ હોય તો **કાકપક્ષ** નામ જાણવું. ૧૧૦

**विमलं श्रीनिवासं च श्रीवत्सं वीर्यवंतकम् ।**
**दुंदुभं सागराख्य स्यात् त्रिशालं क्रियते यदि ॥१११॥**
**त्रैलोक्यसुंदरं मध्ये द्विषट्दारु त्रिशालकम् ।**
**समालिंदा मुखे कार्यास्त्रयोलिंदा दिशात्रये ॥११२॥**
**त्रिशालं प्रागुदक् शालाविहिनं सूर्यकं शुभम् ।**
**दक्षिणे पश्चिमाभि र्ये द्विहीनं तद्धननाशनम् ॥११३॥**

વિમલ, શ્રીનિવાસ, શ્રીવત્સ, વીર્યવંત્ર, દુંદુભિ, સાગર, એ ત્રિશાલ ગૃહો છે. ષટ્દારૂ એ ત્રિશાલગૃહમાં કરવા એટલે તે ત્રૈયલોક્ય સુંદર ગણાય. આગળ મુખે એક અ અને ત્રણે દિશામાં ત્રણ ત્રણ અલિંદ કરવા. (ત્રિશાલ) ગૃહનો પૂર્વ અને પશ્ચિમ શાળા રા હોય તો તે ઉત્તમ તેને સૂર્ય એવી સંજ્ઞાથી જાણવું. દક્ષિણ અને પશ્ચિમે જો ઘરને અ ન હોય તો તે ધનનો નાશ કરાવે. ૧૧૧-૧૧૩

इति वास्तुसार ग्रंथ त्रिशालगृहाणि

આગળ મંડપ હોય તથા **જમણી** તરફ એક અલિંદ હોય ને તેમાંથી આગળ મંડપ હોય સુ દ્વિશાલ ગૃહના મુખે ત્રણ આલિંદ હોય ને આગળ મંડપ હોય. તથા જમણી તરફ એક અલિદને મંડપ હોયતો તેનું નામ **હયજ** જાણવું.

દ્વિ શાલ ગૃહના મુખ આગળ ત્રણ અલિંદ હોય અને બે મંડપ હોયતો તે **મહાત** દ્વિ શાલ મુખે બે અલિંદને બે મંડપ હોય અને જમણી ડાબી તરફ બે બે અલિંદ હોયતો તેનું નામ **ત્રૈલોક સુંદર** જાણવું.

"Aho Shrutgyanam"

चतुःशालगृहाणि

षट्‌शालं गुणाग्र च षट्‌दारु शोभनं गृहम् ।
मलयं मुखयुग्माख्यं वामैको दक्षिणे लघुः ॥११४॥

ષટ્‌યુક્ત ચતુઃ શાલ ગૃહને આગળ ત્રણ અલિંદ કરીએ તેનું **શોભન** નામ જાણવું અને મુખે બે અલિંદ અને ડાબી જમણી દિશાએ એક એક અલિંદ કરીએ તો તેનું નામ **મલય** જાણવું. ૧૧૪

द्विषड्‌दारु मुखे वेदाः एकैकवामदक्षिणे ।
अलिंदोऽथमुखे भद्रे तद्‌गृहं मकरध्वजम् ॥११५॥

ચતુઃ શાલમાં બે ષટ્‌દારૂ શાલામાં કરવા એને મુખે આગળ ચાર અલિંદ કરી ડાબી જમણી દિશાએ એકેક અલિંદ કરે એને મુખે ભદ્ર કરે તો તે ગૃહનું નામ **મકરધ્વજ** જાણવું. ૧૧૫

इति चतुःशागृल्ह

सौम्या स्यात् हस्तिनी शाला माहिषी पूर्वदिग्मुखा ।
दक्षिणाभिमुखा शागो छागली पश्चिमानना ॥११६॥

રાજ્યગૃહે ઉતરે હસ્તિ શાળા કરવી, પૂર્વમાં ભેસોની દક્ષીણે ગૌશાળા અને પશ્ચિમે છાગલી–બકરાની શાલા કરવી. ૧૧૬

आशामग्र गृहद्वारं दक्षिणांगे भवेद्यदि ।
इंद्रे गृहक्षते पुष्पदंते भल्लाटके तथा ॥११७॥
सुभद्रं नंदपीठं च सौरभि पुष्कर क्रमात् ।
चत्वारोऽमीगृहाः पुंसां धनपुत्र सुखावहा ॥११८॥

અપરશાલા હસ્તિની. મહિષી આદિના દ્વાર આગળ કયા પદ વિભાગ મુકવાં ? તથા ખડકી દ્વાર કયાં મૂકેવું ? ક્ષેત્રના નવ ભાગ. ૮૧ પદના કરવા. તેમાં હસ્તિ શાલામાં જમણી તરફ ઈંદ્ર દેવના સ્થાને દ્વાર મૂકવું. મહિશી શાળામાં જમણી દિશાએ ગૃહક્ષતના સ્થાને દ્વાર મુકવું. ગૌશાલા હોય તો જમણી દિશાએ પુષ્પદંતના સ્થાને દ્વાર મુકવું. અને છાગ શાળા માટે જમણી બાજુ ભલ્લાટના સ્થાને દ્વાર મૂકવું એ રીતે ચારે દિશા તથા ચાર નામ અનુક્રમે જાણવા. હસ્તિશાલાએ સુભદ્ર, મહિષીને નંદપીઠ, ગૌશાળાને સૌરભિ અને છાગલી શાળાને **પુષ્કર** એવું નામ અપાય, ચાર ગૃહો તે ઉત્તમ પૂર્ણ સુખ આપે. ૧૧૭–૧૧૮

इति भद्राणि

राजगृहम्

प्रतापवर्धनं नाम सराज्ञां पंचविंशतिः ।
तन्मध्ये षोडशस्थाने सुभद्रे शोभनाः स्मृताः ॥११९॥

"Aho Shrutgyanam"

भीत्ति च्चतुर्दशांशेन चतुःद्वारोपशोभितं ।
माडंभद्रे द्विमोभ्योर्ध्वं सार्धं पंचात्रभूमिकाः ॥१२०॥

**પ્રતાપવર્ધન** નામે રાજમહેલ પચ્ચીશ ગજનો કરવો. તેમાં મધ્યે નવ ચોકીના સ્તંભો કરવા. ફરતી આગળ ચોકી કરવી. કુલ બત્રીસ સ્તંભો ચતુર્મુખ કરવા. ભીતિ–દ ચૌદના ભાગે કરવી. ચારે દિશાએ દ્વારથી શોભાનો રાજપ્રાસાદ કરતો. આગળ ભદ્રે બે મજલા કરવા. સાડા પાંચ કે ત્રણ ભૂમિ મજલા મૂળ ગૃહ પર કરવા (ભીંત્તિની ∘ ગ્રંથાન્તરે જાડી કહે છે. ૧૧૯–૧૨૦

इति प्रतापवर्धे

लक्ष्मीविलासस्ततुल्यं भद्रे स्तंभा दश स्मृताः ।
एक भद्रे त्रिभद्राणि पट्सार्धा भूमिमिष्यते ॥१२१॥

**લક્ષ્મીવિલાસ** રાજ્યગૃસ પ્રતાપવર્ધન જેવું કરવું. અંદર સરખું પરંતુ બહાર સ્તંભો દશ વધારવા. એક ભદ્રને બદલે ત્રણ ભદ્ર કરવું સાડા છ ભૂમિ ઉદય ત્રણ કરવો. ૧૨૧

पदैस्तु पंचविंशत्या श्री विलासगृहं भवेत ।
स्तंभा षट्‌बिंशत मध्ये दशां शोभिंत्ति विस्तर ॥१२२॥

**શ્રી વિલાસ** રાજગૃહનું સ્વરૂપ કહે છે. તેને પચ્ચીશ પદ મધ્યે કરવા. તેના છ સ્તંભો કરવા. વિસ્તારની જાડાઈ દશમાં ભાગે રાનીવી. ૧૨૨

भद्रं त्रिलोक्यवत् कुर्यात् मध्यभूमि द्वयोर्ध्वतः ।
भूमियः पंचसार्द्धास्यु रथांतः कमलोद्भवः ॥१२३॥
एकाशीति पदे गर्भे मध्ये स्तंभ शत भवेत् ।
अष्टादशां भित्तिश्च चतुद्वारौपशोभितम् ॥१२४॥

બીજી ભૂમિ પર ભદ્ર ત્રૈલોક જેવું કરવું સાડા પાંચ ભૂમિ ઉચ્ચ કરવું. ભદ્ર લોદ્ભવ જેમ કરવું. એકાશી પદ મધ્યે કરતાં તેના સો સ્તંભો થાય ભીંત દિવાલ અઢારમાં ( કરી ચારે તરફ દ્વારથી શોભતો કમલોદ્ભવ પ્રાસાદ શોભતો (તેના દ્વારની બહાર વિ ચોકીવાળા કરવા) ૧૨૩-૧૨૪

सप्त सप्त तथा पंच त्रिभिर्भद्रं च धनाजतं ।
सप्तभूम्योऽर्ध्व भूमिश्च रमते कमला सदा ॥१२५॥
माढमद्धोंदयं कुर्यात कलशं ध्वजभूषितं ।
प्रासादे देवराज्ञो स्यात त्यजेत्प्रासादजगृहे ॥१२६॥

"Aho Shrutgyanam"

કનકોદ્ભવ રાજગૃહના ચાર દ્વાર આગળ સાત-સાત-તથા પાંચ પદ અને આગળ [illegible] પદના ચોકીયાળા કરવા (કુલ બાવીશપદ એકેક દ્વાર આગળ થાય)

તેની સાતમી ભૂમિ ઉપર હમેંશા લક્ષ્મી રમણ કરે છે ભૂમિ માઢના અર્ધ ઉદય આગળના ભાગમાં કરવો તે ધ્વજ કળશથી શોભતો કરવો દેવ પ્રસાદને અને રાજગૃહને ધ્વજકળશ ચડાવવા પરંતુ શ્રીમંતના ઘરે કે સામાન્ય લોકના ઘેર ધ્વજ કળશ ન ચડાવવા. ૧૨૫-૧૨૬

अथ राजसिंहासनः, छत्र, शैय्या, वाटिका, उद्यान प्रमाणः

षष्टाशीत्या द्वीसप्तत्यांगुलैरेष विस्तरः ।
षष्टि तो दशहान्या तु त्रिधा सिंहासनं भवेत ॥१२७॥
द्विसप्तमीत्यंगुलैः शत दैर्ध्यो व्यास तदर्घतः ।
त्रिर्घेक शतदंडैश्च त्रिविधा वाटिका शुभा ॥१२८॥

રાજાનું છત્ર, સાઠ આંગુલ-બહોતેર આગુલ અને એંશી આંગુલ વિસ્તારનું કરવું.... રાજાનું સિંહાસન ૬૦ આંગુલ-૫૦ આગુલ કે ચાલીશ આંગુલ એમ ત્રણ પ્રકારે કરવું.- રાજાની શૈયા પલંગ કે ૭૨ બહોંતેર આંગુલ લાંબી અને તેનું અર્ધ પહોળો કરવો. રાજ-વાટિકા-ઉદ્યાન-ત્રણસો દંડનું જેષ્ઠમાન બસો દંડ મધ્યમાન અને સો દંડ કનિષ્ટમાન એ પ્રમાણ વિસ્તારથી ઉદ્યાન ત્રણ પ્રકારે જાણવા. ૧૨૭-૧૨૮

वस्त्रमौषधसस्यार्थो दैवे वामे गृहस्य च ।
वाटिका स्त्रीगृहं वामे नृत्यशाला च दक्षिणे ॥१२९॥
अश्वस्थानं च वामांगे गजानां दक्षिणे तथा ।
गोस्थानं शयनं चापि भोजनं दक्षिणे शुभम् ॥१३०॥
पूर्वे समाजनं याम्ये बह्निकोणे महानसम् ।
शस्त्रगेहं च नैऋत्ये वधस्थानं ततो बहिः ॥१३१॥

૧૨૮રાજ્યગૃહમાં કયા કયા સ્થાને કયું કયું રાખવું? તે કહેલ છે. વસ્ત્ર ઔષધ ધાન્ય દેવ પૂજા. ઘરની ડાબી તરફ રાખવાં. વાટિકા (ઉદ્યાન) જનાનખાનું (સ્ત્રીગૃહ) પણ ડાબી તરફ રાખવા નૃત્યશાળા જમણી તરફ, અશ્વશાળા ડાબે અને ગજશાળા જમણી તરફ રાખવી ગૌશાળા શયનખંડ અને ભોજન જમણી તરફ, રાજગૃહ આગળ પૂર્વે સભાજનોનું સ્થાન અગ્નિ કોણમાં રસોડું પાણીયારૂં-શસ્ત્રાગાટ નૈઋત્ય હોલમાં રાખવું. વધસ્થાન બહારની બાજુ રાખવું ૧૨૯-૧૩૧

प्रवेश

पृष्टे क्षणे प्रवेशस्तु न कर्तव्यो गृहे क्वचित ।
आदि भू सममित्यातु न दोषो मार्गतोत्तरे ॥१३२॥

"Aho Shrutgyanam"

ઘરની પછિત પુંઠ જોઇને ઘરમાં કદી પણ પ્રવેશ ન કરવો–કદાપિ તેમ પ્રવેશ થવા પર્યાયમાં ઘરની પ્રથમ ભૂમિના ઉદયના જેટલી બીજી ભીંત ઉભી કરવાથી દોષ લાગ નથી. અથવા રાજમાર્ગ. આવતો હોય તો દોષ લાગતો નથી. ૧૪૨

वेधदोषो

न वेश्म पृष्ट भूगर्भे ग्रहा स्तंभो हीनाधिको नहि ।
स्तंभपदतुला श्रेणी मध्यमानेन कारयेत ॥१३३॥

ઘરની પાછળ ભોયરૂં ન કરવું આગળ ભૂમિ ઉર્ચી લેવી તેના સ્તંભો હીનાધિક ન કર ઘરના સ્તંભ. વદ તુલાની શ્રેણી એ સર્વ મધ્યમાનને અનુસરીને લેવાં. ૧૩૩

शालायोरंतरेभित्ति स्तंभ श्रेणी द्वयं च यत ।
तदग्र मंडपे त्याज्यं नाथं सर्वेको वहि ॥१३४॥

શાલને ગૃહશાલાની માંહેની વચલી ભીતરા પડખે સ્તંભોની શ્રેણિક આદિ બાહર પટશાલા પ્રમાણે એક સૂત્રે કરવી તેની આગળ મંડપ ન કરવા તે સર્વ એક સૂત્રમા કર

द्वौ स्तंभो मध्यतो देवौ उर्ध्वपदे युगांशके ।
उदयार्थेन कर्तव्यं छाद्यपद समं शुभं ॥१३५॥
त्यजेत किन्नर पत्राणिकुमारां किताशीर्षकं ।
क्षणमध्ये तु सर्वेषु तुला त्यक्ता न भोमनां ॥१३६॥

જોડે બે ઘર હોય ત્યાં વચ્ચે બે સ્તંભો ભીતો કરવી તેની ઉભણીથી ઉચાઇ આ ન કરવી છન્તુ પદ સર્વ સમસૂત્રે રાખવું તે શ્રેષ્ઠ જાણવું લોકોના ઘરોમાં સ્તંભો પર શરા કિનારવાળા કે પત્રાદિ નકશીવાળા ન કરવા ખંડમાં સર્વ સ્તંભ તુલા ઉંચા નીચા ન કર

भिति मध्ये गृहमानं यन्मध्ये शयनासनं ।
प्रासादे भित्ति संयुक्तं मध्य बाह्यशुभावहं ॥१३७॥

આય નક્ષત્રાદિ ગણીત ઘરની અંદર ભીતી છોડીને અંદરના ગાળે તેમજ પલંગ પણ અંદરના ભાગે દેવપ્રસાદના ભીતો સહીત બહારના માને ગણીત મેળવવું.

---

(૨૮) પ્રવેશ–उत्संजोद्दीनं बाहुश्च पूर्णबाहुस्तथा परः ।
प्रत्यकायश्चतुर्थं च निवेशः परिकीर्तितः ॥

(૨૮) ઘર, નગર, કે પ્રાસાદના ચાર પ્રકારના પ્રવેશ કહ્યા છે. સન્મુખથી પ્રવેશ થાય તે ઉત તે શુભ ડાબી તરફથી અપ સવ્ય પ્રવેશ અશુભ. આગળ અન્ય ઘરો ઓળંગીને પ્રવેશ થાય તે બાહુ એટલે સવ્ય પ્રવેશ થાય તે સૃષ્ટિ માર્ગે પ્રવેશ થાય તે પૂર્ણ બાહુ. તે શ્રેષ્ઠ પછીત જોને પ્રવેશ થાય તે પ્રત્યકાય જેષ્ઠ પ્રવેશ જાણવો

"Aho Shrutgyanam"

स्वामि हस्त प्रमाणेन क्रयात्रैण गृहसुधा ।
निशिद्धष्वामकालेषु स्वानुकुले दीने हीत ॥१३८॥

[२८]ઘર ધણીના શરીર હસ્ત પ્રમાણની ગૃહના બધા પ્રમાણો રાખવા તે શુભ જાણવું તેમ ન કરી કરેતો તે કુળના દીપ હીતમાં ન જાણવું.

शिवसूर्यागृहोगेह न कुर्याजिन पृष्ठतः ।
पार्श्वयो ब्रह्म विष्णौ च चंडया चतुर्दिशेनहि ॥१३९॥

શીવ અને સૂર્યના મંદિર સામે ઘર ન કરવું. તથા જીન દેવની પાછળ ઘર ન કરવું બ્રહ્મા અને વિષ્ણુના મંદિરની પડખે ઘર ન કરવું. તથા ચંડી દેવીની ચારે તરફ નજીકમાં ઘર ન કરવું


राजमार्गन्तरे बाद्धोन प्राकारांन्तरेपि च ।
स्तंभ पट्टादि वेधस्तु नभीत्यंन्तरे ता भवेत् ॥१४०॥

---

(૨૯) વિશ્વકર્મ પ્રકાશના બીજા અધ્યાયમાં ૪૦ના શ્લોકમાં હસ્તપ્રમાણ કહે છે

स्वामि हस्त प्रमाणेन ज्येष्ठ पत्नी करेण च ।
ज्येष्ठपुत्रकरैणापि कर्मकाराकरेण च
अनामिकान्त हस्तः स्यादूर्ध्वबाहोः शसंशकः ॥

ઘર ધણીના હસ્ત પ્રમાણ કે તેની જેષ્ઠ પતિના હાથ પ્રમાણથી કે જેષ્ઠ પુત્રના હાથે અથવા શિલ્પીના હાથેથી અનામિકા સુધીનુ હસ્ત પ્રમાણ ગણવો એ ઉપરના ઉંડાવેણ ઉભા મનુસ્યના પાંચમો ભાગ થાય. કનિષ્ઠિકા કે મધ્યમાના પ્રમાણથી ઘર બનાવવું.







"Aho Shrutgyanam"

૩•ઉપરોક્ત અને વેધ વચ્ચે રાજમાર્ગ હોય કોટ, કિલ્લો કે ભીંતીનું અંતર
તો વેધ દોષ લાગતો નથી (વળી त्यक्ता द्वीगुणा भूमि न दोषो ઘરની ઉંચાઈથી બમણ
તજીને જો વેધ હોય તો તેનો દોષ લાગતો નથી.)

(૩૦)**વેધ** દોષો શિલ્પશાસ્ત્રમાં અનેક પ્રકારના કહ્યા છે (૧) ઘરની પહોળાઈથી ઉંચું હોય
**ચુલ્લી** વેધ. (૨) **પદ** હીન ન કરવું (૩) **ઘર** અવાવરૂ રાખવાથી ભૂતપ્રેતનો વાસો થાય (૪)
દેવ મંદિરની ધ્વજાની કે વૃક્ષની બીજા કે ત્રિજા પ્રહરની છાયા પડે તો છાયા **દોષ થાય** (




जनीया बारी के कमाडना उतरंग वाड समसूत्रे राखवा (६) पाटडापीडीया उचा नीचा होय ते
वेध. (७) पाडडा के पीढीया आडा उभा पाट नीचे स्तंभ न होय ते **तुला** वेध जे घर देखाज
नये करे के भयंकर लागे वेध. (९) सामेना घरवाळा आपणा घरनी चेष्टा जोई शके तेवुं होय (१०)
सामे स्तंभ आवे ते स्तंभ वेध


(११)**मर्मवेध**—बांधा वास्तु पुरुष अंग १ शीर २ छाति ३ मस्तक ४ नाभी अने बे स्तन एम
अंगो पर स्तंभ भीत के पाट आवे ते मर्मवेध १२, **द्वारवेध** एकमा बीजानी सामसामी शाळा
बारी गळे के खुणा गळे के कुवा होय ते–१३. **स्वरवेध**. द्वार उघाडता के वासता अवाज थाय के
कस्मात थाय ते स्वरवेध १४ देवस्थानवेध घर सामे कोई मलीन देवनु थानक होय

**विश्वकर्मप्रकाश** मां अंतर स्थिति वेध सोळ प्रकारना कह्या छे तेमज दश प्रकारना बाह्य
कह्यो छे (१४+१६+१०=४० वेध) प्लीध वगरनुं घर ४१ **शंखपाल** वेध ४२ **संघात** वेध
ाया घरे घरो वच्चे एक भीत होय ते

**विश्वकर्मप्रकाश** मां वळी बीजा २१ दुषित गृहो कह्या छे (६३) ठक्कुर फेरु ए पोताना
सार ग्रंथमां सोळ प्रकारना वेध कह्या छे (७०) थरअंग पदलोप विकर्ण तलवेध=घरनी भूमिना
नीचा होय घरनुं तळीयु नीचु होय अने शाला (परशाल) नुं तळीयु उचु होय ने तलवेध.
रंगना पेटामां भाटवट सामेल कर्यो होय द्वारना उत्तरंगनीचु होय ते ललाट वेध घरना छापराना
ां द्वारना उत्तरंगथी नीचा होय. नीचती भूमीना द्वार स्तंभ पाट पर उपरना मजले तेमज राखवु



सिंह गवाक्ष 11



गवाक्ष दशपंचक

गवाक्षस्त्रिपताकांक्षो द्विर्मुंबिरुभयोनतः ।
नंद्यावर्तश्चतुर्मुंवी रष्टलुविरुप्रियानतः ॥१४१॥
सन्मुखो द्वादशयुक्तो च्छंदाः पंच प्रकोर्तित ।
एकबाहोनेकवक्त्र प्रियंगाः पंक्ति युग्मतः ।१४२॥
लाद्यत्रये पद्मनाभो दीपचित्रायुगान्विता ।
विचित्रः पँचमी छाद्यैः पंचभेदा च पुनर्मत ॥१४३॥
आथामतोऽधिकं सिंदा सिंहाक्षः पृथुलोऽधिकं ।
वुद्धिदश्चतुरश्रोऽसुभद्रं वुद्धिसागरः ॥१४४॥
गरुडः पक्ष संयुक्तो मुख वामे दक्षिणे ।
गवाक्षाः सुपति विहि वल्लभा दशपंचधा ॥१४५॥ इति दशपंच
छाद्य जालैलंक वेदी मत्तवारण शाभिता ।
मदला रुप सिंहश्च कर्तव्या विधिपूर्वक ॥१४६॥

---

નીચે પાટડા પર ભીત ન લેવી. ઘરના દ્વાર સાથે પાણીની ગટર હોય તે વેધ જાણવો ગામના ચ
ઘર ન કરવું ઇંટ કે પાપણના થરો ચણતરમાં એક સુત્રે કરવા. ચણતરમાં ઘરનો લોપ ન કરવે
જેમ આગળનો ભાગ પહોળો અને પાછળ સાંકડો હોય કે વાંધો હોય, તેવી જમીનમાં ઘર
ઠકકુર ફેર 'વત્થુસાર' ગ્રંથમાં લખે છે કે આગળનો ભાગ સાંકડો ને પાછળ પહોળુ હોય તે
કે હાટ શ્રેષ્ઠ કહી છે

દેખાય નહિ તેટલે દુર કે નદીના સામા કાંઠે વેધ હોય તે નડે નહિ નીચ જાતિને દોષ
નથી જીર્ણ મંદિરને ગૃહમાં ચોરામાં દોષ લાગતો નથી એવું બ્રહ્માના મુખે શ્રી વિશ્વકર્મા એ
કથન છે

તે વેધ દોષનું ફળ છઠ્ઠા વર્ષે સ્વામીનું મૃત્યુ, નવમે વર્ષે લક્ષ્મી નાશ. ચોથા વર્ષે પુ
અને આઠમે વર્ષે સર્વ નાશ થાય.

**ગર્ગતંત્ર**માં અને **બૃહદસંહિતા ને વાસ્તુકૌતુક** ગ્રંથમાં કહે છે કે મન અને ચ
કાર્યથી સંતોષ થાય તેવા કાર્ય નિર્દોષ જાણવા. વળી ગર્ગ ઋષિ કહે છે કે જે વાસ્તુ લક્ષણ હ
પરંતુ મનની રૂચી વધે તેવું સારૂ લાગે ત્યાં દોષ ન જાણવો.

શુક્રાચાર્ય કહે છે કે શાસ્ત્ર માનથી રહીત હોય તે વિદ્વાનોને રમ્ય લાગતું નથી પરંતુ કે
મત એવો હોય છે કે જ્યાં જેનું મન રૂચ્યુ હોય તેને પ્રિય લાગે તેવા (તેમાં દોષ ન માનવે


**અથ ગૃહાદ્ભૂત** (વાસ્તુરાજગ્રંથ) ઘરના દ્વાર પોતાની મેળે અકારણ ઉઘડે વસાય અવા
અકસ્માત પડે કંપાયમાન થાય—દેવાલયનુ તોરણ કે ધ્વજ ગઢ કિલ્લો અકસ્માત પડે, ભૂમિ ફાટે
શિયાળ કે સર્પના પ્રવેશ થાય કે ફળીયામાં લોહીની ધારા દેખાય તે અશુભ ફળ દાતા જાણવું

**અથ વૃક્ષાદ્ભૂતની**—વૃક્ષમાંથી રૂદન કે હાસ્યનો અવાજ આવે, શાખા ડાળ અકસ્માત પડે, બાળ
અપરિપકવ સમયે ફળ આવે, સુકલ વૃક્ષ ફરી કોળે, રૂતુ વગરના ફળ આવે, ઊભેલું વૃક્ષ અકારણ
જાય, ભૂત પ્રેતાદિનો વાસ હોય તેવા વૃક્ષો બળપૂર્વ કાપવા નહિ આ બધો દોષ અનીષ્ઠ ફળ

"Aho Shrutgyanam"

રાજભવનમાં ગવાક્ષનો વિધિ કહે છે જે ગવાક્ષને લુબી ન હોય છે ૧ ત્રિપત્રાકઃ જેને બે લુબી (પદળ) હોય ૨ ઉભય; ચાર લુમી યુક્ત ગવાક્ષને ૩ નંદ્યાવર્ત (સ્વસ્તિક) આઠ લુંબી યુક્તને ૪ પ્રિયાનઃ બાર લુંબી હોય તેનું નામ ૫ સન્મુખઃ એ રીતે ગવાક્ષોના પાંચ પ્રકાર કહ્યા છે. જે ગવાક્ષને એક છાદ્ય હોય તે ૬ સુવક્ત બે છાદ્ય હોય તે ૭ પ્રિયંગુ ગવાક્ષ, જેમ ત્રણ છદ્મ હોય તે ૮ પદ્મનાભ; ચાર છાદ્ય હોય તે ૯ દીપચિત્ર; પાંચ છાદ્ય હોય તે ૧૦ વૈચિત્ર એ રીતે છાદ્મ યુક્ત ગવાક્ષનાં પાંચ ભેદ કહ્યા. જે ગવાક્ષ લાંબા હોય તે ૧૧ સિંહ ગવાક્ષ. જે ગવાક્ષ વધારે પહોળા હોય તે ૧૨ સિંહક્ષ ગવાક્ષ, જે લંબાઈ પહોળાઇમાં સરખો હોય તે ગવાક્ષ ૧૩ બુદ્ધિદ જે ગવાક્ષ ભદ્ર યુક્ત હોય તે ૧૪ બુદ્ધિસાગર : જે ગવાક્ષ પક્ષ સહિત ડાબે જમણી જાળી હોય તે ૧૫ ગરૂડ નામે ગવાક્ષ જાણવો. એ રીતે પંદર ગવાક્ષ રાજાઓને વલ્લભ જાણવા

ગવાક્ષો ને છજાં, જાળી, વેદી, કક્ષાસન, સિંહ યુક્ત મદળોથી શોભતા એવા વિધિ પૂર્વક રાજભવનને સુશોભિત કરવો.




"Aho Shrutgyanam"

प्रवेशप्रतिष्ठामुहुर्त

सौम्यायनेरवौ कुर्यात् प्रपेश मुत्तरात्रये ।
बाहृये मैत्रे मृगे पूष्ये चित्रांत्यां धासरवेद्वये ॥१४७॥

કર્કથી છ સંક્રાતિ દક્ષિણ હોય તે અને મકરથી છ સંક્રાંતિ ઉતરાયતન જાણવી ચૈત્ર માસ છોડીને બીજા પાંચ માસમાં ગૃહ પ્રવેશ કે પ્રતિષ્ઠા કરવી ઉતરા ત્રણ, રો અનુરાધા, મૃગશીર્ષ, પુષ્પ, ચિત્રા, રેવતી, ધનિષ્ઠા શતભિષા એ નવ નક્ષત્રોમાં પ્રવેશ ક

शुकन

दुर्गादक्षिणे चेष्टा च तारामा वामनादिनी ।
प्रयाणा द्वौ शुभाशांन्त न कुर्यात्प्रवेशोन्यथा ॥१४८॥

પ્રવેશ સમયે શુકન જોવા, દુર્ગપક્ષી જમણી દિશાએ ચેષ્ટા કરે ત્યારે ઉત્તરે બોલે ત્યારે પ્રયાણ તથા ઘરનો આરંભ કે પ્રવેશ કરવો જમણે અંગે ચેષ્ટા કરે, ઉત્તરે જમણી બેઉ તરફ બોલે તે સમય શુભ જાણવો.

वामतो दक्षिणे याणि सर्व्वतो भयनाशिनी ।
दक्षिगा घातिया वामे सा वामा कुरुते भयं ॥१४९॥
श्वानस्य विंपरीतां स्या इति चेष्टा तु तादशी ।
वामा दुष्टा वमि स्वास विष्टा जं भाग धूनन ॥१५०॥

શ્વાન શ્વાનની ચેષ્ટા ધૂણે વગેરે ચેષ્ડા કુષ્ટ જાણવી

प्रथमं धुव देशो दक्षिणे चोतरे पुनः ।
शुकनो भवनादीना विनिवेशः सुखावहा ॥१५१॥

પ્રથમ ધ્રુવ નિશ્ચિ દેશ ભેદે દક્ષિણે ઉત્તરે તે શુકન ભવનાદિ=ગૃહાદિને વીશે અ ડાબો અને પ્રવેશમાં જમણો હોય તે શ્રેષ્ઠ જાણવું.

गृहद्वारे समीपे वा शून्यं ज्ञात कोशीश्वर ।
सर्व्यं करोति वागेहं कागतादि प्रवेशनं ॥१५२॥

ઘરને દ્વારે અગર પાસે કોશીક સ્વર કરે તો ગૃહ શૂન્ય રહે અથવા ઘર ઉપર કે હોલો ઘરમાં પ્રવેશ કરે તો ઘર શુન્ય રહે ઘરધણીનું મૃત્યુ થાય

भामेण क्यचि किंवित लोके प्रात निशामुखे ।
सर्वकार्यौ दिमो भावमे तत्सर्वमुपश्रुतौ ॥१५२॥

"Aho Shrutgyanam"

વાણી જોઇ રાત્રીના ચોથા પ્રહરે ઘડી...........બોલે ત્યરે........ન બોલે ત્યારે જોઈ ॥ પ્રાતઃ કાલે જોઈ જે કામ કરવાનુ હોય તે મનમાં ચીન્તવી જોઇ પછી નિશ્ચય ઘરે ઈ ગૃહ સમીપે બોલે તે સાંભળી પછી વિચાર કરવો

मुहुर्त

प्रवेश वास्तु दिक्याल कर्तव्यं गृहपूजनं ।
आचार्य शिल्पिनो पश्चात् भोजये स्वजनादिकः ॥१५३॥

ગૃહ પ્રવેશ સમયે વાસ્તુ દીગ્પાલ ગ્રહોનું પુજન કરી આચાર્ય અને શિલ્પીનુ પૂજન ત્કાર કરી સર્વને કારીગર વગેરે અને પોતાના સગાઓને જમાડવા.

प्रशस्ति

मेघपटे वरे देशे कुंभकर्ण नृपालयेः ।
क्षेत्राक्षः सूत्रधार स्वपुत्रो मंडन आत्मजन ॥१५४॥
कृतेन वास्तुदधःसारमादीयगुरुशक्तितः ।
निर्मितो वास्तुतःसारः विश्वकर्माप्रसादतः ॥१५५॥

મેધ્યા પટ (ચેવાડ) દેશમાં ચિત્રકોટ નગરે દિવાન કુંભ કર્ણનો સૂત્રધાર ખેતાત્મજ સૂત્રધાર મંડન વિરચિત વાસ્તુદધિસારમાંથી મથીને ઉદ્ધારીને વાસ્તુસાર નામ ગ્રંથ શ્રી વિશ્વકર્માના વાકયપ્રસાદથી રચ્યો

---

શ્રીમંડનસૂત્રધારે વાસ્તુશાસ્ત્રના સંક્ષિપ્ત સારરૂપ વાસ્તુસાર ગ્રંથની રચના કરી નો અનુવાદ "પદ્મશ્રી" સ્થપતિ **પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા** શિલ્પવિશારદે રી પ્રકાશિત કર્યું.

卐

"Aho Shrutgyanam"

परिशिष्ट ग्रंथपूर्ति

શ્રી વિશ્વ કર્મ પ્રકાશમાં **ખનન** વિછી સમયે "નમોસ્તુ સર્વેભ્ય" ના મંત્રને શક્તિ જપ કરવા. કરાવવો અધ્યાય ૧

૧ ગજથી ૩૨ ગજ સુધીના ગૃહોને આયાદિ મેળવવા તે ઉપરના ઘરને મે મેળવવાની ચીન્તા ન કરવી વળી જીર્ણોદ્ધારમા પણ આયાદિ ગણિતની ચીન્તા ન તેમજ દ્વીશાલ ગૃહને પણ ગણીત ન મેળવવું.

पाषाणै र्निर्मितं यत्तुतद्‌गृहमंदिरं स्मृतम् ।
पक्केष्टकं वास्तुनाम भवनं हितमुत्तमम् ॥१३॥
अनिष्टकैः सुमनंन्तुसुधारङ्कर्दमेन तु ।
मानस्यं वर्द्धितं काष्टै वैत्रश्च चन्दनं स्मृतम् ॥१४॥
वस्त्रैश्च विजयं प्रोक्तं राज्ञाशिल्पि विकल्पितम् ।
कालं मेति च विज्ञेय मष्टमं तृणजातिभिं ॥१५॥
उत्तमानि च चत्वारि गृहाणि गृहमेधिनाम ।
सौवर्ण राजसंताम्र मायसं च प्रकीर्तितम् ॥१६॥
सौवर्णान्तुकरन्नाम राजतं श्रीमवन्तथा ।
ताम्रेण सूर्यमंत्रन्तु चंडनाम तथायसम् ॥१७॥
देवदानवगंधर्व यक्षराक्षसपन्नगा ।
द्वादशैते प्रकारांस्तु गृहाणां नियता स्मृताः ।
जातुषस्त्व निलयं नाम प्रायुषं वारिबन्धकम् ॥१८॥
एवं सर्वासुजातीषु गृहाणि च चतुर्दशः ।
चत्वारश्चोतमाये च ते गृहावर्ण पूर्वकाः ॥१९॥

પત્થરનું બનાવેલ ઘરને, ૧ **મંદિરઃ** પાકી ઇંટથી બનેલ ગૃહને ૨ **ભવન.** ઇંટના ગૃહને ૩ **સુમન** ગારા માટીના ગૃહને ૪ **સુધારા** કાષ્ટથી બનાવેલ ગૃહને ૫ **માન** (વેતો) ઉત્તમ કાષ્ટથી બનાવેલ ગૃહને ૬ **ચંદન** વસ્ત્ર તંબુના ગૃહનું ૭ **વિજય** તૃણ ઘા ઝુપડાને ૮ **કાલિમા** કહે છે. સુવર્ણના ગૃહને ૯ **કરઃ** ચાંદીના ગૃહને ૧૦ **શ્રીભવ;** તાં ગૃહને ૧૧ **સૂર્યમંત્ર** અને લોહના ગૃહને ૧૩ **ચંડ** લાખથી બનેલા ગૃહને ૧૪ **અ** કહે છે અને જળબંધનન ૧૫ **પાયુષ** કહે છે

વિશ્વકર્મ પ્રકાશ અ૦ ૪ શ્લોક ૫૦ માં શિલાં પ્રમાણુ કહે છે

अथैकविंशं धन नंदा विस्तारकेव्यासमितं तदर्धम् ।
तदर्धं मानंत्यं च पिंडकास्यादूर्ध्वाधिकान्यूनतरानकार्य ।

"Aho Shrutgyanam"

શીલા. ૨૧, ૧૭, ૧૩, કે નવ આંગળની હોય તો તેનું અર્ધ વ્યામ પહોળી અને
ધનું અર્ધ જાડી શીલા કરવી

દાદર રસોડું પાણીયારૂ ખાણીએ ઘરની જમણી તરફ તીજોરી ઈશાનકોણ દેવપૂજા ડાબી
બે. દાદરના કઠેડાને કરાધાર કહે છે

ભવન કેટલું ઉંચુ કરવુ

उदयेशत हस्तान्ते मूलद्वादशभूमिका।
मध्यउच्चगृहं श्रेष्टं मग्रोच्चऽपशुभावहा ॥ इति गर्ग वास्तुशास्त्र ॥

ગર્ગાચાર્યે સો હાથ સુધી ભવન ઉચુ કરવું. કે બાર ભૂમિ (માળ) સુધી ઉચું કરવું
ાહ મિહિર અને કિરણાક્ષ તંત્રમાં પણ સો હાથ સુધી ભવન ઉચુ કરી શકાય ભવનની
ચનામાં ફરતા ખંડોમાં મધ્યનો ખંડ ઉચો કરવો પરંતુ ગૃહસ્થના ભવનને આગળ ડેલી
ાણુક કદી ઉંચું ન કરવુ તે અશુભ છે મૂળ ઘરથી માઢ ડેલી નીચી કરવી.

વિથિ, કેટલાક ભવનોને ત્રણ બાજુ ધડનીયુ હોય ત્યા તેને વિથિ કરવી એટલે ઢળતો
ડસલો કરવો. અથવા એવા સ્થળે ફરતો ઓટલો કરવાથી ઘરના પાયાની મજબુતાઇ વધે છે.
ટલાક ઘરને ફરતી છુટી જમીન રાખે છે તેને વિથિ કહે છે શહેરના રસ્તાઓથાં આડી
લીને પણ વીથી કહે છે

શયન–દક્ષિણ કે પૂર્વે મસ્તક રાખીને શયન કરવું તે શ્રેષ્ઠ જાણવું

પીઢીયા–પગથીયારી સંખ્યા કેટલી રાખવી–त्रिविभक्तं तुल्यराशि द्विशेषं नैव कारयेत्
दावृद्धिमथाप्युय विशेष एक शेषंष तदावृधिम वा प्युयान ॥

પરિમાણ મંજરી

પીઢીયા કે પગથીયાની સંખ્યા જેટલી હોય તેને ત્રણે ભાગતાં શેષ જો બે રહેતો
શુભ જાણવું પરંતુ શુન્ય અથવા એક વધે તો તે સર્વ સુખી વૃદ્ધીદાયક જાણવું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ષ ૧ વધે | બે વધે | ત્રણ વધે | ચાર વધે | પાંચ વધે | છ વધે | સાત વધે | આઠ વધે |
| તો | તો | તો | તો | તો | તો | તો | તો |
| इंद्र | यम | राज्श | इंद्र | यम | राज्य | इंद्र | यम |
| શ્રેષ્ટ | નેષ્ટ | શ્રેષ્ટ | શ્રેષ્ઠ | નેસ્ટ | શ્રેષ્ટ | શ્રેષ્ટ | નેષ્ટ |

अथ शल्व विज्ञान

जलांन्तं प्रस्तरांतं वा पुरुषान्तमथोपि च।
क्षेत्र संशोद्धये चोद्धात्य शल्य सदनमारभेत् ॥१॥
केशा कपालं मत्यास्थि भस्मलोहे च मृत्वये ।
शल्यानैकविधाः प्रोक्ता धातु काष्टस्थि संभवा ॥२॥



"Aho Shrutgyanam"

**तान्परिक्षण प्रकर्तव्यो गृहारंभो द्विजोत्तम ।**
**नवकोशे कृते भूमि भागे प्राच्यादितोलिखेत् ॥३॥**
**अ क च ट त प य शांन्क्रमाद्वर्णा निमानि च ॥विश्वकर्मप्रकाश॥**

પ્રાસાદ કે રાજભવનનો પાયો પાણી કે પથ્થર આવે ત્યાં સુધી ખોદી ભૂમિ શુદ્ધિ (અગર શુદ્ધ કુવારી ભૂમિ કઠણ આવે ત્યાં સુધી પાયો ખોદવો) અન્ય મનુષ્યોના ઘરની ભ માણુસના માથોડા નીચે શલ્ય હોય તો દોષ નથી લાગતો રાજભવન કે પ્રાસાદ નીચે રીત ભૂમિ શુદ્ધ કરવી

પ્રાસાદ કે ઘરની ભૂમિ શુદ્ધ કરીને શલ્યોદ્ધાર કરી ગૃહારંભ કરવો–વાળ–ખોપરી–ક હાડકા–ભસ્મ–રાખ–ચામડુ કોલસા લોઢું–કાષ્ટને શલ્ય કહ્યાં છે તે ભૂમિમાંથી કાઢી શલ્ય કરવો શલ્યના અનેક પ્રકાર કહ્યા છે તેમાં ધાન્ય ધાતુ કાષ્ટ–સોનું–રૂપુ દ્રવ્ય પણ હોય તો કાઢી લેવા જો કે એ પ્રકારના શલ્ય દોષકારક ગણુતા નહિ.

| નૈઋત્ય હાથહાથે શ્વાનના આંતા | | દોઢ હાથે બાળકના અસ્થિ પશ્ચિમ | | વાયવ્ય ચાર હાથ નીચે નરશલ્ય |
|---|---|---|---|---|
| | ट | त | प | |
| દક્ષિણ માથોડા પર શલ્ય | च | मध्य शल्य | य | ઉત્તર કેડ નીચે બ્રાહ્મણના શલ્ય |
| | क | अ | श | |
| અગ્નિ કેડ નીચે નર શલ્ય | | પૂર્વ દોઢ હાથે નરશલ્પ | | ઇશાન દોઢ હાથે ગૌસલ |

વાસ્તુ–ઘરનો આરંભ કરતાં પહેલા દીશામાં ઉત્તમ એવા શિલ્પીએ ભૂમિનીપ કરવી–ઘરનો ભૂમિના નવ કોઠા–ભાગ પૂર્વ દીશામા ક્રમે પાડીને તેમાં अ, क, च, ट, त य, च. એમ અક્ષરો લખવા

સ્વામિએ–કોઇ કુમારીકાના હાથમાં ફળ આપીને–ॐ ह्रीं कुष्मांडि कौमारि मम कथय कथय ह्रीं स्वाहा નો મંત્ર એક વીસ વાર ભણીને ફળ કુમારિકા ઉપરોક્ત ફળ જ્યાં તેની નીચે પ્રમાણે શલ્ય ભણવું તે કાઢીને ભૂમિ શુદ્ધ કરી ગૃહહારંભ કરવો.

પ્રશ્ન કરતાં પૂર્વે अ ખંડ–કોઠામા ફળ મુકે તો દોઢ હાથ નીચે મનુષ્યનું શલ્ય ન અગ્નિકોણુમાં क કોઠામાં કેડ નીચે મનુષ્યના હાડકા નીકળે દક્ષિણે च નીચે માથોડા નરશલ્ય નૈઋત્ય કોણ કોઠામાં શ્વાનના હાડકા નીકળે પશ્ચિમે त કોઠામાં દોઢ હાથ

"Aho Shrutgyanam"

[ગ]ાળકના હાડકા નીકળે–વાવ્યકોણમાં કોઠામાં ચાર હાથ નીચે મનુષ્યના હાડકા નીકળે, [ઉ]ત્તર દિશામાં ૫ કોઠામાં બ્રાહ્મણના હાડકા કેડ નીચે ઉંડા નીકળે ઇશાન કોણમાં ૩ કોઠામાં [દ]ોઢ હાથ નીચે ગાયના હાડકા નીકળે શલ્યની ક્રમે મધ્યના કોઠામાં છાતી જેટલે ઉંડે વાળ [ખ]ોપરી અને લોહ ભસ્મ રાખ્ય આદિ શલ્ય નીકળે તે સર્વ શલ્ય કાઢીને વાસ્તુ પૂજન [ક]રવાથી ભૂમિની સુદ્ધી કરવાથી સ્વામિ સુખ વૈભવ પ્રાપ્ત કરે

(૧૦) કીર્તિસ્તંભ. નગરની પૂર્વે ૧૦૮ હાથ ઉચો ને વિસ્તારમાં ૨૮ ભાગ કરવો [ત]ેને સાત કે નવ માળ કરવા તેમા અનેક દેવદેવીયોના સ્વરૂપો ચારે દીશામાં કરવા જનાર્દન અનંત રુદ્ર ઇંદ્ર ઉપેંદ્ર બ્રહ્મા. દશાવતાર સપ્ત માતૃકાઓ આદિત્ય સ્વરૂપો કરવા કીર્તિસ્તંભને પૂર્વે ધ્વજસ્તંભ ઉભો કરવો.

(૧૧) ભૂમિ શુદ્ધિ પછી શીલારોપણ વિધિ કરવી વર્તમાનમાં પ્રાસાદને નવ શિલાથી થાય છે જો કે પાંચ શીલાઓનું પણ ક્ષીરાવર્ણમાં કહેલ છે. વિશ્વકર્મ પ્રકાશમા પણ પાંચ શીલા અને તેમાં અંકીત કરવાના ચીન્હો સ્વસ્તીક કળશાદિ કોતરવા ૨૧–૧૭–૧૩ આગુલની શીલા તેના અર્ધા ભાગે પહોળી અને તેના અર્ધા ભાગે જાડી શીલાં કરવી, શીલા કરાવવી નીચે ત્રાંબાના કળશ નાગ કાચબો સ્થાપન કરવાનું કહ્યું છે

(૧૨) ૧ રાષ્ટ્ર ખંડ, મોટું રાજ્ય, ૨ દેશ–રાષ્ટ્રનો એક ભાગ, ૩ મંડળ દેશનો એક ભાગ.

(૧૩) સમરાંગણ સૂત્રધારમાં રાષ્ટ્ર ગ્રામ સમૃદ્ધિ ઉત્તમરાષ્ટ્ર. ૯૧૫૦ ગામો હોય, તે મધ્યમરાષ્ટ્ર ૫૩૮૪ ગામો હોય તે, કનિષ્ટરાષ્ટ્ર ૧૫૪૮ ગામો હોય તે, પ્રત્યેક રાષ્ટ્રમાં ૭–૭ નગરોનું નિર્માણ કરેવું હોય.

(૧૪) રાજા મહારાજાઓએ ગ્રામ સમૃદ્ધિ પ્રમાણ (રાજવલ્લભ મંડન સૂત્રધાર)


| | | | |
|---|---|---|---|
| ૧ ચક્રવર્ત્તિ | એક ચક્રધારી સર્વોપદિ | ૫ સામત રાજા દશ હજાર ગ્રામનોપતિ | |
| ૨ મહામાંડલિક | એકથી બે લાખ ગામોનો પતિ | ૬ સામંત પાંચ હજાર ગ્રામોનો પતિ | |
| ૩ માંડલિક | પચાસ હજાર ગ્રામનો પતિ | ૭ ચતુરાક્ષિક ચોરાશી એક હજાર ગ્રામનો પતિ | |
| ૪ મુખમાંડલિક | રાજા વીશ હજાર ગ્રામનો પતિ | ૮ અભ્ય રાજા સો ગ્રામનો પતિ | |

(૧૫) માર્ગ—પુર નગર ને આડા ઉભા–૧૭–૧૭ માર્ગો. ગ્રામને નવ માર્ગો. ખેટકને પાંચ માર્ગ કૂટને ત્રણ કર્વટને બે માર્ગોની યોજના કરવી મયમુની અને मानसारे ગ્રામના બારથી પંદર ભેદો પાડેલા છે. દંડક. સર્વતો ભદ્ર, સ્વસ્તિક, પદ્મક, આદિ તેના સ્વરૂપ અને માર્ગ ગણુના પરથી તેમા નામ કરણ પાડેલ છે भोजदेव प्रणित समरागसम સૂત્રધારમાં નગરને ૯ થી ૧૭ આડા રાજમાર્ગો યોજવા કહ્યું છે તેમાં ત્રણ પાંચ પદના અંતરે પ્રસિદ્ધ રાજમાર્ગો રાખવા શાશ્વત–સ્થાન્તર માર્ગ ૩૦ ૪૦ કે ૫૦ હાથ વિસ્તાર–પહોળા યોજવા, છેડાપર ઘંટામાર્ગ મહારથ્યા. યાનમાર્ગ રાખવાનું કહ્યું છે એ માર્ગમા સંગમસ્થાને ચત્વર ત્યાં ઉદ્યાન દેવસ્થાન કીર્તિસ્તંભ, ધ્વજસ્તંભ, દીપસ્તંભ ઉભા કરવા દેવીપુરાણમાં રાજમાર્ગ દશ ધનુષ્ય (૬૦ ફૂટ) પહોળા રાખવા.


કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કહેલા રાજમાર્ગો પણ વધુ વિસ્તીર્ણ માર્ગ રચના શુક્રાચાર્યજી

"Aho Shrutgyanam"

કહે છે. તેઓ ઉત્તમ માર્ગ ૩૦ ગજ મધ્યમ વીશ ગજ અને કનિષ્ઠ માર્ગ ૧૫ હા વિસ્તારનો કરવો.




ચાર પ્રકારની વાવો





વાવનું સેકશાન

"Aho Shrutgyanam"

દેવીપુરાણુ અને બ્રહ્માડપુરાણુમાં દેશમાર્ગ (નેશનલહાઈવે) ૬૫ હાથ પહોળા રાખવો ૫ય નગરના માર્ગ ૬૦ હાથ શાખા રથ્યા સોળ હાથ ઉપર રથ્યા અને જનપદ (ફૂટપાથ) બવાનુ કહે છે વિષ્ણુસંહિતા ૩૦. ૨૩ માં સાંકડા માર્ગનો નિષેધ કરે છે

પંન્થાન વિશુદ્ધેન સોમસૂર્યાંશ મારુત : સોમસૂર્યના કીરણો અને વાયુ પવનનો ચારથી માર્ગ શુદ્ધ રહે નગરજનોનું સ્વાસ્થય જળવાય સારૂ રહે સ્વચ્છતાવાળા




## વાવનું તલદર્શન

(૧૬) ચાર હાથથી તેર હાથના વિસ્તારના જળાશ્રય કુવાનુ કહ્યું છે ચાર હાથ વિસ્તારના કુવાને ૧ **શ્રીમુખ** પાંચ હાથનાને ૨ **વૈજય** ૬ હાથનાને ૩ **પ્રાંત** સાત દુંદુભિ આઠ હાથનાને ૫ **મનોહર** નવ હાથ વિસ્તારનાને ૬ **ચુડામણિ** દશ હાથનાને ૭ **દિગ્ભદ્ર** અગ્યાર હાથનાને ૮ **જય** બાર હાથનાને **નંદ** તેર હાથ વિસ્તારને **શંકર નામ કહેવુ ચાર હાથથી નાના કુવાને કૂઈ** કહેવી

(૧૭) જે જળાશ્રય (કૂંડ) ચોરસ હોય તેનુ નામ **ભદ્ર,** જે ભદ્ર સહિત હોય તે સુભદ્ર, જે પ્રતિભદ્ર સહીત હોય તે કૂંડને **નંદ** જે કૂંડના મધ્યમાં ભિટ્ટ હોય ને કુંડને **પરિઘ કહે** છે કુંડને પગથીઆ પછી–ઓટલા રાખવા તેને ભિટ્ટ કહે છે. પગથીયા પછી ભણુ રાખવુ તેને પરિઘ કહે છે ભિટ્ટના ઉદયમાં ગંગા આદિ નદીયોની મૂર્તિઓ કરવી તેમજ સૂર્ય, દશાવતાર, વિષ્ણુઓ–એકાદશ રૂદ્રો, દુર્ગા, ભૈરવ, માતૃકા, ગણુપતિ, અગ્નિ, દુર્વાસા નારદદીગ્યાલાદિ મૂર્તિઓના ગોખલાઓમાં આ સર્વ સ્વરૂપો કરવા તેથી કુંડ તીર્થ રૂપ બને છે આઠ હાથ=ગજથી સો ગજ સુધીના કૂંડનું પ્રમાણુ કહેલું છે. કુંડને ચાર દ્વાર ચોતરફ ઉતરવાને પગથીઆ–ભીટ્ટમાં ગોખલાઓ અને કુંડના ખુણાઓમાં ચોકીયો તથા પટ્ટશાલા કરવી

કુંડના પ્રવેશ દ્વાર પર **શ્રીધર** મંડપ કરવો તોરણ યુક્ત બે સ્તંભનો પ્રતોલ્યા **પણુ કરવી.**


(૧૮) **વાપિકા**–વાવ–એક મુખનો વાવને ત્રણ ફૂટ હોય તેને તે **નંદા** બે મુખની વાવને છ ફૂટ હોય તે **ભદ્રા :** ત્રણ મુખની વાવને નવ ફૂટ હોય **તેને જયા** અને ચાર મુખની વાવને બાર ફૂટ હોય તેને **વિજયા** વાપિકા કહેવી.


"Aho Shrutgyanam"

(૧૯) **સરોવર**–અર્ધ ચંદ્રાકાર હોય તેને અર્ધ ચંદ્ર સરોવર કહેવું. ચારે બાંધેલું હોય, તેને **મહાસર** કહેવું. ગોળ સરોવરને **વૃત** કહેવું ચતુષ્કોણ હોય તે **ચ** **કાયા** સરોવર કહેવું. જેને એક ભદ્ર હોય તેને **ભદ્ર** સરોવર કહેવુ આવા સરોવ પગથીની પંકતી પછી મોટુ રમણુ કરવું મોટું રમણુ હોય તેને **પરિઘ** જેષ્ઠ કહે સરોવરના મધ્યમાં ટેકરા ચોતરાને **બક** સ્થળ (પક્ષી માટે) કહે છે તે કરવું.


માનમાપ–એક હજાર–દંડ અથવા ધનુષ્યનું સરોવર જેષ્ઠ માનવું પાંચ સો ધનુષ **મધ્યમાન** અને અઢીસો ધનુષ્ય વિસ્તાર કનિષ્ઠમાનનુ સરોવર જાણવુ

**સરોવર ૬**




**કુંડ ૪**




**કુંડનું સેકશાન**

"Aho Shrutgyanam"

## प्राचिन ग्रंथोनुं ऋण

| | | | |
|---|---|---|---|
| ंतान | शिल्परत्नम् | ब्रह्माडपुराण | गर्गसंहिता |
| ाङ्गणसूत्रधार | शब्दकल्पद्रुम | निर्बाणकलिका | किरणाक्षतंत्र |
| तम् | कौटिल्य अर्थसार | मत्स्यपुराण | परिमाणमंजरी |
| निति | मनुष्यालयचंद्रिका | राजवल्लभ | देवीपुराण |
| संहिता | कारणलक्षसूत्र | कामीकागम | विष्णुसंहिता |
| कोश | मानसार | रत्नकोश | पतंजली |

### पद्मश्री प्रभाशंकर ओघडभाई सोमपुरा शिल्पविशारद
### द्वारा संपादीत शिल्पग्रंथो के प्रकाशन

पार्णव गुजराती अनुवाद कि. रु. ५०) ८ वेधवास्तु प्रभाकर हिन्दी गुज. रु. १२)

रार्णव गुजराती हिन्दी अनु. ,, रु. २५) ९ वास्तुकलानीधि रु. ६०)

पार्णव उतरार्ध गुजराती अनु. ,, रु. २०) आलबम ओफ इन्डीयन आर्चिटेक्चरल डीझाइनस

सादतिलक गुजराती अनु. ,, रु. १५) १० प्रतिमाकलानीधि–आलबम ओफ हिन्दु इकोनोग्राफी

स्तुसार गुजराती अनु. ,, रु. १५) ११ वास्तुनिघंटु रु. २०)

सादमंजरी हिन्दी अनु. ,, रु. ७) १२ वास्तुतिलक रु. ३०)

सादमंजरी गुजराती अनु. ,, रु. ७) १३ जीनदर्शनशिल्प रु. १०)

रतीय दुर्ग विधान गु० रु. ३५) } सोमैया पब्लिकेशन बम्बई
रतीय शिल्पसहीत हि० रु. १२५) }

ार्णव १७ जयपृच्छावास्तुशास्त्र १८ वास्तुविद्या

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"

# પુરવણી

સૂત્રધાર મંડન વિરચિત વાસ્તુસારની જે હસ્તપ્રતો મળી આવી છે, તેમાં સૌરાષ્ટ્ર
તમાંથી પ્રાપ્ત થયેલી પ્રતોમાં ૧૫૫ શ્લોકો છે. તે મુજબ લઈ આ આવૃત્તિ છાપી
ાજસ્થાનની પ્રત (જે મેવાડમાંથી મળી છે તે)માં કેટલાક વધારે શ્લોકો છે. જેમાં
ત્ ग्रन्थान्तरे શબ્દ મૂકાએલો છે, એટલે તે શ્લોકો મૂળગ્રંથના નહિ હોય એમ
છે. પણ કદાચ સૂત્રધાર મંડને જ ગ્રંથસંકલન વખતે ગ્રંથાન્તરથી વિષય સ્પષ્ટ
માટે તે શ્લોકો મૂકયા હોય તો તેમ બને પણ ખરૂં એમ માની લઈ લિપિકારે
સળંગ અનુક્રમમાં લખ્યા છે.

અહીં તે શ્લોકો જુદા તારવી કાઢી પુરવણી રૂપે આપ્યા છે. અને તેમના અનુક્રમાંક
એ એમ આપવા ઉચિત હોવા છતાં તે પ્રતકારે આપેલા નંબર જ આપ્યા છે.
તી શિલ્પકારોની પ્રતોમાંના જે શ્લોકો તે પ્રતમાં નથી તેની પણ નોંધ આપીએ
એટલે વાચકને શ્લોકાનુક્રમની સ્પષ્ટતા થશે. **–સંપાદક**

**નોંધ**–શ્લોક ૭૮ (પૃ–૨૮)ના પૂર્વાર્ધ પછી चतुःषष्टिपदे આ પદથી શ્લોક શરૂ
છે, એટલે એ ત્રણ લીટીનો શ્લોક ૭૮ બન્યો છે, એમ સમજવું.

અહીં સુધીની રાજસ્થાનની પ્રતમાં ગુજરાતની પ્રતમાંના ૭, ૯, ૧૨, ૧૫, ૨૪,
૨૯, ૩૦, ૩૫, (૩૮–૩૯ એ બે શ્લોકોની જગ્યાએ એક શ્લોકમાં પાઠાન્તરથી
આપવામાં આવ્યો છે એટલે કે ૩૯ નથી તેથી) ૩૯ અને ૬૦ આમ શ્લોક ૭૩
ી સંખ્યામાં ૧૦ ઘટવાથી તે પ્રતમાં ગુજરાતની પ્રતના શ્લોક ૭૩મો શ્લોક ૬૨ની
ાનો આવે છે.

શ્લોક ૬૩, ૬૪, ૬૫ એ ત્રણ વાસ્તુદેવતાના વધારાના શ્લોકો છે અને તે જરૂરના
ી ગુજરાતની પ્રતની ક્ષતિની પૂર્તિ કરનારા છે. જે અહીં આપ્યા છે.

ईशकोणादितो बाह्ये चरकी च विदारिका ।
पूतनापापराक्षस्यौ देयस्ताभ्यो बहिर्बलिः ॥६३॥

આ બે શ્લોકો છાપેલા પૃ–૨૪ ઉપર ૭૨ પછીના છે. તેમનું ભાષાન્તર પૃ–૨૫
આવી ગયું છે. એટલે શ્લોક નં. ૭૩નો છે તે ૭૫ સંખ્યાનો થાય છે, તેનું ભાષા-
પૃ–૨૭ ઉપર ચતુઃષષ્ટિ વાસ્તુ વાળું અપાયું છે. પછી એકાશીપદવાસ્તુ શતપદ વાસ્તુ
દિ શ્લોક ૭૬ સુધીનું ભાષાન્તર પૃ–૨૭ ઉપર છે.

हेतुकः श्रीपुरन्घश्च वैतालश्चाग्निजिह्वकः ।
कालः करालोऽग्निरित्येते भीमपूर्वादि भैरवाः ॥६४॥

"Aho Shrutgyanam"

देवताः पूज्य गंधाद्यैर्ब्रह्मा वेदपदो भवेत् ।
ब्रह्मकर्णेऽष्टौ युग्मांशा अर्धभागाश्च बाह्यगाः ॥६५॥
शेषा एकपदाः प्रोक्ताश्चतुर्विंशतिदेवताः ।
चतुःषष्टिपदे वास्तु वैकाशीतिपदेऽधुना ॥६६॥
मध्ये ब्रह्मा नवांशोऽस्ति षट्पदार्थे अर्यमादयः ।
द्विपदा मध्यकोणेऽष्टौ बाह्ये द्वात्रिंश देवताः ॥६७॥
शते ब्रह्मा कलांशोऽष्टबाह्यकोणेषु सार्धगाः ।
चतुर्भिरर्यमाद्याश्च शेषा च पूर्ववास्तुवत् ॥६८।

વાસ્તુ દેવતાઓનું ચંદનાદિ પદાર્થોથી પૂજન કરવું. ચોસઠપદ (ચતુઃષષ્ટિ પ વાસ્તુમાં બ્રહ્મા ચાર પદમાં, બ્રહ્મકર્ણના આઠ आपः, आपवत्सः, सावित्रः, सवितौः, इ इन्द्रजयः, रुद्रः, रुद्रदासः આ દેવતાઓ બે બે પદમાં, ચાર ખૂણાઓમાં રહેલા ईश, ! अंतरिक्षः, अग्निः, मृगः पितृः, रोगः, पापयक्ष्माः આઠ દેવો અર્ધા અર્ધા પદમાં અને બા पर्जन्यादि દેવતાઓ એક એક પદના છે. ૬૫–૬૬.

એકાશીપદના વાસ્તુમાં મધ્યમાં બ્રહ્મા નવપદના, અર્યમાદિ ચાર દિશાના દેવતાઓ છ, છ પદના, અંદરના ચાર ખૂણાઓના આપ આદિ આઠ દેવતાઓ બે પદના અને પરિધિમાં રહેલા બત્રીસ દેવતાઓ એક એક પદના છે.

શતપદ વાસ્તુમાં બ્રહ્મા સોળપદના બાહ્યકોણ (બહારના ખૂણા)માં રહેના દેવતાઓ દોઢ દોઢ પદના અને અર્યમાદિ અંદરના બાર દેવતાઓ ચાર ચાર પદના છે. બાકી રહેલા પહેલાં કહેલાં વાસ્તુપદોની માફક એક એક પદના થાય છે. સોપ વાસ્તુમાં બ્રહ્મા ૧૬ + બાહ્યકોણના ૮ × ૧॥=૧૨, અંદરના બાર દેવતાઓ ના ૧૨× ૪૮ અને બાકીના ૨૪ દેવતાઓના ૨૪ એટલે ૧૬ + ૧૨ + ૪૮ + ૨૪ = ૧૦૦ પદ થાય

ગુજરાતની પ્રતમાં અને રાજસ્થાનની પ્રતમાં આ રીતે પ્રકારાન્તર છે તે ધ્યાન લેવું ગુજરાતની પ્રતમાં આ શ્લોકોની અનુક્રમ સંખ્યા ૭૩–૭૪–૭૫ છે. ૭૬નું પૂર્વ પણ આ અર્થનું છે.

૭૬નું ઉત્તરાર્ધ અને ૭૭નું પૂર્વાર્ધ શ્લોક રાજસ્થાન પ્રતમાં શ્લોક ૭૨ તરીકે અને શ્લોક ૭૩.

चतुःषष्टिपदे वास्तुमर्मस्थानं परीक्षयेत् ।
भित्तिः स्तम्भं च रेखातो वर्जयेत् कीलिकादिकम् ॥

જે ગુજરાતની પ્રતના શ્લોક ૬૮ના ભાવનો જ છે.

"Aho Shrutgyanam"

देवताः पूज्य गन्धाद्यैर्दद्यात्साधारणो बलिः ।
दध्योदनाज्यं सोंकारैर्नमोन्तैर्नामभिः क्रमात् ॥६९॥

દેવતાઓનું ચંદન આદિથી પૂજન કરવું અને દેવતાના નામની આગળ ॐ અને પાછળ નમઃ પદ મૂકી ॐ ब्रह्मणे नम એમ મંત્રોથી દહીં ભાત અને ઘી ( એકત્ર કરી ) નાથી બલિ આપવો.

નોંધ—આ શ્લોક પૃ–૨૬ ઉપર શ્લોક ૭૬ ના પૂર્વાર્ધ પછી મૂકવો જોઈએ.

देवांश्च भैरवादींश्च तर्पयेत् सुरयामिषैः ।
यवैस्तैल्यघृतैर्युक्तैरष्टाविंशतिमाहुतीः ॥७०॥

દેવતાઓને તથા ભૈરવોને સુરા તથા માંસથી ( પણ ) તૃપ્ત કરવા. તેમજ નામમંત્રોથી તલ કે ઘી મેળવેલા જળથી ૨૮–૨૮ આહુતિ આપવી.

प्रत्येकं जुहूयाद् धीमान् अष्टोत्तरशतं हि वा ।
तर्पयेत् कांचनं दत्वा होमं कृत्वाभिषिंचयेत् ॥७१॥

અથવા સુજ્ઞ પુરુષે ૧૦૮ આહુતિથી આપવી. પૂજા કરી, સુવર્ણ દક્ષિણા અર્પણ કરી હોમ કરવો. પછી સોમના પ્રમાણથી ( મોટો હોમ હોય તો આહુતિ સંખ્યાના દશાંશથી ) તર્પણ કરવું. અને માર્જન કરવું તથા બ્રહ્મભોજન કરાવવું.

શ્લોક ૭૨–૭૩ ગુજરાતની પ્રતમાં

मापन विधि

करे करघ्ने तु करा अङ्गुलघ्ने करेऽङ्गुलाः ।
अङ्गुलेऽङ्गुलघ्ने च लब्धं जिनहृत् फलं भवेत् ॥७४॥

હસ્તને હસ્તથી ગુણવાથી હસ્ત આવે. હસ્તને અંગુલોથી ગુણવાથી અંગુલ આવે. અંગુલને અંગુલથી ગુણી તેમાં ૨૪ થી ભાગ આપવાથી અંગુલ આવે. અંગુલને ૨૪ થી ભાગ આપવાથી હસ્ત થાય. ૭૪

वृत्तव्यासस्त्रिगुणितः परिधिः षट्भागयुक् ।
व्यासपादे परिधिना गुणिते वृत्तजं फलम् ॥७५॥

વૃત્તના વ્યાસને ૩ થી ગુણી તેમાં વ્યાસનો છઠ્ઠો ભાગ ઉમેરવાથી પરિધિ આવે. પરિધિથી વ્યાસના ચતુર્થાંશને ગુણીયે તો વૃત્તનું ક્ષેત્રફળ થાય*. ૭૫

*આ શ્લોકથી પરિધિનું માપ સ્થૂલ આવે છે. કારણ સૂક્ષ્મ પરિધિ વ્યાસને ૩૯૨૭ થી ગુણી ૧૨૫૦ થી ભાગવાથી આવે છે. જે વ્યા×૩+વ્યા/૭ જેટલી લગભગ થાય છે. લગભગ એટલા માટે કે ૭ કરતાં કંઈક વધારે આવે છે. એટલે વ્યાસનો ૭ મો ભાગ પણ સ્થૂલ છે, તો છઠ્ઠો ભાગ તો વધારે સ્થૂલ થાય. પણ સાતમા ભાગ કરતાં ૬ ઠ્ઠો ભાગ લેવો સરલ પડે, કારણ હાથ અને અંગુલનુ પ્રમાણ ૨૪ અંગુલનો હાથ એવું છે, જેથી ભાગ સહેલાઈથી કરી શકાય તેથી છઠ્ઠો ભાગ લીધો છે.

"Aho Shrutgyanam"

गोलव्यासघनस्यार्द्धं स्वैकविंशांशयुक् फलम् ।
व्यास एकादशैर्निघ्ने पृष्ठजं शक्रहृत् फलम् ॥७६॥

ગોલના વ્યાસના ઘનના અર્ધમાં તેનો ૨૧ મો ભાગ યુક્ત કરવાથી ગોલનું ઘ
આવે છે. અથવા વ્યાસને અગિયારથી ગુણી ચૌદથી ભાગવાથી પૃષ્ઠફળ આવે છે. ।

આ પછીના શ્લોકો ૭૮ થી ૭૯ ગુજરાતની પ્રતમાં નં. ૮૧-૮૨ નાછે. જે વિકમાં ૭૮-૭૯ નંબરના હોવા જોઈએ, કારણ તેજ ૭૯-૮૦ ક્ષેપક છે. આમ સંખ્યા સમાન બને છે. અહીંથી નગર રચના શરૂ થાય છે. જે ગુજરાતની શ્લોક ૯૨ પર્યંતમાં છે. રાજસ્થાનની પ્રતમાં શ્લોક ૮૭ સુધી જ છે એટલે તેમાં અપૂર્ણ

जलाशयनिर्माणम्

गोपदेनापि तुल्येन जलाधारे कृते सति ।
षष्ठिवर्षसहस्राणि प्राप्नोति स्वर्गजं सुखम् ॥८८॥

ગાયના પગ જેવડું પણ સરોવર-જલાશય બનાવે તો સાઠ હજાર વર્ષ સુધી સ્વ
સુખ પ્રાપ્ત કરે. ૮૮

सरो नामार्द्धचन्द्राभं वृत्ताकारं महासरम् ।
चतुरस्रं तु भद्रं स्या सुभद्रं भद्रसंयुतम् ॥८९॥

---

ઉદાહરણ:—

ક્ષેત્રની લંબાઈ અને પહોળાઈનો ગુણાકાર તેનું ક્ષેત્રફળ થાય છે. તેથી ધારો કે એક ભૂમી ૨૫ હાથ ૩ આંગળ લાંબી અને ૮ હાથ ૬ આંગળ પહોળાઈ વાળી છે તો

૨૫—૩
×૮—૬

૨૦૦-૨૪
૧૫૦—૧૮
૨૦૦-૧૭૪—૧૮ થયા

આમાં ૨૦૦ એ હાથથી હાથનો ગુણાકાર હોવાથી હાથ થયા. ૨૪ અને ૧૫ આંગળનો ગુણાકાર હોવાથી આંગળ થયા. અને ૧૮ આંગળનો આંગળ સાથે ગુ પ્રતિઅંગુલ થયા.

પ્રતિઅંગુલમાં ૨૪ નો ભાગ આપવાથી આંગળ થાય અને આંગળમાં ૨૪ નો હાથ થાય. એટલે અહીં ૧૮ માં ૨૪ નો ભાગ આપતાં લબ્ધિ૦ આવે તેથી ૧૭૪ ( કંઈ ઉમેરવાનું થતું નથી ૧૭૪ માં ૨૪ ને ભાગ આપવાથી લબ્ધિ ૭ હાથ આવે આંગળ રહે છે. સાત હાથને ૨૦૦ માં ઉમેરી દેવાથી ક્ષેત્રફળ ૨૦૭ હસ્ત ૬ અંગુલ અંગુલ અથવા ૨૦૭ હાથ ૬॥। અંગુલ થયું.

"Aho Shrutgyanam"

જેનો આકાર અર્ધચંદ્ર જેવો હોય તે સરોવર કહેવાય. જે વૃત્તાકાર ( ગોળ ) હોય તે મહાસર કહેવાય. ચોરસ આકારનું સરોવર ભદ્ર કહેવાય અને એકથી જોડાએલું બીજું ભદ્ર હોય તો સુભદ્ર સરોવર ગણાય. ૮૯

नन्दा भद्रा जया वापी विजया च क्रमाच्छ्रुता ।
त्रिषण्णवार्ककूटस्थैरेकद्वित्रिचतुर्मुखैः ॥९०॥

વાપી ( વાવ ) નંદા, ભદ્રા, જયા અને વિજયા એમ ચાર પ્રકારની કહેવાય છે. જેને ત્રણ કૂટ અને એક મુખ ( પ્રવેશ દ્વારા ) હોય તે નંદા, જેને છ કૂટ ( બે કોઠા ) અને બે મુખ હોય તે ભદ્રા, જેને નવ કૂટ ( કોઠા ) અને ત્રણ મુખ હોય તે જયા અને જેને બાર કૂટ ( કોઠા ) તથા ચાર મુખ હોય તે વિજયા એમ ( સાંભળવામાં આવી છે.) કહેવાય છે. ૯૦

उद्यान निर्माणम्

वृक्षाणां रोपकः स्वर्गे वसेद्वर्षायुतत्रयम् ।
सुराणां पूजितो भोगैः प्रीणाति प्राणिनां हितैः ॥९१॥

વૃક્ષો રોપાવનાર ત્રીસ હજાર વર્ષ સુધી દેવતાઓથી પૂજાતો સ્વર્ગમાં વાસ કરે છે અને પ્રાણીઓનું હિત કરવાના કારણે ભોગો ભોગવી ખુશ રહે છે. ૯૧

पुरादिमध्यबाह्ये वा कुर्यादुद्यानमुत्तमम् ।
गृहस्य वामदक्षे वा एकद्वित्रिधनुःशते ॥९२॥

નગરના આદિ, મધ્ય અથવા બહારના ભાગમાં ઉદ્યાન ( બગીચો ) કરવું. ઘરની ડાબી બાજુએ અથવા જમણી બાજુએ ઉદ્યાન કરવું. બગીચા અને ઘરની વચ્ચે ૧૦૦, ... કે ૩૯૦ ધનુષ્ય પ્રમાણ અંતર રાખવું. ૯૨

नानाद्रुमलतोपेतं क्रीडास्थानसमैर्वृतम् ।
तोयाशयघटीयंत्रधारागृहविराजितम् ॥९३॥

અનેક પ્રકારનાં વૃક્ષો અને લતાઓથી, ક્રીડા સ્થાનોથી તેમજ બેઠકોથી, નાનાં નાનાં ઘટીયંત્ર ફૂવારા વગેરેથી યુક્ત જલાશય બનાવવાં. ૯૩

गृहप्रशंसा

गृहं स्त्रीपुत्रबन्ध्वादिनानाभोगसुखप्रदम् ।
प्राणिनां जयति पुण्यं त्रिवर्गफलसाधनम् ॥९४॥

સ્ત્રી, પુત્ર, બંધુઓ આદિ અનેક પ્રકારનાં સુખો આપનારૂં અને ધર્મ, અર્થ તથા ... ત્રણ પુરુષાર્થોની સિદ્ધિમાં સાધન રૂપ થતું ગૃહ ( ઘર ) વિજય પામો. ૯૪

"Aho Shrutgyanam"

यज्ञो देवालयो दीक्षा पूर्वैर्धर्मप्रवर्तनम् ।
शीतवाताम्बुघर्मादिदुःखघ्नं न गृहात्परम् ॥९५॥

યજ્ઞ (હોમ હવન આદિ), દેવાલય (પૂજા સ્થાન) તથા દીક્ષા (વિવાહાદિ સંસ્કાર કાર્યો) દ્વારા ધર્મમાં પ્રવૃત્તિ કરાવનાર અને ટાઢ, વાયરા, પાણી, તાપ આદિ દુઃખોનો નાશ કરનાર ગૃહથી ઉત્તમ બીજું કોઈ સાધન નથી. ૯૫

अतः श्रीविश्वकर्माद्याः प्राहुः पूर्वं गृहं बुधाः ।
वाटिभित्तिपुरान्तत्वं तन्मध्ये कारयेद् गृहम् ॥९६॥

આથી શ્રીવિશ્વકર્મા આદિ આચાર્યો (પંડિતો) પહેલાં ઘર કરવું એમ કહે છે. (સુજ્ઞ પુરુષે) વાટિકા–બગીચો, કોટ અને દરવાજાજાની અંદરના ભાગમાં આવે તેવા સ્થાને ઘર કરવું જોઈએ. ૯૬

क्षुद्राणां च चतुर्दण्डादितो दण्डदशावधिः ।
मध्यानामष्टदण्डादि द्वात्रिंशद्दण्डकावधि ॥९७॥

નાના માણસો માટે ચાર દંડથી લઈ દશ દંડ એટલે ચાર હાથનો દંઠ થાય એ માપથી ૧૬ હાથથી ૪૦ હાથ પર્યંતથી લંબાઈ પહોળાઈવિ ણું ઘર કરવું. મધ્યમ વર્ગના માણસો માટે આઠ દંડથી લઈ બત્રીશ દંડ પર્યંતનું ઘર કરવું. ૯૭

चतुस्त्रिंशदण्डाच्छ्रेष्टानां यावदशीतिदण्डकम् ।
दैर्घ्यं समं च पादं वा सार्द्धं वा द्विगुणावधिः ॥९८॥

શ્રેષ્ઠ પુરુષો (ઉપલા વર્ગના માણસો) માટે ૩૪ દંડથી લઈ ૮૦ દંડ પર્યંતનું ઘર કરવું. લંબાઈ અને પહોળાઈ માટે પહોળાઈ લંબાઇના જેટલી અથવા ચોથા ભાગની હોવી જોઈએ. પહોળાઇ કરતાં લંબાઈ દોઢી અથવા બમણી પણ રાખી શકાય. ૯૮

बाह्यभित्तौ हीदं मानं तदन्तर्भित्तितो गृहम् ।
त्रिहस्तं वेदहस्तं वा गेहे पीठं करोन्मितम् ॥९९॥

આ જે પ્રમાણ (શ્લો. ૯૬–૯૮માં) બતાવ્યું છે તે ભિંતોની બહારની બાજુનું માપ છે. ભિંતોની અંદરનું જે માપ હોય તેટલા માપનું ઘર ગણાય છે. એટલે બીજી બાબતોમાં તે માપ લેવું. ઘરની પીઠિકા (ઓટવણ–પ્લીન્થ) ચાર હાથ, ત્રણ હાથ અથવા એક હાથની રાખવી જોઇએ. ૯૯

ताम्रपात्रस्थितं धान्यं सत्कंदोषं विधातृभिः ।
शंसते स्वस्वचिह्नाद्यैर्यस्तं गर्भगृहादिषु ॥१००॥

"Aho Shrutgyanam"

ઘરના ગર્ભ ગૃહમાં તાંબાના પાત્રમાં મૂકેલું ધાન્ય ભૂમિમાં રહેલા દોષોને પોત-પોતાનાં ચિન્હો વડે જાહેર કરે છે. ૧૦૦

पूर्वस्यां स्थापितं सौम्यां ननु वा मंत्रमुच्चरन् ।
मंत्रमुच्चार्य विन्यस्य पात्रं बाह्यं सखादिभिः ॥१०१॥

આ પાત્ર પોતાના મિત્રના હાથે (અથવા મિત્ર જેવા સ્નેહીજનની હાથે) ઘરની બહારની જગ્યામાં મંત્રના ઉચ્ચાર સાથે મૂકાવવું તેમજ ગર્ભગૃહમાં, ઉત્તર અને પૂર્વ દિશામાં મંત્ર ભણતાં જાણતા મૂકવાં.

एवं गृहेषु प्रासादे न्यसेद्दुर्गे सभादिषु ।
वापी कूपतडागादौ धातुजान्यवटे न्यसेत् ॥१०२॥

આ પ્રમાણે ઘર, મહેલ, કિલ્લો, સભાગૃહ, વાવ, કુંવો, તળાવ આદિ બનાવતાં પહેલાં ભૂમિના શુભાશુભની પરીક્ષા કરવા પાત્રો મૂકવાં. પાત્રો ખાડો કરી ખાડામાં મૂકવાનાં હોય છે. ૧૦૨

मत्स्यं कुलीरं मंडूकं सर्पं वा शिशुमारकम् ।
सगर्भे सर्वसंपत्यै विगर्भे सर्वनाशकम् ॥१०३॥

ઘરની જમીન ખોદતાં તેમાંથી માછલાં, કરચલા, દેડકાં, સાપ અથવા શિશુમાર (એ નામનું જલચર પ્રાણી) વગેરે નીકળે તો તે ઘર સર્વ સંપત્તિવાળું બને છે એવું કંઈ ન નીકળે તો તે જમીન સર્વનાશ કરનારી સમજવી. ૧૦૩

सार्धहस्तात्रिहस्तान्तो न्यासो द्वारे कारयेत् ।
द्वारशोभं त्रिहस्तादि विश्वहस्तं त्रिविस्तरम् ॥१०४॥

દોઢ હાથથી લઈ ત્રણ હાથ સુધીનો દ્વારનો વ્યાસ (પહોળાઈ) રાખવો. દ્વારની ઉપરનું શોભતું (ઉત્તરંગ) ત્રણ હાથથી લઈ તેર હાથ સુધીની ઉંચાઈએ કરવું પણ તે ત્રણ હાથની લંબાઈનું કરવું. ૧૦૪

पादोनद्विघ्रान्तर्दैर्घ्यं प्रकारादन्तभूमिकम् ।
मण्डपाकृतिसंयुक्ता वर्णानां भूवने श्रुता ॥१०५॥ इति ग्रन्थान्तो

દ્વારની બાબતમાં ગ્રંથાન્તરનો મત એવો છે કે પોણા બે હાથની પહોળાઈ અંદરના ઓરડાઓના દ્વાર માટે રાખવી. ઉત્તરાર્ધનો આગળના શ્લોક સાથે સંબંધ છે. ૧૦૫

व्यास सार्धाद्द्विहस्तान्तः प्रतोल्या वर्णमन्दिरे ।
राजदुर्गैकहस्तान्त यथा दन्ता प्रविन्यसेत् ॥१०६॥

પોળના દરવાજાની બારીનો વ્યાસ દોઢથી બે હાથ સુધીનો રાખવો. રાજદુર્ગ (રાજ મહેલના કિલ્લાના મુખ્ય દરવાજાની બારીનો વ્યાસ એક હાથનો રાખવો. જેમ દાંત વચ્ચેથી જગ્યામાં સંકડાશ હોય છે, તેમ આ બારીના દરવાજાની સાંકડાશ (કઠિનાઈથી

"Aho Shrutgyanam"

અંદર પેસી શકાય તેવા ) રાખવી, જેથી દરવાન જોઈ શકે પણ બહારનો માણસ એકદમ તેમાં પ્રવેશી ન શકે. ૧૦૬

सपादसार्धपादोनद्विगुणा यथा ।
देवद्विजनृपावासे इतो ह्रस्वोऽथ वर्जयेत् ॥१०७॥

દેવગૃહ ( દેવલ )નું દ્વાર સવા હાથથી લઈ અઢી હાથ સુધીની પહોળાઇ વાળું, બ્રાહ્મણનું ઘર હોય તો તેનું દ્વાર દોઢથી ત્રણ હાથના વ્યાસવાળું અને રાજગૃહ ( મહેલ ) હોય તો તેનું દ્વાર પોણા બે હાથથી લઇ સાડા ત્રણ હાથના વ્યાસવાળું કરેવું. દ્વારનો વ્યાસ આ પ્રમાણથી ઓછો હોય તો તે તજવો. અર્થાત્ તેનાથી સાંકડાં દ્વાર ન કરવાં. ૧૦૭

प्राग्भूमिमृत्तिका कुम्भी विना शैलं नृणां गृहे ।
शैलबद्धा प्रतिकरं भूमिर्द्विर्द्वियवोन्नतम् ॥१०८॥

ઘરની આગળની ભૂમિ મૃત્તિકા ( માટી )ની હોય તો તેને ઘડાના જેવા વળાંકની ઢાળ પડતી રાખવી. પત્થર ન નાખવાના હોય તોજ તેમ રાખવી. પણ જો પત્થર જડવાના હોય તો પ્રતિ હસ્તે એક એક હાથના અંતરે બે બે જવ જેટલી ઉંચી રાખવી. ૧૦૮

वृषाजविषमध्वाज्यवीणाभरणचन्दनैः ।
हयादर्शस्वर्णताम्रपात्रैर्नित्यं समन्वितम् ॥१०९॥

ગાય, બકરીઓ, પાણી, મધ, ઘી, વીણા, આભરણ, ચંદનાદિ ઉત્તમ પદાર્થો, ઘોડા, દર્પણ, સોનું, તાંબાનાં વાસણો વગેરેથી સદા ભરપુર રહે તેવું. ૧૦૯

सदानुलिप्त संधिसु गृहमंबुसमुक्षतम् ।
कृतपुष्प चयं नित्यं सूर्यावीक्षित दीपकम् ॥११०॥

સદા સાંધાઓ પુરાએલા અને લીંપાએલા હોય, પાણીનો છંટકાવ કરેલો હોય પુષ્પો વેરાએલાં હોય અને જેમાં દિવસે દીવો કરવાની ( અંધારૂં ન રહે તેવું ) જરૂર ન પડે તેવું. ૧૧૦

नित्याग्निसलिलसूर्यादृष्टतल्पं श्रियः पदम् ।
अथ ग्रहादिरशुभानि न करोति गृहादिषु ॥१११॥

નિત્ય અગ્નિ, પાણી અને સૂર્ય જેમાં પથારી ન જોતા હોય અર્થાત્ સવારના હોમ કરવાની વેળા, નવું પાણી ભરી લાવવાની વેળા અને સૂર્યોદયની વેળા પહેલાં જે ઘરમાં બધાં ઉઠી જતાં હોય અને પથારીઓ વાળી દેવામાં આવતી હોય તેનું ઘર લક્ષ્મીનું સ્થાન બને છે.

હવે જેનાથી ગૃહાદિ ( ગોચરમાં ) ગ્રહો અશુભ રૂપ ન આપે તેવું કારણ કહે છે. ૧૧૧

"Aho Shrutgyanam"

विनाधतूर्ययामास्यं छाया प्रासादवृक्षजा ।
नष्टा गृहे वा तत्पार्श्वे भूमिं हैमीमपि त्यजेत् ॥११२॥

પહેલા અને ચોથા પ્રહરના આરંભકામ વગર જે ઘરમાં નજીકમાં આવેલા દેવળની અથવા વૃક્ષની છાયા નષ્ટ થતી હોય અર્થાત્ ઘરમાં આવી ઘરની છાયા (ઉપરનાં છાપરાને લઈ ઉત્પન્ન થતી છાયા)માં નષ્ટ થઈ જતી હોય, સમાઈ જતી હોય તેવા ઘરની ભૂમિ સોનાની હોય તો પણ તજી દેવી. ૧૧૨

मालतीदाडिमी द्राक्षा बदरी कदली निशा ।
बीजपुरमगस्तीं च चिंचेक्षुकरवीरकान् ॥११३॥
निक्षावं केतकी श्वेता गिरिकर्णीं च मन्दिरे ।
न वपेदथ रोहन्ते स्वयं तत्राशुभं भवेत् ॥११४॥

માલતી, દાડમ, દ્રાક્ષ, બોરડી, કેળ, દારૂ, હળદર, બીજોરાં. અગથીઓ આંબલી, શેરડી, કરણુ, નિક્ષાવ (?) કેવડો (ધોળો), ગરમાળો આ વૃક્ષો ઘરની અંદર (ઘરની નજીક પણ) ન વાવવાં. આ વૃક્ષો જેવાં પોતાની મેળે ઊગતાં હોય અને ફાલતાં હોય તેવી જગ્યામાં આવેલા ઘરમાં અશુભ થયા કરે છે. ૧૧૩-૧૧૪

गृहेषु चित्रवाद्यादौ रौद्राकारं विभीषणम् ।
कपोतो बाजगृध्रादीन् सिंहासनमपि त्यजेत् ॥११५॥

ઘરની અંદર ભયંકર અને બીહામણા આકારનાં ચિત્રો અથવા (જેમના ઉપર ભયંકર આકારો કોતરેલા હોય કે ચિતરેલા હોય તેવાં) વાજિંત્રો, હોલા, બાજ અને ગીધ ન હોવાં જોઈએ. સિંહાસન ઉપર આવા આકાર કોતરેલા હોય તો તે પણ તજી દેવું. અર્થાત્ આ બધાં ઘરમાં રહે તો અશુભ થયા કરે છે. ૧૧૫

गृहे न शुभदं भिन्नमाद्यभूमौ रवे करे ।
कर्णेऽथ कुक्षौ पृष्ठे वा सलग्नान्यनिकेतनम् ॥११६॥

ઘરની આગળની જમીનમાં બાર હાથની અંદર બીજાનો ભાગ હોય અથવા તેના કર્ણ માર્ગે, વચ્ચે કે પાછળના ભાગમાં બીજાનું સ્થાન (ઘર) આવતું હોય તો તે અશુભ માનવું. ૧૧૬

एकालिदं वामभागेऽधिकहीनाङ्गिकं हि वा ।
क्षणंस्ततुलास्तम्भभित्तिभूषा गवाक्षकम् ॥११७॥

એક આંગણામાં ડાબા ભાગમાં ઘરની પહોળાઈ કરતાં ઓછા કે વધારે ઓછા માપવાળું હોય તેવું તથા જેના પાટડા, થાંભલા, ભિંત, બારીઓ તથા જાળીયાં બીક લાગે તેવાં લાગતાં હોય તેવું ઘર અશુભ માનવું. ૧૧૭

तथा हिनाधिकस्तम्भं भग्नश्रेणीधरं हि वा ।
विकर्णं विषमस्तम्भं तुला निम्नं च मध्यमम् ॥११८॥

"Aho Shrutgyanam"

જેમાં નાના મોટા થાંભલા હોય, ઓળ (હાર) ભાગતું હોય તેવું, વિષમ કર્ણ-વાળું (સમચોરસ કે લંબચોરસ ન બનતું હોય તેવું) એકી સંખ્યાવાળા થાંભલાઓ-વાળું અને જેના પાટડા નમી પડયા હોય તેવું ઘર મધ્યમ જાણવું. ૧૧૮

उच्चकाद्यं हीनमध्यं हीनाभित्तिर्मूर्षोन्नतम् ।
मानहीनं मर्मविद्धं सशल्यं विस्तरेऽधिकम् ॥११९॥
बहुद्वारं चान्यवास्तु चित्रद्रव्यैर्विनिर्मितम् ।
समीपकगृहं मूलगृहादुच्चं तथाधिकम् ॥१२०॥
शिवसूर्यजिनादीनामन्तरे यद्गृहं भवेत् ।
आलिंदरहितं द्वित्रिचतुःशालं च यद्गृहम् ॥१२१॥
भित्तौ बहुललेपाद्यं समसंधिशिरोगुरू ।
अप्रतिष्ठं पादहीनं मार्गयुग्मान्तरस्थितम् ॥१२२।
अज्ञैः संतापविद्भिर्वा परद्रव्यैश्च निर्मितम् ।
त्वरितं पूर्णतां नीतं स्थपति द्वयकारितम् । १२३ ।
विनष्टवास्तुजैर्द्रव्यैः कृतमकृततत्कृतम् ।
अतृप्तवास्तुदेवे च गर्भविन्यासवर्जितम् ॥१२४॥
देवराजमोढयधूर्तचत्वारादिसमीपगम् ।
अधस्तलादर्धतले द्विक वा न शुभं गृहम् ॥१२५॥

આગળના ભાગમાં ઉંચું, વચ્ચેના ભાગમાં નીચું, નીચી ભિંતો અને ઉંચી બારી-ઓવાળું, પ્રમાણ વગરનું, મર્મવેધવાળું, શલ્યવાળું, વધારે લંબાઈવાળું, ઘણાં બારણાં-વાળું બીજાના ઘરની ચિત્રવિચિત્ર વસ્તુઓ ભેગી કરી બનાવેલું (બીજા ભાગી ગએલાં ઘરોની નાની મોટી વસ્તુઓ લાવી આડેધડ બાંધી દીધેલું). કોઈ ઘરનો ટેકો લઈને અડોઅડ બાંધેલું. મૂળ ઘરને જેમનું તેમ રહેવા દઈ તેની આગળ પાછળ ઊંચું લીધેલું તેમજ વધારેલું, શિવ, સૂર્ય અને જૈનદેવોના મંદિરોની વચ્ચે જે ઘર આવતું હોય તે ઘર, તેમજ છજા કે આંગણા વગરનું બે ત્રણ કે ચાર ઓરડાવાળું ઘર, ભીંતો ઉપર ખૂબ લીંપણ કરેલું, સમસંધિવાળું પણ આગળથી મોટું થઈ ગએલું, પાયા વગર બનાવેલું, બે રસ્તાઓ વચ્ચે આવી જતું, મૂર્ખાઓએ અથવા કલેશ કરનારાં માણસોએ બીજાનાં બાર. બારણાં ઇત્યાદિ વસ્તુઓ ઉઠાવી લાવી બનાવેલું, જલદી જલદી પુરૂં કરાવેલું, બે જુદા જુદા સ્થપતિ દ્વારા પુરૂં કરાએલું, તેમજ ભાગી ગએલાં ઘરોનાં સાધનો તૂટેલાં સાધનો વડે બનાવેલું ઘર કર્યું ન કર્યા બરાબર છે. વળી જેનું વાસ્તુ પૂજન નથી થયું તેવું, માપ રહિત, દેવમંદિર કે રાજમહેલથી ઢંકાઈ જાય તેવી રીતનું, ધૂર્ત લોકોના ચોતરાની પાસે આવતું, નીચા, અડધા કે બમણા તળીયાવાળું ઊંચાનીચું ઘર અશુભ જાણવું. ૧૧૯-૧૨૫

"Aho Shrutgyanam"

द्वौ स्तम्भौ क्षणमध्ये तु दधाद्गर्भं न पीडयेत् ।
वृद्धिर्गृहादिवास्तूनामिच्छेद्यावदंशा समुद्धृता ॥१२६॥

ઘરની વિશાળતા હોય તો દરેક પદમાં બે બે સ્તંભ મૂકવા પણ ગર્ભ દબાય તેમ ન કરવું. ગૃહ આદિ બાંધકામ માટે જેટલા ભાગનો સ્વીકાર કરેલો હોય તેટલી વૃદ્ધિવાળું તે કરાય તો ઇચ્છવા યોગ્ય છે. ૧૨૬

प्रागुत्तरे सर्वतो वा वर्द्धते नान्यतो गृहम् ।
द्विगुणं वेणी चट्टत्रिभिः क्षीरिस्तु स्याच्चतुर्गुणम् ॥१२७॥

પૂર્વમાં કે ઉત્તરમાં અથવા ચારે બાજુ ઘરની વૃદ્ધિ કરી શકાય. અસલ ઘરની ભૂમિથી બમણું ઘર બનાવ્યું હોય તો તે વેણી કહેવાય ત્રણ ગણું બનાવ્યું હોય તો તે ચટ્ટ કહેવાય અને ચાર ઘણું બનાવ્યું હોય તો તે ક્ષીરિ કહેવાય છે. ૧૨૭

प्रासादस्योदयाद्भूमि परित्यज्य च षड्गुणाम् ।
लिंगस्याष्टगुणां त्यक्त्वा गृहं कुर्यान्न दोषदम् ॥१२८॥

દેવપ્રાસાદની ઊંચાઇથી છ ગણી જગ્યા છોડી દઇને ઘર કરવામાં દોષ નથી. શિવલિંગથી એટલે શિવાલયની ઊંચાઇથી આઠ ગણી જમીન છોડી દઇ તેટલા અંતરે ઘર કરવામાં આવે તો તે દોષ કરનારૂં થતું નથી. ૧૨૮

विविधोपस्करैर्वेश्म यत्र सुविधिनिर्वर्तते ।
सूत्रधारभटैर्वैद्यैः पूर्णं दुर्गं प्रकारयेत् ॥१२९॥ इति नगराणि

વિવિધ પ્રકારનાં સાધનોથી ભરપુર ઘર બનાવવાં કે જેથી તેમાં સગવડતા પૂર્વક રહી શકાય. આવાં ઘરોમાં શિલ્પિઓ, સુભટો (સૈનિકો) તથા વૈદ્યોને વસાવવા. આવી રીતે કિલ્લો વસ્તીથી ભરેલો રહે તેવો બનાવવો. ૧૨૯

**નોંધ**–આટલા શ્લોકો ઘરના પ્રસ્તાર કરવાની રીત બતાવનારા ૯૩મા શ્લોકની પહેલાં રાજસ્થાનની પ્રતમાં વધારે છે અને તેમાં ગૃહનિર્માણની કેટલીક સારી રીતો સમજાવેલી હોવાથી તે ઉપયોગી પણ છે. આ શ્લોકો મૂળમાં ગ્રન્થાન્તરમાંથી સંગ્રહ કરી મૂકવામાં આવ્યા હોય તો આશ્ચર્ય નથી. કારણ ગુજરાતની પ્રતમાં ત્રૂટી લાગતી નથી.

શ્રી મંડન સૂત્રધાર વિરચિત વાસ્તુસાર ગ્રંથ સટીકઅનુવાદ પદ્મશ્રી સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઇ સોમપુરાએ કરેલ છે.

–સંપાદક

( સંપૂર્ણ )

"Aho Shrutgyanam"

"Aho Shrutgyanam"